અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૩ એપ્રિલ ૨૦૨૫, બુધવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, ચૈત્ર વદ ૧૦ | અંક : ૨૯૦ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

**પહલગામમાં ટ્રેકિંગ માટે આવેલા પ્રવાસીઓ પર ગોળીબાર** I માર્ચમાં હિમવર્ષા બાદ સેકડોંની સંખ્યામાં પર્યટકો જમ્મુ-કાશ્મીરની મુલાકાતે પહોંચ્યા છે

# જમ્મુ કાશ્મીરના પહલગામમાં પર્યટકો પર આતંકવાદી હુમલો, બેના મોત



## પહલગામમાં ટ્રેકિંગ માટે આવેલા પ્રવાસીઓ પર અંધાધૂંધ ગોળીબાર

આતંકવાદી હુમલામાં ચાર પ્રવાસીઓ ઈજાગ્રસ્ત હોવાની પ્રાથમિક માહિતી પ્રાપ્ત થઈ રહી છે. ઈજાગ્રસ્તોની સંખ્યા વધવાની આશંકા છે. માર્ચમાં હિમવર્ષા બાદ સેકડોંની સંખ્યામાં પર્યટકો જમ્મુ-કાશ્મીરની મુલાકાતે પહોંચ્યા છે. એવામાં પહલગામમાં ટ્રેકિંગ માટે આવેલા પ્રવાસીઓ પર અંધાધૂંધ ગોળીબાર કરવામાં આવ્યો છે. સૂત્રો અનુસાર પર્યટકો રાજસ્થાનથી કાશ્મીર ફરવા માટે આવ્યા હતા. પ્રવાસીઓ જ્યારે એક પહાડ પર ટ્રેકિંગ કરવા માટે જઈ રહ્યા હતા ત્યારે છુપાઈને બેઠેલા આતંકવાદીઓએ ગોળીબાર કર્યો હતો. થોડા




દિવસ બાદ કાશ્મીરમાં અમરનાથ યાત્રા શરૂ થવાની છે, આ યાત્રામાં પહલગામમાં જ બેઝ કેમ્પ બનાવવામાં આવે છે. ગરમીના કારણે કાશ્મીરમાં ટુરિઝમને પણ પ્રોત્સાહન મળી રહ્યું છે. એવામાં આ આતંકવાદી હુમલાના કારણે કાશ્મીર ગયેલા અન્ય ટૂરિસ્ટોના જીવ પડીકે બંધાયા છે. સાથે સાથે આગામી સમયમાં થનારી અમરનાથ યાત્રાની સુરક્ષાને લઈને પણ સવાલ ઊભા થયા છે. પર્યટકો પર આ પ્રકારના હુમલાના કારણે કાશ્મીરના વેપાર ઉદ્યોગ પર પણ અસર પડશે. સૂત્રો અનુસાર પર્યટકો રાજસ્થાનથી કાશ્મીર ફરવા માટે આવ્યા હતા. પ્રવાસીઓ જ્યારે એક પહાડ પર ટ્રેકિંગ કરવા માટે જઈ રહ્યા હતા ત્યારે છુપાઈને બેઠેલા આતંકવાદીઓએ ગોળીબાર કર્યો હતો.

I **(એજન્સી)** પહલગામ, તા.૨૨ I

જમ્મુ કાશ્મીરના પહલગામમાં મોટો આતંકવાદી હુમલો થયો છે. આતંકવાદીઓએ પર્યટકોને નિશાન બનાવીને ફાયરિંગ કર્યું છે. જેમાં બે પ્રવાસીઓના મોત થયા છે, જ્યારે ૧૦થી વધુ લોકો ઘાયલ થઈ ગયા છે. બે લોકોની હાલત ગંભીર જણાવાય રહી છે. તેમાંના ત્રણ સ્થાનિક નાગરિક છે. જમ્મુ કાશ્મીરના પહલગામમાં પ્રવાસીઓ પર આતંકવાદી હુમલો થયો છે. આતંકવાદીઓએ પર્યટકોને નિશાન બનાવીને ફાયરિંગ કર્યું છે. જેમાં બે પ્રવાસીનું મોત થયું છે, જ્યારે ૧૦થી વધુ લોકો ઘાયલ થઈ ગયા છે. જેમાં ત્રણ ગુજરાતીઓનો સમાવેશ થાય છે. જેમાં ભાવનગરના વિનુ પટેલ, માનિક પટેલ અને રિનો પાંડેય સામેલ છે. મહારાષ્ટ્રના એસ. બાલાચંદ્રુ અને ડૉ. પરમેશ્વર ઘાયલ થયા છે. આ સિવાય કર્ણાટકના અભિજવન રાવને પણ ઈજા પહોંચી છે. અમિત શાહે વડાપ્રધાન મોદી સાથે વાતચીત કરી છે અને તેમણે હાઈલેવલની બેઠક બોલાવી છે. અમિત શાહ ટુંક સમયમાં જમ્મુ કાશ્મીર પહોંચશે. આતંકવાદી હુમલામાં ચાર પ્રવાસીઓ ઈજાગ્રસ્ત હોવાની પ્રાથમિક માહિતી પ્રાપ્ત થઈ રહી છે. ઈજાગ્રસ્તોની સંખ્યા વધવાની આશંકા છે. માર્ચમાં હિમવર્ષા બાદ સેકડોંની સંખ્યામાં પર્યટકો જમ્મુ-કાશ્મીરની મુલાકાતે પહોંચ્યા છે. એવામાં પહલગામમાં ટ્રેકિંગ માટે આવેલા પ્રવાસીઓ પર અંધાધૂંધ ગોળીબાર કરવામાં આવ્યો છે. સૂત્રો અનુસાર પર્યટકો રાજસ્થાનથી કાશ્મીર ફરવા માટે આવ્યા હતા. પ્રવાસીઓ જ્યારે એક પહાડ પર ટ્રેકિંગ કરવા માટે જઈ રહ્યા હતા ત્યારે છુપાઈને બેઠેલા આતંકવાદીઓએ ગોળીબાર કર્યો હતો. થોડા દિવસ બાદ કાશ્મીરમાં અમરનાથ યાત્રા શરૂ થવાની છે, આ યાત્રામાં પહલગામમાં જ બેઝ કેમ્પ બનાવવામાં આવે છે. ગરમીના કારણે કાશ્મીરમાં ટુરિઝમને પણ પ્રોત્સાહન મળી રહ્યું છે. અમિત શાહે વડાપ્રધાન મોદી સાથે વાતચીત કરી છે અને તેમણે હાઈલેવલની બેઠક બોલાવી છે. અમિત શાહ ટુંક સમયમાં જમ્મુ કાશ્મીર પહોંચશે. આતંકવાદી હુમલામાં ચાર પ્રવાસીઓ ઈજાગ્રસ્ત હોવાની પ્રાથમિક માહિતી પ્રાપ્ત થઈ રહી છે. ઈજાગ્રસ્તોની સંખ્યા વધવાની આશંકા છે. માર્ચમાં હિમવર્ષા બાદ સેકડોંની સંખ્યામાં પર્યટકો જમ્મુ-કાશ્મીરની મુલાકાતે પહોંચ્યા છે. એવામાં પહલગામમાં ટ્રેકિંગ માટે આવેલા પ્રવાસીઓ પર અંધાધૂંધ ગોળીબાર કરવામાં આવ્યો છે. સૂત્રો અનુસાર પર્યટકો રાજસ્થાનથી કાશ્મીર ફરવા માટે આવ્યા હતા. પ્રવાસીઓ જ્યારે એક પહાડ પર ટ્રેકિંગ કરવા માટે જઈ રહ્યા હતા ત્યારે છુપાઈને બેઠેલા આતંકવાદીઓએ ગોળીબાર કર્યો હતો. થોડા દિવસ બાદ કાશ્મીરમાં અમરનાથ યાત્રા શરૂ થવાની છે, આ યાત્રામાં પ હલગામમાં જ બેઝ કેમ્પ બનાવવામાં આવે છે. ગરમીના કારણે કાશ્મીરમાં ટુરિઝમને પણ પ્રોત્સાહન મળી રહ્યું છે. એવામાં આ આતંકવાદી હુમલાના કારણે કાશ્મીર ગયેલા અન્ય ટૂરિસ્ટોના જીવ પડીકે બંધાયા છે. સાથે સાથે આગામી સમયમાં થનારી અમરનાથ યાત્રાની સુરક્ષાને લઈને પણ સવાલ ઊભા થયા છે. પર્યટકો પર આ પ્રકારના હુમલાના કારણે કાશ્મીરના વેપાર ઉદ્યોગ પર પણ અસર પડશે. સૂત્રો અનુસાર પર્યટકો રાજસ્થાનથી કાશ્મીર ફરવા માટે આવ્યા હતા. પ્રવાસીઓ જ્યારે એક પહાડ પર ટ્રેકિંગ કરવા માટે જઈ રહ્યા હતા ત્યારે છુપાઈને બેઠેલા આતંકવાદીઓએ ગોળીબાર કર્યો હતો.

## શરબત જિહાદ શબ્દથી હાઈકોર્ટનો આત્મા હચમચી ગયો




I નવી દિલ્હી, તા.૨૨ I

શરબત જિહાદ શબ્દથી હાઈકોર્ટનો આત્મા હચમચી ગયો છે અને સ્વામી રામદેવ સામે કોર્ટે સખત નારાજગી વ્યક્ત કરી છે. કોઈ કંપનીનું નામ લીધા વિના સ્વામી રામદેવે શરબત જિહાદ શબ્દપ્રયોગ કર્યો હતો જેની સામે દિલ્હી હાઈકોર્ટે આજે નારાજગી વ્યક્ત કરી હતી. કોર્ટે સ્વામી રામદેવના નિવેદનને અક્ષમ્ય ગણાવીને કહ્યું કે તેનું સમર્થન ન થઈ શકે. કોર્ટના વલણ પછી સ્વામી રામદેવના વકીલે અદાલતમાં આશ્વાસન આપ્યું કે, અમે એ વીડિયો હટાવી દઈશું. અહેવાલ મુજબ, 'હમદર્દ નેશનલ ફાઉન્ડેશન ઈન્ડિયા' દ્વારા 'પતંજલિ ફૂડ્સ લિમિટેડ' વિરુદ્ધ દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી કરી રહેલા ન્યાયમૂર્તિ અમિત બંસલે કહ્યું, "આનાથી અદાલતનો અંતરાત્મા હચમચી ગયો છે. આ યોગ્ય નથી. તમે (રામદેવના વકીલ) તમારા અસીલ પાસેથી સૂચનાઓ લો, નહીં તો સખત આદેશ આપવામાં આવશે."

**વિભાગ દ્વારા તેમની આયર્લેન્ડમાં બનેલી બનાવટી કંપની (શેલ કંપનીઓ) દ્વારા કર બચાવવાનો આરોપ લગાવ્યો છે**

# આવકવેરા વિભાગે ઇન્ડિગો સહિત ૧૫ વિમાન લેસર્સને રૂ. ૧૫૦૦ કરોડની નોટીસ ફટકારી

I **(એજન્સી)** નવી દિલ્હી,તા.૨૨ I

આવકવેરા વિભાગે ઈન્ડિગો અને તેની સાથે સંકળાયેલી ૧૫ ઈન્ટરનેશનલ વિમાન લેસર્સને રૂ. ૧૫૦૦ કરોડની કર નોટીસ ફટકારી છે. વિભાગ દ્વારા તેમની આયર્લેન્ડમાં બનેલી બનાવટી કંપની (શેલ કંપનીઓ) દ્વારા કર બચાવવાનો આરોપ લગાવ્યો છે. આ નોટીસ ઓક્ટોબર ૨૦૨૪થી માર્ચ ૨૦૨૫ની વચ્ચે મોકલવામાં આવી હતી. કરમાં હેરફેરનો મામલો ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩ના નાણાંકીય વર્ષો સાથે સંકળાયેલો છે.

હકીકતમાં, કરવેરા અધિકારીઓ કહે છે કે એરલાઈન્સે વિમાન ભાડે લેવા માટે આયર્લેન્ડમાં **SPV/SPC** (સ્પેશિયલ પર્પઝ વ્હીકલ) નામની શેલ કંપનીઓ બનાવી હતી, જેનો વાસ્તવમાં કોઈ વ્યવસાય, ઓફિસ કે કર્મચારીઓ નથી. તેમનો એકમાત્ર હેતુ આયર્લેન્ડ-ભારત કર સંધિ **(DTAA)**નો લાભ લઈને ભારતમાં કર ચૂકવવાનું ટાળવાનો હતો. જોકે, કંપનીઓએ તેને ખોટું ગણાવ્યું છે અને કહ્યું છે કે તેઓ તેને કોર્ટમાં પડકારશે. તે જ સમયે, આઈરિશ સરકારે પણ તેના ભાડે આપનારાઓનો બચાવ કર્યો છે અને કહ્યું છે કે તેમની કંપનીઓને શેલ કહેવાના આરોપો ખોટા છે. તે કંપનીઓ ખરેખર અસ્તિત્વ ધરાવે છે. ઈન્ડિગોનો શેર એપ્રિલે **2.38%**ના વધારા સાથે રૂ. **5,493.50** પર ટ્રેડ થઈ રહ્યો હતો છે. છેલ્લા ૫ ટ્રેડિંગ દિવસોમાં આ શેરે **6.67%** નું વળતર આપ્યું છે. છેલ્લા ૧ વર્ષમાં શેરમાં **47.40%**નો વધારો થયો છે. માર્ચમાં ઈન્ડિગોને રૂ.૯૪૪.૨૦ કરોડની ટેક્સ નોટિસ મળી હતી.આ પહેલા ૩૦ માર્ચે આવકવેરા વિભાગે ઈન્ડિગોની મૂળ કંપની ઈન્ટરગ્લોબ એવિએશનને ૯૪૪.૨૦ કરોડ રૂપિયાનો દંડનો હુકમ કર્યો હતો. કંપનીએ એક્સચેન્જ ફાઈલિંગમાં જણાવ્યું હતું કે આ દંડ આકારણી વર્ષ ૨૦૨૧-૨૨ માટે આવકવેરા કાયદાની કલમ **270A** હેઠળ લાદવામાં આવ્યો છે. આ સાથે, ચેન્નઈના સંયુક્ત આવકવેરા કમિશનરે કંપની પર ૨.૮૪ કરોડ રૂપિયાનો દંડ પણ ફટકાર્યો હતો.




## છેલ્લા ૫ ટ્રેડિંગ દિવસોમાં આ શેરે ૬.૬૭% નું વળતર આપ્યું છે

**કંપનીએ વધુમાં કહ્યું કે તે આ મામલે કાનૂની આશરો લેશે અને આ આદેશને પડકારશે. દંડની આવક, કામગીરી અથવા વ્યવસાય પર કોઈ ખાસ અસર થતી નથી. ૫ ફેબ્રુઆરીના રોજ, ઇન્ડિગોને GST વિભાગ તરફથી ૧૧૬ કરોડ રૂપિયાની ટેક્સ ડિમાન્ડ નોટિસ મળી, તે સમયે, દિલ્હી અને ચેન્નઈના અધિકારીઓ દ્વારા કંપની પર ઇનપુટ ટેક્સ ક્રેડિટ સંબંધિત અનિયમિતતાઓનો આરોપ મૂકવામાં આવ્યો હતો. ૧૫ જાન્યુઆરીના રોજ, કસ્ટમ્સ વિભાગે જેટ ઇંધણ પર વધારાની ડ્યુટી વસૂલવા બદલ ૨૫ લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. ૬ જાન્યુઆરીના રોજ, વિમાનના ભાગોની આયાત પર ૨.૧૭ કરોડ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો હતો.**

# ભારતના ૭ રાજ્યોમાં મોટી સંખ્યામાં મહિલાઓ કરે છે દારૂનું સેવન

I **(એજન્સી)** નવીદિલ્હી,તા.૨૨ I

વિશ્વમાં દારૂના શોખીનોની કોઈ કમી નથી અને ભારત પણ તેનાથી અછૂતુ નથી રહ્યું. જોકે, જ્યારે પણ દારૂનો ઉલ્લેખ કરવામાં આવે, ત્યારે તેને પુરુષોના શોખ તરીકે દર્શાવવામાં આવે છે. પરંતુ હવે પરિસ્થિતિ બદલાતી નજર આવી રહી છે. હવે મોટા પ્રમાણમાં મહિલાઓ પણ દારૂનું સેવન કરી રહી છે. આના ઘણા કારણો છે જેમ કે સાંસ્કૃતિક અને આદિવાસી પરંપરાઓ. એક સર્વે દર્શાવે છે કે, ભારતમાં ઓછામાં ઓછા ૭ રાજ્યો એવા છે જ્યાં મોટી સંખ્યામાં મહિલાઓ દારૂનું સેવન કરે છે. એક રિપોર્ટમાં **NFHS-5** એટલે કે નેશનલ ફેમિલી હેલ્થ સર્વેના આંકડાનો હવાલો આપીને જણાવ્યું છે કે આ યાદીમાં પહેલું નામ ઉત્તરપૂર્વીય રાજ્ય અરુણાચલ પ્રદેશનું છે. આ



આંકડા ૨૦૧૯થી ૨૦૨૧ની વચ્ચે એકત્રિત કરવામાં આવ્યા હતા.

**અરુણાચલ પ્રદેશ**

આંકડા દર્શાવે છે કે, અરુણાચલ પ્રદેશમાં ૨૪.૨% મહિલાઓ દારૂનું સેવન કરે છે. રાજ્યમાં મહેમાનોને ચોખામાંથી બનેલું સ્થાનિક બીયર ઓફર કરવું ખૂબ જ સામાન્ય છે. આ ઉપરાંત અહીંની સામાજિક અને સાંસ્કૃતિક પરંપરાઓમાં દારૂ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

**સિક્કિમ**

આ યાદીમાં બીજા નંબર પર સિક્કિમ છે. અહીં ઘરમાં બનેલા છાંગ જેવા પીણાં ખૂબ પ્રખ્યાત છે. અહીં લગભગ ૧૬.૨% મહિલાઓ દારૂનું સેવન કરે છે.

**આસામ**

આ યાદીમાં પૂર્વોત્તરના જ એક અન્ય રાજ્યને ત્રીજા નંબર પર રાખવામાં આવ્યું છે. આસામમાં ૭.૩% મહિલાઓ દારૂનું સેવન કરે છે. કહેવાય છે કે, અહીં વ્હિસ્કી ખૂબ લોકપ્રિય છે.

## ગ્રેટર નોઈડામાં 'નો-સ્ટીકર એન્ટ્રી'ને લઈને સુરક્ષા ગાર્ડ્સ અને સોસાયટીના રહેવાસીઓ વચ્ચે હિંસક બબાલ

I નવી દિલ્હી, તા.૨૨ I

ગ્રેટર નોઈડામાં 'નો-સ્ટીકર એન્ટ્રી'ને લઈને સુરક્ષા ગાર્ડ્સ અને સોસાયટીના રહેવાસીઓ વચ્ચે હિંસક બબાલ થઈ હતી, જેનો વીડિયો વાયરલ થઈ રહ્યો છે. સોસાયટીના અધિકારીઓના જણાવ્યા અનુસાર, રહેણાંક વિસ્તારના મુખ્ય દરવાજા પર તૈનાત સુરક્ષા ગાર્ડ્સે એક વ્યક્તિની જીંફ કારને પ્રવેશતા અટકાવી હતી, કારણ કે તેના વાહનમાં કોઈ સ્ટીકર નહોતું, જેના કારણે વિવાદ થયો હતો. આ કેસ ગ્રેટર નોઈડાના એક પોશ હાઉસિંગ કોમ્પ્લેક્સનો છે. વિવાદ વધતાં લોકો અને સુરક્ષાકર્મીઓ વચ્ચે હિંસક અથડામણ થઈ હતી. ધક્કામુક્કી અને દુર્વ્યવહારને કારણે વિવાદ વધ્યો અને વાત થપ્પડ અને લાતો સુધી પહોંચી ગઈ હતી. સુરક્ષા ગાર્ડ ઈન્ચાર્જ તેજપાલે બિસરખ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

## ગુજરાતમાં વક્ફ સંપત્તિઓની આવક ૨૦ કરોડથી ઘટીને ઝીરો થઈ!

I **(એજન્સી)** નવી દિલ્હી, તા.૨૨ I

કેન્દ્ર સરકારે વક્ફ એક્ટમાં કરેલા સુધારાના કારણે વક્ફ સંપત્તિઓનો મુદ્દો ચર્ચામાં છે. ત્યારે એક રસપ્રદ વાત એ છે કે, ગુજરાતમાં છેલ્લાં ત્રણ વર્ષમાં વક્ફ સંપત્તિઓમાંથી કોઈ આવક જ નથી થતી. ૬ વર્ષ પહેલાં જ ગુજરાતની વક્ફ સંપિ ાઓમાંથી થયેલી આવક ૧૯.૭૮ કરોડ રૂપિયા હતી પણ સરકારી ડેટા પ્રમાણે છેલ્લાં ૩ નાણાંકીય વર્ષમાં આ આવક શૂન્ય થઈ ગઈ છે.

વક્ફ એસેટ્સ મેનેજમેન્ટ સિસ્ટમ ઓફ ઈન્ડિયા વેબસાઈટના ડેટા પ્રમાણે, ગુજરાતમાં કુલ ૪૫,૩૫૮ વક્ફ સંપત્તિ છે. આ પૈકી ૩૯૯૪૦ અચલ સંપિા એટલે કે ઈમ્મૂવેવલ પ્રોપ ર્ટી છે, જ્યારે ૫,૪૮૦ ચલ એટલે કે મૂવેબલ સંપિા છે. વેબસાઈટ પર અપાયેલી માહિતી પ્રમાણે, છેલ્લાં ૧૫ નાણાંકીય વર્ષમાં એટલે કે ૨૦૧૦-૧૧થી ૨૦૨૪-૨૫ દરમિયાન ગુજરાતમાં વક્ફ સંપિાઓની સંખ્યામાં કોઈ ફેરફાર થયો નથી.

## પતિએ દરવાજો ખખડાવતા પત્નીએ પ્રેમીને પેટીમાં છુપાવ્યો

I **(એજન્સી)** આગ્રા,તા.૨૨ I

આગ્રાના એક ગામમાં એક યુવક તેની પ્રેમિકાને મળવા આવ્યો હતો. જે બાદે તે પકડાય જતા, તેને પ્રેમીકાના પરિવારના સભ્યો અને ગામલોકોએ ખરાબ રીતે માર માર્યો હતો. કહેવામાં આવી રહ્યું છે કે, આગ્રામાં એક પરિણીત મહિલાનો પ્રેમી તેને મળવા માટે ઘરે ગયો હતો. રૂમમાંથી અવાજ આવતાં પરિવારના સભ્યોને શંકા ગઈ હતી. જ્યારે તેઓએ રૂમનો દરવાજો ખખડાવ્યો, ત્યારે મહિલાએ તેના પ્રેમીને એક પેટીમાં છુપાવી દીધો હતો.જ્યારે પરિવારના સભ્યોએ તેને આખા રૂમમાં શોધ્યો, ત્યારે તે ક્યાંય દેખાયો નહીં. પછી મહિલાના પ તિએ પતરાની પેટી તરફ જોયું અને જ્યારે તેણે તેને ખોલી ત્યારે બધા ચોંકી રહી ગયા હતા. સ્ત્રીનો પ્રેમી કપડાં વગર, પેટીની અંદર છુપાયેલો ઝડપાયો હતો.

## USA-ચીન ટ્રેડવોરનો ભારતને પ્રથમ મોટો ફાયદો

I **(એજન્સી)** વોશિંગ્ટન,તા.૨૨ I

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે ચાલી રહેલા ટ્રેડવૉર વચ્ચે ચીને અમેરિકન બોઈંગ કંપનીના **737 MAX** વિમાનનો સ્વીકાર કરવાનો ઈનકાર કરી દીધો છે. આ તકનો લાભ ઉઠાવતાં એર ઈન્ડિયા બોઈંગ કંપની પાસેથી આ વિમાનો ખરીદવાનું વિચારી રહી હોવાના અહેવાલો મળ્યા છે. એર ઈન્ડિયા વોશિંગ્ટન અને બેઈજિંગ વચ્ચે ચાલી રહેલા ટેરિફ યુદ્ધનો લાભ લેવા માટે સ્પર્ધા કરતી એશિયન એરલાઈન્સની યાદીમાં જોડાઈ છે. ટાટા ગ્રૂપની માલિકીની એર ઈન્ડિયાને માર્કેટમાં ફરી પાછી અગ્રણી બનવા તેમજ પકડ જમાવવા માટે વિમાનોની જરૂર છે. વિમાન બનાવતી અમેરિકન કંપની બોઈંગ ચીનની એરલાઈન્સ માટે ૭૩૪ મેક્સ વિમાન તૈયાર કરી રહી હતી. પરંતુ ટેરિફવૉરના કારણે ચીને વિમાનના ઓર્ડર પાછાં ખેંચી લીધા છે.

**ન્યૂઝ બ્રિફ**

### બાઈક, કાર, રીક્ષા, ટ્રક જેવા વાહનો બાદ હવે વડોદરામાં એમ્બ્યુલન્સની ચોરી થઇ

। (એજન્સી) વડોદરા,તા.૨૨ ।

શહેરમાં પાર્કિંગના સ્થળોએથી સ્કૂટર,બાઈક, રિક્ષા, કાર ટ્રક અને ટ્રેલર જેવા વાહનોની ચોરીઓના બનાવો બનતા હોય છે. પરંતુ ગઈકાલે એમ્બ્યુલન્સની ચોરીનો બનાવ બન્યો હતો.

નડિયાદ સિવિલ હોસ્પિટલની પાસે યોગીરાજ સોસાયટીમાં રહેતા અને આઉટસોર્સના ડ્રાઈવર તરીકે હોસ્પિટલની એમ્બ્યુલન્સ ચલાવતા ચંદ્રકાંતભાઈ કાપડિયા એ પોલીસને કહ્યું છે કે, ગઈતા ૧૯ મી એ સાંજે બે પેશન્ટને ઈમરજન્સીમાં વડોદરા લાવવામાં આવ્યા હતા.

બંને પેશન્ટને વડોદરા સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટરમાં એડમિટ કર્યા બાદ હું એમ્બ્યુલન્સ લઈ પરત ફરતો હતો ત્યારે છાણી ગુરુદ્વારા નજીક એમ્બ્યુલન્સ એક સાઈટ પર પાર્ક કરી રોડ ક્રોસ કરીને પાણી ભરવા માટે ગયો હતો.આ દરમિયાન એમ્બ્યુલન્સમાં જ ચાવી લટકાવેલી હોવાથી એક પાતળા બાંધાનો એક યુવક એમ્બ્યુલન્સ ચાલુ કરી છાયાપૂરી તરફ ફરાર થઈ ગયો હતો. ૧૨ લાખની કિંમતની એમ્બ્યુલન્સ ચોરાતા પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે તપાસ હાથ ધરી છે.

### અમરેલીના ફર્નિચરના વેપારી નર્મદા નદીમાં ડૂબી જતા લાપત્તા

। (એજન્સી) વડોદરા,તા.૨૨ ।

વડોદરા જિલ્લામાં પવિત્ર યાત્રાધામ ચાણોદ ખાતે મલ્હારરાવ ઘાટ પર નર્મદા નદીમાં સ્નાન કરતા અમરેલીનો આધેડ ડુબી જતાં લાપત્તા થઈ ગયો છે.

અમરેલીના વિજયભાઈ બાબુભાઈ રાઠોડ ઉંમર ૪૩ સવારે ૬:૩૦ ના સુમારે મલ્હારરાવ ઘાટે સ્નાન કરતા હતા ત્યારે એકાએક નર્મદા નદીના વહેણમાં તણાવવા લાગ્યા હતા અને નદીમાં પાણીમાં ગરક થઈ ગયા હતા. ચાણોદના સ્નાન ઘાટ વિસ્તારોમાં મગરના રહેઠાણની અવરજવરથી લોકોમાં ફફડાટ ફેલાયો છે.

કેટલાક નજરો જોનાર લોકો પાસેથી મળતી માહિતી પ્રમાણે એક લાશ સ્વામીની પાર્ટી (ઘાટ) પાસેથી જતી હતી ત્યારે મગર આવી ગયો હતો. લાશને વિઝોટી કાઢી હતી ત્યારબાદ મગર બોડીને છોડી આગળ બેટના કિનારે કિનારે મલ્હારરાવ ઘાટ સામે કિનારે કિનારે થઈ આગળ પોઇચા બેટ તરફ આગળ વધી ગયો હતો ડભોઈ તાલુકાના તીર્થ સ્થાન ચાણોદ ખાતે અમરેલીથી સપરિવાર ધાર્મિક વિધિ માટે બાબુભાઈ વાલજીભાઈ રાઠોડ તેમજ તેમના પત્ની રંજનબેન બાબુભાઈ રાઠોડ અને પુત્ર વિજય ઉંમર ૪૩ સાથે ૧૩ જેટલા પરિવારજનો આવેલ હતા તેઓ ફર્નિચરના ધંધા સાથે સંકળાયેલ હોવાનું જાણવા મળ્યું છે. આજે સવારે મલ્હારરાવ ઘાટ ખાતે સવારે ૬:૩૦ ની આસપાસ વિજયભાઈ નર્મદા નદીમાં સ્નાન માટે ગયા હોવાનું તેમના પરિવારે જણાવ્યું હતું.

છેલ્લા દસ વર્ષમાં ૫૫ હજાર જેટલા વિદ્યાર્થીઓએ ખાનગી શાળા છોડી સરકારી શાળામાં પ્રવેશ મેળવ્યો હોવાના આંકડા સામે આવ્યા છે

# અમદાવાદના પોશ વિસ્તારમાં ઉલટી ગંગા, અમદાવાદમાં સરકારી સ્કૂલમાં એડમિશન માટે લાગી લાઈનો

। (પ્રતિનિધી)અમદાવાદ,તા.૨૨ ।




અમદાવાદઃ સામાન્ય રીતે ખાનગી સ્કૂલમાં વાલીઓ પોતાના બાળકોના એડમિશન લેવા માટે પડાપડી કરતા હોય છે. જરૂર પડે ડોનેશન કે મસમોટી ફી પણ આપતા હોય છે. પરંતુ અમદાવાદમાં હવે આ ચિત્ર બદલાયું છે. હવે અમદાવાદની સરકારી શાળાઓમાં એડમિશન માટે વાલીઓની લાઈન લાગી રહી છે. છેલ્લા દસ વર્ષમાં ૫૫ હજાર જેટલા વિદ્યાર્થીઓએ ખાનગી શાળા છોડી સરકારી શાળામાં પ્રવેશ મેળવ્યો હોવાના આંકડા સામે આવ્યા છે.

ખાનગી શાળાઓ દ્વારા વાલીઓ પાસે વસૂલવામાં આવતી તોતિંગ ફી અને બીજી તરફ ખાનગી શાળાઓને પણ પાછળ પાડે તેવી સરકારી શાળાઓમાં થયેલું ઈન્ફ્રાસ્ટ્રક્ચર. આ મહત્વના કારણો છે કે સરકારી શાળાઓમાં એડમિશન માટે વાલીઓ પડાપડી કરી રહ્યા છે.

અમદાવાદના પૂર્વ અને પશ્ચિમ વિસ્તારમાં આવેલી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત સ્કૂલ બોર્ડની શાળાઓમાં વાલીઓનો ધસારો એડમિશન માટે જોવા મળ્યો છે.વાલીઓએ જણાવ્યું કે ખાનગી શાળામાં જે ફી વસૂલવામાં આવે છે તેમજ ઈતર પ્રવૃત્તિઓના નામે પણ વસૂલવામાં આવે છે. આ ઉપરાંત બાળકોને શાળાએ મોકલવાનો ટ્રાન્સપોર્ટેશન ફી પણ લેવાતી હોય છે. આ બધા ફી ના ખર્ચાને સામે સ્કૂલ બોર્ડની સ્માર્ટ શાળાઓમાં કોઈપણ પ્રકારની ફી વગર ભણાવવામાં આવે છે. આ ઉપરાંત સ્માર્ટ સ્કૂલોમાં ખાનગી સ્કૂલો કરતા પણ આ સ્માર્ટ સ્કૂલોમાં સાયન્સ લેબ, મેથ્સ લેબ, કોમ્પ્યુટર લેબ ઊભી કરવામાં આવી છે. સાથે જ મધ્યાન ભોજન પણ આપવામાં આવે છે. આટલી સારી સુવિધા સરકારી શાળામાં હોય તો ખાનગી શાળામાં બાળકોને ના ભણાવવા જોઈએ. થલતેજ સ્કૂલના પ્રિન્સિપલ ચિરાગ જોષી એ જણાવ્યું કે, અમારી શાળામાં પ્રવેશ માટે ૩૫ જેટલા વિદ્યાર્થીઓનું વેઈટિંગ લિસ્ટ છે.

ગત વર્ષે ૬૫ વિદ્યાર્થીઓએ ખાનગી શાળામાંથી સરકારી સ્કૂલમાં એડમિશન લીધા હતા. સ્કૂલ બોર્ડના શાસન અધિકારી લગધીર દેસાઈએ જણાવ્યું કે, સ્કૂલ બોર્ડ દ્વારા તૈયાર કરાયેલી અધ્યતન સ્માર્ટ સ્કૂલોના કારણે અને સુવિધાના કારણે શાળાઓમાં પ્રવેશ માટે ઘસારો વધી રહ્યો છે. પાછલા દસ વર્ષમાં ૫૫ હજારથી પણ વધુ વિદ્યાર્થીઓએ ખાનગી શાળામાંથી સ્કૂલબોર્ડની શાળામાં પ્રવેશ લીધો છે. આ ઉપરાંત સ્કૂલ બોર્ડની શાળાઓમાં કોર્પોરેટર, ધારાસભ્ય અને સાંસદો દ્વારા પણ પત્ર લખીને એડમિશન આપવા ભલામણ આવી રહી છે.

આગામી ચોમાસાની ઋતુ પહેલા પૂર્ણ કરવાનો ટાર્ગેટ છે

# મનપા હસ્તકની આશરે ૧૮૦૦ ઈમારતો પર રૂફ-ટોપ રેઇન-વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ ઇન્સ્ટોલ કરાશે

। (પ્રતિનિધી)અમદાવાદ,તા.૨૨ ।

'કેચ ધ રેઈન' અભિયાન અંતર્ગત અમદાવાદ મહાનગરપાલિકા હસ્તકની આશરે ૧૮૦૦ ઈમારતો પર રૂફ-ટોપ રેઈન-વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ ઈન્સ્ટોલ કરાશે. પ્રથમ ચરણમાં ૪૦૦ બિલ્ડિંગ પ્રિમાઈસીસમાં અંદાજે ૫.૫૦ કરોડના ખર્ચે રૂફ-ટોપ રેઈન-વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ ઈન્સ્ટોલેશનની કામગીરીનો પ્રારંભ થઈ ગયો છે. આ કામગીરી આગામી ચોમાસાની ઋતુ પહેલા પૂર્ણ કરવાનો ટાર્ગેટ છે.

કેન્દ્રીય જળ શક્તિ મંત્રાલય દ્વારા રેઈન વોટર કન્ઝર્વેશન માટે આરંભાયેલ 'કેચ ધ રેઈન' અભિયાન અંતર્ગત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા એક અનોખી પહેલ કરવામાં આવી છે. આ પહેલ અંતર્ગત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તક સમગ્ર શહેરના તમામ ઝોનમાં આવેલી વિવિધ ઝોનલ ઓફિસો, વોર્ડ-ઓફિસો, હોસ્પિટલ્સ, મ્યુનિ.શાળાઓ, અર્બન હેલ્થ સેન્ટર્સ, લાઈબ્રેરીઝ, વોટર ડિસ્ટ્રીબ્યુશન સ્ટેશન્સ, ડ્રેનેજ પંપિંગ સ્ટેશન્સ વગેરે જેવી આશરે ૧૮૦૦ ઈમારતોના રૂફ-ટોપ પર ભરાતા વરસાદી પાણીનો સંગ્રહ કરવા રૂફ-ટોપ રેઈન-વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ આગામી ૧.૫ વર્ષના સમયગાળામાં ઈન્સ્ટોલ્ડ કરી કાર્યરત કરવામાં આવશે.

આમ, દરેક ઈમારતોના ધાબા પર ભરાતાં વરસાદી પાણીને બહાર વહી જતું અટકાવી, આ વરસાદી પાણીને ફિલ્ટર દ્વારા ચોખ્ખું કરી, તેને જે-તે ઈમારતોની અન્ડર ગ્રાઉન્ડ ટાંકીઓમાં અથવા જે-તે કેમ્પસમાં જો હયાત બોરવેલ કે પરકોલેશન વેલ હોય તેમાં પરકોલેટ કરી, ગ્રાઉન્ડ વોટરના જળ સ્તર ઊંચા લાવવા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ખૂબ જ મોટા પાયે કામગીરી હાથ ધરવામાં આવી છે.

પ્રથમ ચરણમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તકની ૪૦૦ બિલ્ડિંગ પ્રિમાઈસીસમાં અંદાજે ૫.૫૦ કરોડના ખર્ચે આવી રૂફ-ટોપ રેઈન-વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ ઈન્સ્ટોલેશનની કામગીરીનો પ્રારંભ કરવામાં આવ્યો છે, જે આગામી ચોમાસાની ઋતુંં પહેલાં પૂર્ણ કરવામાં આવશે.

આ કામગીરી થકી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા દૈનિક રીતે આપવામાં આવતાં પાણી પુરવઠાનું નર્મદાનું પાણી બચાવી શકાશે તેમજ જમીનના જળ સ્તર ઊંચા લાવી બોરના પાણીની ગુણવત્તા સુધારી શકાશે. પ્રથમ ચરણમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તકની ૪૦૦ બિલ્ડિંગ પ્રિમાઈસીસમાં અંદાજે ૫.૫૦ કરોડના ખર્ચે આવી રૂફ-ટોપ રેઈન-વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ ઈન્સ્ટોલેશનની કામગીરીનો પ્રારંભ કરવામાં આવ્યો છે, જે આગામી ચોમાસાની ઋતું પહેલાં પૂર્ણ કરવામાં આવશે. આ કામગીરી થકી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા દૈનિક રીતે આપવામાં આવતાં પાણી પુરવઠાનું નર્મદાનું પાણી બચાવી શકાશે તેમજ જમીનના જળ સ્તર ઊંચા લાવી બોરના પાણીની ગુણવત્તા સુધારી શકાશે.

# નવરંગપુરા વિસ્તારમાં ભાડાની તકરારમાં રિક્ષા ચાલકે હત્યા કરી

। (એજન્સી) અમદાવાદ,તા.૨૨ ।

અમદાવાદમાં દિવસે દિવસે ક્રાઈમની ઘટનામાં વધારો થતો જઈ રહ્યો છે. છેલ્લા થોડાક મહીનાઓથી તો અસામાજીક તત્વો, લૂંટ, ચોરી, હત્યા જેવી અનેક ઘટનાઓ સામે આવી રહી છે. ત્યારે અમદાવાદમાં હવે એક નજીવી તકરારમાં થયેલી કાળજુ કંપાવી દેતી ઘટના સામે આવી છે. ભાડાની તકરારમાં એક રિક્ષા ચાલકે મુસાફરની હત્યા જ કરી નાખી છે. જેના સીસીટીવી સામે આવ્યા છે.

અમદાવાદમાં અસામાજીક તત્ત્વો લોકોમાં ડરનો ભય પેદા કરી રહ્યા છે. એવામાં અમદાવાદના નવરંગપુરા વિસ્તારમાં એક વ્યક્તિની ક્રૂરતાપૂર્વક હત્યા કરી દેવામાં આવી છે. સૂત્રો મુજબ જાણવા મળ્યું છે કે, ભાડા અંગેની માથાકૂટ ચાલી રહી હોવાથી વ્યક્તિની હત્યા કરવામાં આવી છે.એવામાં અમદાવાદના નવરંગપુરા વિસ્તારમાં એક વ્યક્તિની ક્રૂરતાપૂર્વક હત્યા કરી દેવામાં આવી છે. સૂત્રો મુજબ જાણવા મળ્યું છે કે, ભાડા અંગેની માથાકૂટ ચાલી રહી હોવાથી વ્યક્તિની હત્યા કરવામાં આવી છે.

રિક્ષાચાલકે પેસેન્જરને પાછળથી રિક્ષાની ટક્કર મારી નીચે પાડી દીધો અને એમાંય રિક્ષાચાલકે ફરી રિક્ષાનો યુટર્ન મારી પેસેન્જર પર રિક્ષા ચડાવી નાખી. પેસેન્જરને માથાના ભાગે ઈજાઓ થતા તેનું ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું. રિક્ષાચાલકે પેસેન્જરને પાછળથી રિક્ષાની ટક્કર મારી નીચે પાડી દીધો અને એમાંય રિક્ષાચાલકે ફરી રિક્ષાનો યુટર્ન મારી પેસેન્જર પર રિક્ષા ચડાવી નાખી. પેસેન્જરને માથાના ભાગે ઈજાઓ થતા તેનું ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું. આ ઘટના બાબતે પોલીસને જાણ થતાં એવું લાગ્યું કે, આ એક અકસ્માત છે. આથી પોલીસે પહેલા અકસ્માતનો ગુનો દાખલ કર્યો હતો અને તપાસ હાથ ધરી હતી. જો કે, CCTV ફૂટેજ ચેક કરતા સમગ્ર મામલો સામે આવ્યો અને રિક્ષાચાલકની પોલ ખૂલી ગઈ. વધુમાં માહિતી મળી છે કે, મુસાફરે માત્ર ૩૦ રુપિયા ભાડુ ન આપતા રિક્ષા ચાલકે તેની હત્યા કરી દીધી હતી.

### જામનગરમાં એરફોર્સના હેલિકોપ્ટરમાં ખામી સર્જાતા ઇમરજન્સી લેન્ડિંગ

। (એજન્સી) જામનગર,તા.૨૨ ।

જામનગરમાં મોટી દુર્ઘટના ટળી છે. એરફોર્સના હેલિકોપ્ટરમાં અચાનક ખામી સર્જાતા ચંગા ગામ પાસે રંગમતિ ડેમમાં ઈમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું છે. જોકે સદનસીબે કોઈ મોટી દુર્ઘટના સર્જાઇ નથી. હેલિકોપ્ટરના ઈમરજન્સી લેન્ડિંગ બાદ એરફોર્સની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને ખામી દૂર કરીને હેલિકોપ્ટરને એરફોર્સ સ્ટેશને પરત મોકલ્યું હતું. જોકે સમગ્ર ઘટનામાં કોઈ અકસ્માત કે જાનહાનિના અહેવાલો મળ્યા નથી. સમગ્ર મામલામાં એરફોર્સની ટીમ ઊંડાણપૂર્વકની તપાસ ચલાવી રહી છે. હેલિકોપ્ટરના ઈમરજન્સી લેન્ડિંગ બાદ એરફોર્સની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને ખામી દૂર કરીને હેલિકોપ્ટરને એરફોર્સ સ્ટેશને પરત મોકલ્યું હતું. જોકે સમગ્ર ઘટનામાં કોઈ અકસ્માત કે જાનહાનિના અહેવાલો મળ્યા નથી.

કામવાળી પર લટુડા પટુડા થયા સાહેબ

# ગીર સોમનાથમાં ઈલુ ઈલુ કરવામાં લાજ-શરમ ભૂલ્યા સરકારી બાબુ

। (એજન્સી) ગીર સોમનાથ,તા.૨૨ ।

ઘરકામ કરવા આવતી મહિલા સાથે નિવૃત્તિને આરે રહેલા સાહેબને પ્રેમની કૂંપળો ફૂટી... મહિલાના પતિએ ફરિયાદ કરતા વાત પોલીસ સ્ટેશન સુધી પહોંચી અરે થોડી તો શરમ કરો, તમે જે પદ પર બેઠા છો એની તો માન મર્યાદા થોડી જાળવો. ફક્ત તમે જ બદનામ નથી થઈ રહ્યાં તમારી સાથે ગુજરાત સરકાર પણ બદનામી વ્હોરી રહી છે કે સરકારના ઉચ્ચ અધિકારી શરમ વિનાના બન્યા છે. ગુજરાતમાં ચર્ચાને એરણે ચડેલા આ કેસમાં આગામી સમયમાં વિવાદ વધે તો નવાઈ નહીંરાજકીય નેતાઓથી લઈ સરકારી અધિકારીઓ અને જે કોઈ સત્તાની સાથે કનેક્ટ છે તેવા વર્તુળોમાં સામાજિક-નૈતિક અધઃપતનનું સ્તર વધુને વધુ નીચે ઊતરી રહ્યું છે. પહેલાં તો ફક્ત ભ્રષ્ટાચાર સુધીની વાતો સીમિત હતી. ગુજરાતમાં મહિલાઓ બાબતે અધિકારી વર્ગ હંમેશાં સજાગ રહે છે. તેઓ સારી રીતે જાણે છે કે આમાં બદનામી સિવાય કંઈ મળવાનું નથી અને નોકરીથી હાથ ગુમાવવાનો વારો આવે છે. આમ છતાં કેટલાક અધિકારીઓ આ બાબતોને સતત અવગણે છે. પ્રમોશન બાદ ગીર સોમનાથમાંથી જૂનાગઢ જિલ્લામાં નિયુક્ત એક સ્ટેટ કેડરના ઓફિસર સામે આવી જ એક ગંભીર ફરિયાદ થઈ છે. વાત એવી છે કે, આ ઓફિસરે પોતાના ઘરે કપડાં અને વાસણના કામ કરવા આવતી એક કામવાળી મહિલા સાથે સંબંધો બાંધ્યાની ફરિયાદ થઈ છે. આ ફરિયાદ બીજા કોઈએ નહીં પણ કામવાળી મહિલાના વિકલાંગ પતિએ કરી છે. પતિનું કહેવું છે કે, મોટા સાહેબ મારા નાના બાળકોની હાજરીમાં જ આવી ગંદી હરકતો કરતા હતા. મેં ફરિયાદ કરી તો આ મોટા સાહેબે મારે ઘરે ડ્રાઈવરને મોકલી મને માર માર્યો હતો. આ ઘટના બાદ ડરના માર્યા એ વિકલાંગ પતિ સાવ નાના બાળકોનો અભ્યાસ પડતો મૂકી ગામડે રહેવા જતા રહ્યા છે.

# સુરતમાં ત્રણ યુવકે ટ્રેનમાંથી એક યુવકને ઉતારીને બેરહમીથી ફટકાર્યો, અસામાજિક તત્વોનો દાદાગીરી

। (માહિતી બ્યૂરો) સુરત,તા.૨૨ ।

સુરતમાં ત્રણ જેટલા યુવકો દ્વારા એક યુવકને માર મારવામાં આવ્યો હતો અને તેનો વીડિયો પણ બનાવવામાં આવ્યો હતો. આ વીડિયો વાઈરલ થવાના પગલે આંખો મામલો સામે આવ્યો હતો અને આ ઘટનામાં પીડિત બનનારે ફરિયાદ નોંધાવતા એક યુવકની વીડિયો આધારે ધરપકડ કરવામાં આવી છે. જ્યારે અન્ય બેની શોધખોળની દિશામાં વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. યુવકને ટ્રેનમાંથી ઉતારી રિક્ષામાં બળજબરીથી બેસાડી લઈને ગયા મળતી માહિતી પ્રમાણે, ગત ૩ એપ્રિલના રોજ ૨૨ વર્ષીય અફઝલઅલી સૈયદ મિત્રો સાથે મહારાષ્ટ્ર ખાતેથી અજમેર શરીફ ખાતે જવા માટે ટ્રેનમાં બેસીને નીકળ્યો હતો. આ દરમિયાન ઉધના રેલ્વે સ્ટેશન ખાતે રાત્રીના આશરે ત્રણ વાગ્યાના આજબાજુ ટ્રેન ઉભી રહેતા શોએબ બિલ્ડરે અફઝલ અલને "ચલ બહાર જાકે આતે હૈ" તેમ જણાવીને ટ્રેનમાંથી ઉતારીને ચાલતા-ચાલતા રેલ્વે સ્ટેશન બહાર લઈ ગયો હતો. જ્યાંથી રિક્ષામાં બળજબરીથી બેસાડી લઈને ગયા હતા. યુવક સાથે ઝપાઝપી કરીને જાનથી મારવાની





ધમકી આપી રાત્રીના ચાર વાગ્યાના અરસામાં મહિધરપુરા ગોલવાડ ડી.કે.એમ હોસ્પિટલ પાછળ લીંબડી શેરીના નાકા પાસે જાહેર રોડ ઉપર શોયેબ બિલ્ડર, શોયબ ખાન પઠાણ ઉર્ફે ખુફિયા અને જુનેદ અલીએ ૨૨ વર્ષીય અફઝલઅલી સૈયદને માર માર્યો હતો. પહેલા યુવક સાથે ઝપાઝપી કરવા લાગેલ અને જાનથી મારી નાખવાની ધમકી આપી લાકડાના ફટકા તેમજ ટાઈલ્સ વડે પગમાં તેમજ શરીરના અન્ય ભાગ પર મારીને ઈજા પહોંચાડી હતી. પોલીસે એક આરોપીની ધરપકડ કરી જીવ બચાવવા માટે ત્યાંથી ભાગી જઈને યુવક બહેનના ઘરે લિંબાયત ખાતે જતો રહ્યો હતો.

અતિ ગંભીર રોગની દવાના પરિક્ષણ બેરોકટોક ચાલતા, દર્દીઓની જાણ બહાર તેમના પર દવા અને વેક્સિનનું પરિક્ષણ થતું, કુલ ૮ ડોક્ટરોને સસ્પેન્ડ કરવામાં આવ્યા

# અમદાવાદની વીએસ હોસ્પિટલનું મસમોટું કૌભાંડ બહાર આવ્યું

। અમદાવાદ,તા.૨૨ ।

અમદાવાદની વીએસ હોસ્પિટલમાં મોટું કૌભાંડ સામે આવ્યું છે. જેમાં દર્દીઓની જાણ બહાર તેમના પર દવા અને વેક્સિનની પરિક્ષણ કરવામાં આવતા હતા. આખું કૌભાંડ સામે આવ્યા બાદ હોસ્પિટલના ૮ ડૉક્ટરોને તેમજ હોસ્પિટલના ફાર્માકોલોજિસ્ટને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. અમદાવાદ શહેરની ખ્યાતનામ હોસ્પિટલ વીએસ હોસ્પિટલનું મસમોટું કૌભાંડ સામે આવ્યું છે. ફાર્મા કંપનીના રિસર્ચના નામે કરોડો રૂપિયાની લેતીદેતી થતી હોવાનો સૌથી મોટો ખુલાસો સામે આવ્યો છે. મધ્યમ વર્ગના દર્દીઓ પર દવાનું ક્લિનિકલ રિસર્ચ થતું હતું. આ સંદર્ભે થોડા સમય પહેલાં ફરિયાદ નોંધાયા બાદ તપાસ વિજિલન્સને સોંપવામાં આવી હતી જેમાં નાણાકીય ગેરરીતિનો મામલો સામે આવતાં હોસ્પિટલ કોન્ટ્રાક્ટ પરના ૮ ડોકટરોને સસ્પેન્ડ કરાયા છે જ્યારે VS હોસ્પિટલના ફાર્માકોલોજિસ્ટ ડો.દેવાંગ રાણાને સસ્પેન્ડ કરાયા છે. સમગ્ર મામલે એથિકલ કમિટીની રચના વગર દર્દીનું પરિક્ષણ કરવામાં આવતું હતું. જેમાં એક કે બે નહીં પણ ચાર વર્ષથી ૫૦૦ કરતા વધારે દર્દીઓ પર ૫૭ જેટલી ફાર્મા કંપનીઓ દ્વારા રિસર્ચ થયું હતું. જેમાં તાવ અને સ્કિન સહિત અતિ ગંભીર રોગની દવાના પરિક્ષણ બેરોકટોક ચાલતા હતા. પરંતુ ૪ વર્ષ બાદ જ્યારે વીએસ હોસ્પિટલમાં એક સુપ્રિટેન્ડન્ટ બદલાયા ત્યારે આખું કૌભાંડ સામે આવ્યું. સમગ્ર મામલે અમદાવાદ મહાનગરપાલિકાના હોસ્પિટલ વિભાગના ડેપ્યુટી કમિશનર બીસી પરમાર દ્વારા મીડિયા સામે ચોંકાવનારો રિપોર્ટ આપવામાં આવ્યો છે. માત્ર ડેપ્યુટી કમિશનર નહીં પરંતુ **NHL Municipal Medical College** ના ડીન ડો. ચેરી શાહ અને **NHL Municipal Medical Collegi** ફાર્મોકોલોજિસ્ટ ડો.સુપ્રિયા મલ્હોત્રા એ જણાવ્યું કે આ પ્રકારે જ્યારે પણ ક્લિનિકલ ટ્રાયલ માટે લેવાય ત્યારે નીતિનિયમો



પ્રમાણે ટ્રાયલ કરવામાં આવે છે. જે વ્યક્તિ ટ્રાયલ કરાય તેમની મેડિકલ હિસ્ટ્રી થી લઈને ટ્રાયલ માટે તેમને કેટલું વળતર ચૂકવાશે તે દરમિયાન કોઈપણ તકલીફ થાય તો કંપની શું જવાબદારી લેશે તે તમામ માટે એક એથિકલ કમિટીની રચના કરવામાં આવે છે. પરંતુ વીએસ હોસ્પિટલના મામલામાં હોસ્પિટલની પોતાની કોઈ એથિકલ કમિટી નહોતી છતાં વિદેશની ફાર્મા કંપનીના ટ્રાયલ ચાલતા રહ્યા હતા. વિજિલન્સ પાસે જ્યારે તપાસ આવી ત્યારે એથિકલ કમિટી ધરાવતી **NHL Municipal Medical College**ને તપાસ કમિટીમાં સામેલ કરવામાં આવ્યા હતા. ૧ મહિનાની પ્રાથમિક તપાસમાં પ્રથમ રિપોર્ટ અમદાવાદ મહાનગરપાલિકાના કમિશનરને સોંપવામાં આવ્યો હતો ત્યારબાદ **VS** હોસ્પિટલના ફાર્માકોલોજિસ્ટ ડો દેવાંગ રાણાને પણ સસ્પેન્ડ કરાયા છે સાથે કોન્ટ્રાક્ટ પર કામ કરતા ૮ તબીબોને ટર્મિનેટ કરવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે, હોસ્પિટલમાં રેબિસ વેક્સિન, તાવ, સ્કિન સાથે અતિ ગંભીર રોગમાં દવાના પ્રયોગ થયા છે. સામાન્ય રીતે આવા મામલામાં દર્દીની મંજૂરી લેવાની હોય છે જે લેવાઈ હતી પરંતુ જે એથિકલ કમિટી હતી તે એથિકલ કમિટી ના તો હોસ્પિટલની પોતાની હતી ન તો એપ્રુવ **NHL Municipal Medical College**ની એથિકલ કમિટીને જાણ કરવામાં આવી પરિણામે ફાર્મા કંપનીએ હોસ્પિટલને આપેલું ફંડ અલગ અલગ બેંક ખાતાઓમાં જમા થતા હોવાનું સામે આવ્યું. જેને લઈને આગામી સમયમાં વિસ્તૃત તપાસ પણ કરવામાં આવશે. ૧ મહિનાની પ્રાથમિક તપાસમાં પ્રથમ રિપોર્ટ અમદાવાદ મહાનગરપાલિકાના કમિશનરને સોંપવામાં આવ્યો હતો ત્યારબાદ **VS** હોસ્પિટલના ફાર્માકોલોજિસ્ટ ડો દેવાંગ રાણાને પણ સસ્પેન્ડ કરાયા છે સાથે કોન્ટ્રાક્ટ પર કામ કરતા ૮ તબીબોને ટર્મિનેટ કરવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે, હોસ્પિટલમાં રેબિસ વેક્સિન, તાવ, સ્કિન સાથે અતિ ગંભીર રોગમાં દવાના પ્રયોગ થયા છે. સામાન્ય રીતે આવા મામલામાં દર્દીની મંજૂરી લેવાની હોય છે જે લેવાઈ હતી પરંતુ જે એથિકલ કમિટી હતી તે એથિકલ કમિટી ના તો હોસ્પિટલની પોતાની હતી ન કમિટીને જાણ કરવામાં આવી પરિણામે ફાર્મા કંપનીએ હોસ્પિટલને આપેલું ફંડ અલગ અલગ બેંક ખાતાઓમાં જમા થતા હોવાનું સામે આવ્યું.જેને લઈને આગામી સમયમાં વિસ્તૃત તપાસ પણ કરવામાં આવશે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન: ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨



પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાઉદી અરેબિયાના જેદ્દાહ ખાતે મક્કા ક્ષેત્રના ડેપ્યુટી ગવર્નર પ્રિન્સ સઉદ બિન મિશાલ બિન અબ્દુલઅઝીઝને મળ્યા.

### ઘણાં કિસ્સામાં પરિવારે જ નવજાતને વેચી દીધું હોવાનું તારણ

# દેશમાં બાળ તસ્કરીનું દૂષણ, સ્થિતિ બદથી બદતર થઈ રહી છેઃ સુપ્રીમ

### દિલ્હીના દ્વારકા વિસ્તારમાં નવજાત બાળકોની તસ્કરીના કેસમાં જસ્ટિસ જે.બી. પારડીવાલા અને જસ્ટિસ આર મહાદેવનની બેન્ચ સમક્ષ સુનાવણી હાથ ધરાઈ હતી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

બાળ તસ્કરીનું દૂષણ દેશભરમાં વકરી રહ્યું હોવા બાબતે ચિંતા વ્યક્ત કરીને સુપ્રીમ કોર્ટે આ મામલે ઝડપી કાર્યવાહી કરવા અને સૂત્રધારને ઝડપી લેવા દિલ્હી પોલીસને નિર્દેશ આપ્યા હતા. બાળ તસ્કરી ડામવાના પોલીસના પ્રયાસો વચ્ચે સ્થિતિ બદથી બદતર થઈ રહી હોવાનું અવલોકન કરી સુપ્રીમ કોર્ટે ત્રણ મિસિંગ નવજાત બાળકોને શોધવા અને ગેંગ લીડર પૂજાની ધરપકડ કરવા દિલ્હી પોલીસને તાકીદ કરી હતી. દિલ્હીના દ્વારકા વિસ્તારમાં નવજાત બાળકોની તસ્કરીના કેસમાં જસ્ટિસ જે.બી. પારડીવાલા અને જસ્ટિસ આર મહાદેવનની બેન્ચ સમક્ષ સુનાવણી હાથ ધરાઈ હતી. બાળ તસ્કરીમાં પરિવાર કે માતા-પિતાની સંડોવણી હોવાનો ખુલાસો પોલીસ તપાસ દરમિયાન થયો હતો. આ બાબતે ચિંતા વ્યક્ત કરતાં સુપ્રીમ કોર્ટે નોંધ્યુ હતું કે, નવજાત બાળક દીકરી હશે તો તેની સાથે શું થશે તે કહેવાની



જરૂર નથી. આ મામલે ઝડપી કાર્યવાહી માટે પોલીસને નિર્દેશ આપીને કોર્ટે ચાર અઠવાડિયા પછી વધુ સુનાવણી રાખી છે. દિલ્હી પોલીસને કડક તાકિદ કરતાં સુપ્રીમ કોર્ટે ઠરાવ્યુ હતું કે, કોઈ પણ ભોગે મિસિંગ બાળકોને શોધવાના છે અને સૂત્રધારની ધરપકડ કરવાની છે. અગાઉ ૧૫ એપ્રિલે સુપ્રીમ કોર્ટે ચાઈલ્ડ ટ્રાફિંગના આંતરરાજ્ય કેસમાં નોંધપાત્ર ચુકાદો આપ્યો હતો. જેમાં ૧૩ આરોપીઓના જામીન રદ કરી દેવાયા હતા. જામીન રદ કરતાં કોર્ટે ઠરાવ્યુ હતું કે ન્યાય માટે પીડિતોનું આક્રંદ સંભળાય છે.

## ન્યૂઝ બ્રિફ

### બેંગલુરુમાં વાયુસેનાના વિંગ કમાન્ડર પર જીવલેણ હુમલો



। (એજન્સી) બેંગલુરુ, તા.૨૨ ।

કર્ણાટકના પાટનગર બેંગલુરુમાં ચોંકાવનારી ઘટના બની છે. અહીંયા ભારતીય વાયુસેનાના એક વિંગ કમાન્ડર પર કેટલાક અજાણ્યા લોકોએ હુમલો કર્યો હતો. જેના કારણે વિંગ કમાન્ડર ગંભીર રીતે ઘાયલ થઈ ગયા છે. પ્રાથમિક માહિતી મુજબ, વિંગ કમાન્ડર પર પોતાની પત્નીની સાથે એરપોર્ટ જઈ રહ્યા હતા ત્યારે આ ઘટના બની હતી. આ ઘટનામાં તેમને માથા પર ઈજા પહોંચી છે. તેમણે ઘટના પછી પોલીસની નિષ્ક્રિયતાની ટીકા પણ કરી છે. જેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. વીડિયોમાં વિંગ કમાન્ડર ગંભીર રીતે ઘાયલ અને લોહીથી લથબથ દેખાઈ રહ્યા છે. વિંગ કમાન્ડર શિલાદિત્ય બોઝે આક્ષેપ લગાવ્યો છે કે દ્વિચક્રી વાહન પર તેમની પાછળ આવી રહેલા લોકોએ હુમલો કર્યો અને અપશબ્દો બોલ્યા હતા. તેમણે ઈસ્ટાગ્રામ પર એક વીડિયો શેયર કર્યો, જેમાં તેમણે ઘટનાક્રમની વિગતવાર માહિતી આપીને પોતાના ચહેરા અને ગળા પરના ઈજાના નિશાન દેખાડ્યા, જેમાંથી લોહી વહી રહી રહ્યું હતું. આ સાથે તેમણે દાવો કર્યો કે પોલીસ સ્ટેશન ગયા હતા, પરંતુ તેમને ત્વરિત મદદ મળી નહીં.આ સાથે વીડિયોમાં તેમણે જણાવ્યું કે, હું મારી પત્નીની સાથે એરપોર્ટ જઈ રહ્યો હતો, ત્યારે પાછળથી આવેલા બાઈક ચાલકોએ કન્નડ ભાષામાં અપશબ્દો બોલ્યા હતા. પછી મારી પત્નીને પણ અપશબ્દો કહ્યા હતા.

### યુવાનવયે કાર્ડિયાક હુમલો સુરતમાં એક દિવસમાં બે મોત



। (એજન્સી) સુરત, તા.૨૨ ।

સુરત શહેરમાં બેભાન થઈ ગયા બાદ મહિલા સહિત બેના મોતના બનાવમાં મહિધરપુરા ખાતે રહેતી મહિલાનું અચાનક બેભાન થઈ ગયા બાદ મોત નિપજ્યું હતું. બીજા કિસ્સામાં અમરોલી કોસાડ આવાસમાં રહેતા યુવકનું બેભાન થઈ ગયા બાદ મોત નિપજ્યું હતું.સ્મીમેર હોસ્પિટલ પાસેથી મળતી માહિતી મુજબ મહિધરપુરા ડાંગી શેરીમાં રહેતી ૩૪ વર્ષીય સ્વાતિબેન તેજસ કુમાર દૂધવાલા આજે સવારે ઘરે એકાએક ચક્કર ખાઈ ઢળી પડ્યા હતા. પરિવારજનો સારવાર માટે હોસ્પિટલમાં લઈ ગયા હતા, જ્યાં ફરજ પરના તબિયત તેમને મૃત જાહેર કર્યા હતા. તેમના પતિ ગજેરા સ્કૂલમાં સ્કૂલ વાન ચલાવે છે. તેમને એક પુત્ર અને પુત્રી છે. આ અંગે વધુ તપાસ મહિધરપુરા પોલીસ કરી રહી છે. બીજા બનાવમાં મૂળ ભાવનગરના વતની અને હાલમાં અમરોલી કોસાડ આવાસ ખાતે રહેતા ૩૧ વર્ષીય નિલેશ છના પરમાર ખાનગી કંપનીમાં સફાઈ કામ કરી પરિવારમાં પત્ની અને એક પુત્રને ત્રણ પુત્રીનું ગુજરાન ચલાવતા હતા. નિલેશભાઈ આજે સવારે ઘરે બેભાન થઈ ઢળી પડ્યા હતા. પરિવારજનો તેમને સારવાર માટે સ્મીમેર હોસ્પિટલમાં લઈ આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે વધુ તપાસ અમરોલી પોલીસ કરી રહી છે. બંનેના મોત હાર્ટ એટેકથી થયા હોવાની શક્યતા છે.

# ED છેતરપિંડીનો ભોગ બનેલાઓને આ વર્ષે રૂ.૧૫,૦૦૦ કરોડની સંપત્તિ પરત કરશે

### ગત વર્ષથી શરૂ થયેલી આ પ્રક્રિયામાં જેમની સાથે છેતરપિંડી થઇ છે તેવા કાયદેસરના માલિકોને મિલ્કતો મળી રહેશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ દેશભરમાં રિયલ એસ્ટેટ, પોન્ઝી અને અન્ય છેતરપિંડીમાં ભોગ બનનાર લોકોને ચાલુ નાણાકીય વર્ષમાં આશરે રૂ. ૧૫,૦૦૦ કરોડની સંપત્તિ પાછી આપવાનું નક્કી કર્યું છે. તપાસ સંસ્થાએ આ તમામ સંપત્તિ આરોપીઓ પાસેથી જપ્ત કરી છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે તપાસ સંસ્થાએ એન્ટિ-મની લોન્ડરિંગ કાયદા હેઠળ ઉપલબ્ધ મિલ્કતોને પાછી આપવાની જોગવાઈની શરૂઆત કરી દીધી છે. ગત વર્ષથી શરૂ થયેલી આ પ્રક્રિયામાં જેમની સાથે છેતરપિંડી થઈ છે તેવા કાયદેસરના માલિકોને મિલ્કતો મળી રહેશે. નાણાકીય ગુના દ્વારા છેતરાયેલા કાયદેસર માલિકો અને હકદાર દાવેદારોને તેમના બાકી નાણાં મળે તે સુનિશ્ચિત કરવા માટેની પ્રક્રિયા આક્રમકરીતે શરૂ કરાઈ છે તેમ દસ્તાવેજોમાં જણાવાયું છે.



અત્યારસુધી આ જોગવાઈ હેઠળ રૂ. ૩૧,૯૫૧ કરોડની સંપત્તિ પાછી અપાઈ છે. આમાંથી ૨૦૧૯-૨૧માં રૂ. ૧૫,૨૦૧ કરોડની અસ્કયામતો પાછી અપાઈ હતી. જેમાં ભાગેડુ આરોપીઓ વિજય માલ્યા અને નિરવ મોદી ઉપરાંત નેશનલ સ્પોટ એક્સચેન્જ લિમિટેડના મની લોન્ડરિંગના ત્રણ કેસને લગતી સંપત્તિઓ હતી. ગત વર્ષે જૂનમાં જ ઈડી ડિરેક્ટર રાહુલ નવીને મની લોન્ડરિંગના તમામ કેસોની સર્વગ્રાહી સમીક્ષા હાથ ધરી હતી. જેમાં છેતરપિંડીના ભોગ બનેલા પીડિતોને પાછી આપી શકાય તેવી સંપત્તિઓ નક્કી કરાઈ હતી. એ પછી સંસ્થાએ સંપત્તિ પરત આપવાની પ્રક્રિયા શરૂ કરવા માટે અરજીઓ ફાઈલ કરી હતી અને તેમાંથી તેને ૩૨ કેસોમાં કોર્ટના આદેશો મળ્યા હતા તેમ અધિકારીઓએ જણાવ્યું હતું. ઈડી વડાએ તાજેતરમાં એજન્સીના તમામ પ્રદેશોને ''નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન રૂ. ૧૫,૦૦૦ કરોડની સંપત્તિ પરત આપવા માટે ચિહ્નિત કેસ પર સક્રિયપણે કામ કરવા'' નિર્દેશો જારી કર્યા છે. તપાસ અધિકારીઓ અને તેમના સુપરવાઈઝરી અધિકારીઓને સક્ષમ કોર્ટ સમક્ષ ખાસ અરજીઓ દાખલ કરવા અને અંતિમ આદેશ જારી ન થાય ત્યાં સુધી તેને ફોલો અપ કરવાની સૂચના આપી છે. જ્યાં વળતર મળી શકે છે તેવા આવા વધુ કેસો પર કામ ચાલી રહ્યું છે, તેમ અધિકારીઓએ ઉમેર્યું હતું.

### ભાજપ સરકાર ઈડીનો દુરુપયોગ કરી રહી છેઃ કુમારી શૈલજા

# EDની કાર્યવાહી સામે કોંગ્રેસનું ૨૫મીથી દેશમાં વિરોધ પ્રદર્શન

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

કોંગ્રેસ મહામંત્રી અને લોકસભા સાંસદ કુમારી શૈલજાએ સોમવારે નેશનલ હેરાલ્ડ મામલામાં સરકારની કાર્યવાહીને દેશના ગંભીર મુદ્દાઓથી લોકોનું ધ્યાન ભટકાવવા માટેનું ષડયંત્ર ગણાવ્યું છે. આ સાથે કુમારી શૈલજાએ કહ્યું કે, સરકારની આ કાર્યવાહીની સામે કોંગ્રેસ પાર્ટી ૨૫મી એપ્રિલે દેશભરમાં રેલીઓ યોજીને વિરોધ પ્રદર્શન કરશે. ઉલ્લેખનીય છે કે તાજેતરમાં નેશનલ હેરાલ્ડ મામલામાં સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીની સામે ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે, જેમાં તેમના પર રૂપિયા ૯૮૮ કરોડની હેરાફેરી કરવાના આક્ષેપ લગાવવામાં આવ્યા છે. કોંગ્રેસ સાંસદ કુમારી શૈલજાએ પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યું કે આ ભાજપનું ષડયંત્ર છે. આ રાજકીય બદલો છે. ગત વર્ષથી ચાલી રહેલા



અમારા 'બંધારણ બચાવો' અભિયાન અંતર્ગત અમે ૨૫થી ૩૦ એપ્રિલ સુધી દેશભરમાં રેલીઓ યોજી રહ્યા છીએ. આ રેલીઓ ૩થી ૧૦ મેની વચ્ચે જિલ્લા સ્તર પર અને ૧૧થી ૧૭ મેની વચ્ચે વિધાનસભા ક્ષેત્ર સ્તર પર આયોજિત કરાશે. કોંગ્રેસના વરિષ્ઠ દલિત નેતાઓ પૈકીના એક શૈલજાએ કહ્યું કે, આ અભિયાન અંતર્ગત અમે ૨૦થી ૩૦ મે સુધી ઘરે-ઘરે જઈને જનસંપર્ક કાર્યક્રમ કરીશુ, જેથી ભાજપના કુપ્રચાર અભિયાનની પોલ ખોલી શકાય.

### નળ સરોવરમાં શિકાર મુદ્દે ૩ વર્ષમાં ૮ની ધરપકડ

# નળ સરોવરમાં પક્ષી અને વેળાવદર રાષ્ટ્રીય ઉધાનમાં કાળિયારનો શિકાર

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૨ ।

રાજ્યના નળ સરોવરમાં દેશ-વિદેશથી લાખો યાયાવર પક્ષીઓ આવતા હોય છે જેને નિહાળવા માટે લાખો પ્રવાસીઓ જતા હોય છે પરંતુ દર વર્ષે પક્ષીઓના શિકારની ઘટના નોંધાય છે. છેલ્લા ત્રણ વર્ષમાં નળ સરોવરમાં પક્ષીઓના શિકાર કરતા કુલ ૮ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. પક્ષીઓના શિકારની ઘટનાઓ સમયાંતરે બહાર આવતી હોય છે ત્યારે સ્થાનિક વન વિભાગના સ્ટાફ ચૂસ્ત પેટ્રોલિંગ કરવાની જરૂર છે. નળ સરોવરમાં આવતા પક્ષીઓનો ખોરાક તરીકે ઉપયોગ કરવા અને પકડીને તેનું વેચાણ કરવાના હેતુથી પક્ષીઓને શિકારીઓ દ્વારા પકડવામાં આવતા હોય છે. વર્ષ ૨૦૨૧માં પક્ષીઓ સાથે પાંચ આરોપી, ૨૦૨૨માં ૨



આરોપી અને ૨૦૨૩માં ૧ આરોપીને વન વિભાગ દ્વારા ઝડપી લેવામાં આવ્યા હતા. વન વિભાગ દ્વારા એવો દાવો કરાય છે કે નળ સરોવર અને પેટ્રોલિંગ માટે ફાળવેલો સ્ટાફ બોટમેનની મદદથી સરોવર અને તેની બહારના વિસ્તારમાં પણ દિવસ-રાત દરમિયાન સઘન પેટ્રોલિંગની કામગીરી કરે છે. ગેરકાયદે પ્રવૃતિ રોકવા માટે એસઆરપી અને બોર્ડર વિંગ હોમગાર્ડની ફાળવણી પણ કરાય છે.

### RBIએ કોમર્શિયલ અને સહકારી બેંકોને પરિપત્ર જારી કરી સૂચના આપી

# હવે ૧૦ વર્ષથી મોટા સગીરો પોતાનાં બેન્ક ખાતાં સ્વતંત્ર રીતે ઓપરેટ કરી શકશે



। (એજન્સી) મુંબઇ, તા.૨૨ ।

રિઝર્વ બેન્કે સોમવારે બેંકોને ૧૦ વર્ષથી વધુ ઉંમરના સગીરોને સ્વતંત્રરીતે બચત/મુદત થાપણ ખાતા ખોલવા અને તેને ઓપરેટ કરવાની મંજૂરી આપી છે. આ મામલે રિઝર્વ બેન્કે સૂચનાઓ જારી કર્યા છે. આ મહત્વપૂર્ણ પગલાને કારણે બેન્કોમાં વધુ ખાતા ખુલશે અને બચતોને પ્રોત્સાહન મળી શકે છે. કોમર્શિયલ બેંકો અને સહકારી બેંકોને સંબોધિત કરતાં એક પરિપત્રમાં જણાવ્યું હતું કે, કોઈપણ ઉંમરના સગીરોને તેમના કુદરતી અથવા કાનૂની વાલી દ્વારા બચત અને મુદત થાપણ ખાતા ખોલવા અને ચલાવવાની મંજૂરી આપી શકાય છે. તેમને તેમની માતાને વાલી તરીકે રાખીને આવા ખાતા ખોલવાની મંજૂરી પણ મળી શકે છે.પરિપત્રમાં જણાવાયું છે કે 'ઓછામાં ઓછી ૧૦ વર્ષથી વધુ ઉંમરના અને બેંકો દ્વારા તેમની જોખમ વ્યવસ્થાપન નીતિને ધ્યાનમાં રાખીને નક્કી કરવામાં આવેલી રકમ અને શરતો સુધીના સગીરોને જો તેઓ ઈચ્છે તો સ્વતંત્ર રીતે બચત/મુદત થાપણ ખાતા ખોલવા અને ચલાવવાની મંજૂરી આપી શકાય છે. આવી શરતો અંગે ખાતાધારકને જાણ કરવાની રહેશે.'વધુમાં પુખ્તવય મેળવ્યા બાદ ખાતું ઓપરેટ કરવા માટે નવેસરથી સૂચના મેળવવી પડશે અને ખાતાધારકની સહીનો નમૂનો મેળવીને રેકોર્ડમાં રાખવો પડશે તેમ જણાવતાં પરિપત્રમાં ઉમેરાયું હતું કે 'બેન્કો તેમની રિસ્ક મેનેજમેન્ટ પોલિસી, પ્રોડક્ટ અને ગ્રાહકની યોગ્યતાના આધારે સગીર ખાતાધારકોને ઈન્ટરનેટ બેન્કિંગ, એટીએમ/ડેબિટ કાર્ડ્સ, ચેકબુકની ફેસિલિટી વિગેરે જેવી વધારાની બેન્કિંગ સવલતો ઓફર કરી શકે છે.'બેંકોએ સુનિશ્ચિત કરવાનું રહેશે કે સગીરોના ખાતા, ભલે તે સ્વતંત્ર રીતે ચલાવવામાં આવતા હોય કે વાલી દ્વારા તેમને ઓવરડ્રો કરવાની મંજૂરી આપવાની નહિ રહે અને તેમના ખાતામાં કાયમ પૈસા જમા હોવા જોઈએ તેમ રિઝર્વ બેન્કે ઉમેર્યુ છે. ઉપરાંત, બેંકો સગીરોના ડિપોઝિટ ખાતા ખોલવા માટે ગ્રાહક ડ્યુ ડિલિજન્સ કરશે અને આગળ જતાં પણ ડ્યુ ડિલિજન્સની કામગીરી ચાલુ રહેશે.



મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે મુંબઈમાં ૨૬/૧૧ના શહીદ અંબાદાસ પવારના પત્ની કલ્પના પવારને નાયબ પોલીસ અધિક્ષકનો નિમણૂક આદેશ સોંપ્યો.

### આ ઘટના શુક્લા ભુજૌલી ચાર રસ્તા પર બની હતી

# ઉત્તરપ્રદેશમાં એક કાર વૃક્ષ સાથે અથડાતા છનાં મોત

### સ્થાનિક લોકોની મદદથી પોલીસે કારમાં યાત્રા કરી રહેલા લોકોને હોસ્પિટલ પહોંચાડ્યા હતા

। (એજન્સી) ગોરખપુર, તા.૨૨ ।

ઉત્તરપ્રદેશના કુશીનગર જિલ્લામાં એક કાર વૃક્ષ સાથે અથડાઈ હતી, જેમાં છ લોકોના મોત થયા હતા. જ્યારે અન્ય બે લોકો ઘાયલ થયા છે. આ ઘટના રવિવારે રાત્રે શુક્લા ભુજૌલી ચાર રસ્તા પર બની હતી, જ્યાં કારમાં મુસાફરી કરી રહેલા લોકો લગ્નમાં સામેલ થવા દેવગાંવ ગામ જઈ રહ્યા હતા.પોલીસ અધિકારીઓના કહેવા મુજબ, સ્થાનિક લોકોની મદદથી પોલીસે કારમાં યાત્રા કરી રહેલા લોકોને હોસ્પિટલ પહોંચાડ્યા હતા. ત્યાં ડોક્ટરોએ



૬ લોકોને મૃત જાહેર કર્યા હતા, જ્યારે બાકીના બેની સારવાર ચાલી રહી છે. કુશીનગરના પોલીસ અધિકારી સંતોષ કુમાર મિશ્રાએ જણાવ્યું કે, મામલાની વિસ્તૃત તપાસ કરવામાં આવી રહી છે. મૃતકોમાં બે ભાઈ હરેન્દ્ર મદ્ધેશિયા અને યોગેન્દ્ર મદ્ધેશિયા, રંજીત, મુકેશ, ભીમ લક્ષ્મણ યાદવ અને કાર ડ્રાઈવર ઓમ પ્રકાશ સામેલ છે.

## તંત્રી લેખ...

# આતંક પર નિર્ણાયક પ્રહારની તક

મુંબઈ પર થયેલા ભીષણ આતંકી હુમલાના દોઢ દાયકા બાદ તેનો એક મુખ્ય કાવતરાખોર તહવ્વુર હુસૈન રાણા અંતે ભારતના હાથે ચડી ગયો. પાકિસ્તાની મૂળનો કેનેડિયન નાગરિક રાણાનું હાલમાં અમેરિકાથી પ્રત્યર્પણ સંભવ બન્યું છે. આ મોદી સરકારની મોટી કૂટનીતિક જીત માનવામાં આવે છે. રાણાના પકડાયા બાદ કેટલાય રહસ્યો પરથી પડદો ઉઠવાની આશા જાગી છે. રાણાની ધરપકડ પર જારી વિજ્ઞપ્તિમાં રાષ્ટ્રીય તપાસ એજન્સી એટલે કે એનઆઈએએ લશ્કરે તૈયબાની સાથે સાથે હરકત ઉલ જેહાદે ઈસ્લામીને પણ આ હુમલાના કાવતરાખોર ગણાવ્યા છે. પહેલાં આ હુમલાને એકલા લશ્કરનું કામ માનવામાં આવતું રહ્યું. રાણાનું ભારતની ચુંગાલમાં આવવાનું એક ઐતિહાસિક પાસું બીજું પણ છે. કેનેડાની નાગરિકતા મેળવતાં પહેલાં તે પાકિસ્તાની સેનાની મેડિકલ કોરમાં કેપ્ટન હતો. રાણાનો ભાઈ પણ પાકિસ્તાની ફોજમાં મનોવિજ્ઞાની છે. આ દષ્ટિકોણથી જોઈએ તો રાણા સંભવતઃ પાકિસ્તાની સેના સાથે જોડાયેલો એવો વ્યક્તિ છે, જે જમ્મુ-કાશ્મીરની બહાર થયેલા કોઈ આતંકવાદી હુમલા મામલે ભારતના હાથમાં ચડ્યો છે. રાણા અને મુંબઈ હુમલાના મુખ્ય કાવતરાખોરોમાં એક પાકિસ્તાની મૂળનો અમેરિકી નાગરિક દાઉદ ગિલાની ઉર્ફે ડેવિડ કોલમેન હેડલી લશ્કર સાથે સાથે અલકાયદાના આતંકી ઈલિયાસ કાશ્મીરી માટે પણ કામ કરી રહ્યો હતો. ઈલિયાસ પણ રાણાની જેમ પાકિસ્તાની ફોજમાં રહી ચૂક્યો હતો. એક ભારતીય સૈનિકનું માથું કાપવા બદલ જનરલ પરવેઝ મુશર્રફે તેને સન્માનિત પણ કર્યો હતો. પાકિસ્તાનમાં બેસીને મુંબઈ હુમલાનું સંચાલન કરનારો મેજર ઈકબાલ પણ પાકિસ્તાની ફોજનો જ અધિકારી છે. આ દર્શાવે છેકે ખુદ પાકિસ્તાની ફોજ આતંકી પેદા કરવાની ફેક્ટરી છે, બલ્કે તેમાં અને લ શ્કર અને જૈશ જેવા આતંકી સંગઠનોમાં કોઈ અંતર નથી.

## બંધારણીય પદો શોભા માટે નથી, લોકશાહીમાં દરેક નાગરિક સર્વોચ્ચ છેઃ માનનીય ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખર

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખરે આજે કહ્યું, ‘‘કોઈપણ લોકશાહી માટે, દરેક નાગરિકની મહત્વપૂર્ણ ભૂમિકા હોય છે. મને એ વાત અકલ્પનીય રીતે રસપ્રદ લાગે છે કે કેટલાક લોકોએ તાજેતરમાં એવો મત વ્યક્ત કર્યો છે કે, બંધારણીય પદો ઔપચારિક અથવા સુશોભન હોઈ શકે છે. આ દેશમાં દરેક વ્યક્તિની ભૂમિકા વિશેની ગેરસમજથી કોઈ દૂર રહી શકતું નથી, પછી ભલે તે બંધારણીય પદાધિકારી હોય કે નાગરિક. મારું માનવું છે કે નાગરિક સર્વોચ્ચ છે, કારણ કે રાષ્ટ્ર અને લોકશાહીનું નિર્માણ નાગરિકો દ્વારા થાય છે. તેમાંના દરેકની એક ખાસ ભૂમિકા છે. લોકશાહીનો આત્મા દરેક નાગરિકમાં રહે છે અને ધબકે છે. લોકશાહી ખીલશે, તેનું મૂલ્ય ત્યારે જ વધશે જ્યારે નાગરિકો જાગૃત હશે, નાગરિકો યોગદાન આપશે. નાગરિક જે યોગદાન આપે છે તેનો કોઈ વિકલ્પ નથી.’’ આજે દિલ્હી યુનિવર્સિટીમાં ભારતીય બંધારણના ૭૫ વર્ષ નિમિત્તે આયોજિત ’કર્તવ્યમ’ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત લોકોને સંબોધતા, દિલ્હી યુનિવર્સિટીના ઉપ-રાષ્ટ્રપતિ અને પદાધિકારી કુલપતિએ કહ્યું, "બંધારણમાં સંસદથી ઉપર કોઈ શક્તિની કલ્પના કરવામાં આવી નથી. સંસદ સર્વોચ્ચ છે. તેથી હું તમને કહી દઉં કે તે દેશના દરેક વ્યક્તિ જેટલું જ સર્વોચ્ચ છે. લોકશાહીમાં, ’આપણા લોકો’નો એક ભાગ એક અણુ છે અને તે પરમાણુ શક્તિ ધરાવે છે. તે પરમાણુ શક્તિ ચૂંટણી દરમિયાન પ્રતિબિંબિત થાય છે અને તેથી જ આપણે એક લોકશાહી રાષ્ટ્ર છીએ." તેમણે એમ પણ કહ્યું, ‘‘બંધારણનો સાર, તેનું મહત્વ, તેનું અમૃત બંધારણની પ્રસ્તાવનામાં સમાયેલું છે. અને તે શું કહે છે? ’આપણે, ભારતના લોકો’, તેમની પાસે સર્વોચ્ચ શક્તિ છે. ભારતના લોકોથી ઉપર કોઈ નથી. અને આપણે, ભારતના લોકો, બંધારણ હેઠળ, તેમના જનપ્રતિનિધિઓ દ્વારા તેમની આકાંક્ષાઓ, તેમની ઈચ્છાઓ અને તેમની લાગણીઓને પ્રતિબિંબિત કરવાનું પસંદ કરીએ છીએ. અને તેઓ ચૂંટણીઓ દ્વારા પ્રતિનિધિઓને જવાબદાર રાખે છે - ક્યારેક ખૂબ જ જવાબદાર. ૧૯૭૭ માં ’ કટોકટી’ લાદનાર પ્રધાનમંત્રીને જવાબદાર ઠેરવવામાં આવ્યા હતા. અને તેથી, તેમાં કોઈ શંકા ન હોવી જોઈએઃ બંધારણ લોકો માટે છે, અને તેનું રક્ષણ કરવાની જવાબદારી ચૂંટાયેલા પ્રતિનિધિઓની છે. તેઓ એ બાબતના અંતિમ સ્વામી છે કે, બંધારણની સામગ્રી શું હશે.’’ લોકશાહીમાં નાગરિકોની ફરજ પર પ્રતિબિંબ પાડતા, ઉપરાષ્ટ્રપતિએ કહ્યું, "લોકશાહી ફક્ત સરકાર દ્વારા શાસન વિશે નથી. તે સહભાગી લોકશાહી છે, જેમાં ફક્ત કાયદો જ નહીં પરંતુ સંસ્કૃતિ અને નૈતિકતાનો પણ સમાવેશ થાય છે. નાગરિકતા ફક્ત એક સ્થિતિ નથી, તે કાર્યવાહીની માંગ કરે છે... લોકશાહી સરકારો દ્વારા બનાવવામાં આવતી નથી, લોકશાહી વ્યક્તિઓ દ્વારા બનાવવામાં આવે છે. કારણ કે વ્યક્તિઓની જવાબદારી છે કે તેઓ આપણા મૂલ્યો જાળવી રાખે, આપણા વારસાનું જતન કરે, સાર્વભૌમત્વનું રક્ષણ કરે, ભાઈચારાને પ્રોત્સાહન આપે... સરકારની ભૂમિકા છે કે તે (વ્યક્તિ)અવરોધ ન બને. સરકારની ભૂમિકા સકારાત્મક નીતિઓ બનાવવાની છે, પરંતુ મારા માટે, સરકાર એક સારું સ્ટેડિયમ, સારું ફૂટબોલ મેદાન આપવા જેવું છે. ગોલ તો વ્યક્તિઓ દ્વારા જ થવાનાં છે." કોઈપણ સ્વસ્થ લોકશાહીમાં સંવાદની ગુણવત્તાના મહત્વ તરફ ધ્યાન દોરતા, ઉપરાષ્ટ્રપતિએ કહ્યું, "જો તમે લોકશાહીના સ્વાસ્થ્યને જાણવા માંગતા હો, જેમ કે વ્યક્તિના સ્વાસ્થ્ય, જો તમે વિશ્લેષણ કરવા માંગતા હો કે આપણી લોકશાહી કેટલી સ્વસ્થ છે, તો તમારે સંવાદની ગુણવત્તા શોધવી પડશે, આપણી પાસે કેવા પ્રકારનો સંવાદ છે. શું આપણો સંવાદ નિયંત્રિત છે? શું આપણો સંવાદ ચાલાકીથી ચાલે છે? શું આપણો સંવાદ પૈસાની શક્તિ, બાહુ બળ, વિદેશી હિતો, આ દેશના હિતોની વિરુદ્ધ કામ કરતા લોકો દ્વારા નિયંત્રિત છે? તમારે સમજવું પડશે." અભિવ્યક્તિની સ્વતંત્રતાના મહત્વ વિશે વાત કરતાં તેમણે કહ્યું, ‘‘આપણે સમજવું પડશે - લોકશાહી અભિવ્યક્તિ અને સંવાદ પર ખીલે છે. અભિવ્યક્તિ અને સંવાદ લોકશાહીના મુખ્ય મંત્ર છે. જો તમારા અભિવ્યક્તિના અધિકારને દબાવવામાં આવે અથવા નિયંત્રિત કરવામાં આવે, તો લોકશાહી ખોવાઈ જાય છે, જેમ કે કટોકટી દરમિયાન કરવામાં આવ્યું હતું. પરંતુ જો તમારી પાસે અભિવ્યક્તિનો અધિકાર હોય, અને તે અભિવ્યક્તિ ઘમંડ અને અહંકારને પ્રતિબિંબિત કરે છે - જ્યાં તમે માનો છો કે તમારી અભિવ્યક્તિ સર્વોપરી છે, જ્યાં તમે કોઈપણ અલગ દષ્ટિકોણ સ્વીકારવાનો ઈનકાર કરો છો.

**ક્યારેક પોતાની યંગ એજનાં ક્રશની વાત પણ ખુલ્લા મને કરતી! આમ જુવો તો સાવ નિર્દોષ મસ્તીને કારણે ફ્સટ્રેશન બધું નીકળી જતું**

# કીટી પાર્ટીનાં નામે કરતૂત! એ ટેગ સાથે વલ્લરીનો વિડિયો શું કામ વાયરલ થયો?



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**કીટી પાર્ટી માટે આ બુધવારે વલ્લરીના ઘરનો વારો હતો, અને એણે બધાને મજા આવી જાય માટે પાણીપુરીની વ્યવસ્થા કરી રાખી હતી! ઉપરથી બધા માટે કાજુ ગુલકંદનો આઈસ્ક્રીમ અને પાનનો મુખવાસ પણ લાવી દીધા હતાં. કીટીનો સમય બપોરનો જ રહેતો, એટલે ઘરનું પુરુષ મેમ્બર ઓફિસે હોય.**

આજે તો હવે કીટી પાર્ટી શબ્દથી સૌ કોઈ પરિચિત હશે! પણ પહેલાંના સમયમાં કીટી પાર્ટી એ ફક્ત ધનવાન સમાજની મહિલાઓ માટે જ હતી! જ્યાં મોટેભાગે એ પોતાના પતિના બ્લેકમની ને રમી કે તીન પત્તીમાં ઉડાવતી. પછી તો ધીરેધીરે એમાં દારૂ, સિગરેટ, ડ્રગ્સ જેવા અન્ય દૂષણ પણ પ્રવેશ્યા! આ ઉપરાંત પોતાનાં પતિની આવકનું પ્રદર્શન કરવાનો હેતુ પણ ખરો! એટલે કે આ નેકલેસ તો ગયા વીકમાં મારા પતિ સિંગાપોરથી લાવ્યા! અને આ મારું પર્સ છે ને એ, સિંગાપોરથી લાવ્યા છે. બીજી વીંટી કે સેન્ડલ દેખાડી કહે આ દુબઈના એક્સ્પો માંથી લેવામાં આવી છે! ટૂંકમાં મીડલ ક્લાસની મહિલાઓને આવાં શોખ પોષાય નહીં. પરંતુ આજકાલ મીડલ ક્લાસની મહિલાઓ પણ કીટી પાર્ટી કરે છે! અને એમાં પણ જે વર્કિંગ વુમન નથી, અને પતિની સાથે નવા દેશ કે પ્રદેશમાં સ્થિર થઈ હોય, ત્યાં કુટુંબ કબીલુ કે અન્ય સગા સંબંધીઓ નથી હોતાં, અને પતિ મેટ્રો સીટીને કારણે છેક રાત્રે ઘરે પહોંચે છે, એ મહિલા આખો દિવસ બોર થઈ જાય છે, એટલે અઠવાડિયે કે મહિને કીટી પાર્ટી કરે, અને એ બહાને નિર્દોષ મનોરંજન મેળવે. કીટી પાર્ટી યોગ્ય છે કે અયોગ્ય? એ આજનો વિષય નથી! પરંતુ ક્યારેક આવી નિર્દોષ હરકતથી કોઈનું લગ્ન જીવન દાવ પર લાગી જાય છે! એવો એક કિસ્સો આજે બુધવારની બોધકથામાં. વિભોર અને વલ્લરીના એરેન્જ મેરેજ થયાં અને બંને બેંગલોર સિફ્ટ થયાં. વિભોર એક મોટી કંપનીમાં ઊંચા હોદ્દા પર નોકરી કરતો હતો, અને એટલે જ વલ્લરી નોકરી કરે એવું એ ઈચ્છતો ન્હોતો. ઉલટું એણે તો વલ્લરી સાથે લગ્ન જ એ માટે કર્યા હતા કે એને કોઈ મોર્ડન યુવતી જોઈતી નહોતી. વલ્લરી દેખાવે સુંદર હતી, પણ એકદમ સાદી હતી, અને વિભોરને એની આ સાદગી સૌથી વધુ પસંદ હતી. જે ફ્લેટમાં એ લોકો રહેતા હતા ત્યાં મોના નામની એક ગુજરાતી યુવતી પણ પોતાના પતિ સાથે એકાદ વર્ષ પહેલાં રહેવા આવી હતી, અને અહીં એને બહુ મોટું ફ્રેન્ડ સર્કલ થઈ ગયું હતું, અને આ ગૃપ દર અઠવાડિયે એક મેમ્બરનાં ઘરે કીટી પાર્ટી માટે ભેગા થતાં હતાં. મોનાએ વલ્લરીને પણ પોતાની કીટી પાર્ટીનાં મેમ્બર થવા આગ્રહ કર્યો, વલ્લરી એ સ્પષ્ટ ના કહી, પણ પછી વિભોરે કહ્યું એટલે કીટી પાર્ટીની મેમ્બર બની. એ કીટી પાર્ટીની તમાંમ મહિલાઓનું એક વોટ્સએપ ગ્રૂપ પણ હતું! જેમાં બધી મહિલાઓ એકદમ બિન્દાસ રીતે મેસેજ કરતી! ઈવન બેડરૂમની અંગત વાતો પણ જાહેર કરતી. ક્યારેક પોતાની યંગ એજનાં ક્રશની વાત પણ ખુલ્લા મને કરતી! આમ જુવો તો સાવ નિર્દોષ મસ્તીને કારણે ફ્સટ્રેશન બધું નીકળી જતું, અને બધાં હળવાફૂલ થઈ જતાં! પણ વલ્લરીને આ બધું થોડું વધુ પડતું લાગતું હતું! કીટી પાર્ટી માટે આ બુધવારે વલ્લરીના ઘરનો વારો હતો, અને એણે બધાને મજા આવી જાય માટે પાણીપુરીની વ્યવસ્થા કરી રાખી હતી! ઉપરથી બધા માટે કાજુ ગુલકંદનો આઈસ્ક્રીમ અને પાનનો મુખવાસ પણ લાવી દીધા હતાં. કીટીનો સમય બપોરનો જ રહેતો, એટલે ઘરનું પુરુષ મેમ્બર ઓફિસે હોય. સમય થતાં વારાફરતી મોના, રેણું, વંદના, ઉષા, ક્રાંતિ સૂચી ભૂમિ નિમિષા, નતાશા એમ બધીજ સહેલીઓ આવી ગઈ. દર વખતની જેમ આ વખતે પણ રમત રમવાનું શરૂ થયું! અને કોઈને ગીત ગાવાનું, કોઈને ડાન્સ કરવાનું, કોઈને જોક્સ કરવાનું, તો કોઈને પઝલ સોલ્વ કરવાનું એમ આવ્યું! વલ્લરી ને ભાગે રોમેન્ટિક એક્ટિંગ કરવાની આવી, અને એ પણ એકદમ બોલ્ડ સીન સાથે! એણે ઘસીને ના પાડી પણ ટાસ્ક હતો, એટલે એમાં કંઈ ચાલે નહીં. નતાશા એકદમ બોયકટ વાળ વાળી ઉંચી અને એકદમ છોકરાં ટાઈપની હતી, એટલે એની સાથે રોમાન્સ કરવાં કહ્યું, અને એ પણ એકદમ મોર્ડન પહેરવેશ પહેરીને. બધીજ સહેલીઓ હતી એટલે આનાકાની કરતા કરતા એણે આ સીન કર્યો, અને નતાશાનો પાછળનો ભાગ અને વલ્લરીનું મોઢું આવે એમ એક બે ફોટા પણ પડ્યાં, અને એકબીજા એકબીજા કરતાં આ ફોટા વાયરલ થઈ ગયા! એક દિવસ વિભોર અને એનો ફ્રેન્ડ બને લંચ ટાઈમમાં લંચ કરતાં હતાં ત્યારે તેનાં ફ્રેન્ડ રોનકે એક ફોટો બતાવતા કહ્યું યાર યે લડકી તેરી બીવી જૈસી દિખતી હૈં ના! વિભોરે જોયું તો સાચે જ હતી! અને એ પણ આ લુકમાં, કોઈ અન્ય પુરુષ સાથે! એક મિનિટ તો એને શંકા ગઈ કે, શું મારી સીધીસાદી દેખાતી પત્ની, હું ઓફિસે આવું ત્યારે મારી પીઠ પાછળ કોઈ સાથે ફરે છે! તો શું આ સાદગી એક ઢોંગ છે? એ તેનાં મિત્ર સામું કેટલી ઉત્કંઠાથી જુવે છે, અને હમણાં જ એનો સાથી એને બાહોમાં સમાવી લેશે! પછી હોઠ પર હોઠ અને એ બંને વચ્ચેનાં તમામ બંધનો છૂટી જશે! અને બંને એકમેકમાં ઓગળી જશે! છીઈઈઈ...! મેં તો એને સાવ સીધીસાદી સમજીને લગ્ન કર્યા હતા, બાકી આવી ની તો લાઈન હતી, અને ન જાણે બીજું પણ કેટલુંય વિચારી લીધું કે, આ તો ન જ ચાલે! હું એને ડિવોર્સ આપી દઈશ! પણ પછી એણે શાંતિથી વિચાર્યું કે, એમ તો એના લગ્નને છ મહિના થયા, પણ ક્યારેય વલ્લરી એ ઉછાંછળાપણું કર્યું નથી! પોતાના અંગત સંબંધમાં પણ એ કાયમ શર્મિલી રહી છે! ના આ દેખાય છે એ પુરું સત્ય નથી! હું એમ વગર વિચાર્યે એને દંડી શકું નહીં, અને એણે આ ફોટો અંતે ક્યાંથી વાયરલ થયો છે, એ શોધવાનું નક્કી કર્યું,; તેમજ વલ્લરી સાથે પણ સ્પષ્ટતા કરવાનું વિચાર્યું, અને એના ફ્રેન્ડ પાસેથી એ ફોટો અને વીડિયો લઈ લીધાં. વિભોર ઘરે આવ્યો, રસ્તામાં વલ્લરીને કંઈ રીતે આ વાત પુછવી, એનું સતત રિહર્સલ કરતો કરતો આવ્યો હતો, પણ છતાં પુછવું કે ન પુછવું? એની અવઢવમાં એણે પોતાની ચાવીથી ઘર ખોલ્યું, અને જોયું તો કાયમ મુખ પર સ્મિત સજાવી એનું સ્વાગત કરવા તૈયાર રહેતી, વલ્લરી હોલમાં હતી નહીં! એને ફાળ પડી, અને એ કિચન, વોશરૂમ, બાલ્કની, બેડરૂમ, એમ એકપછી એક બધે ફરી વળ્યો, પણ વલ્લરી હતી નહીં, અને ત્યાં ટેરેસમાં કંઈક અવાજ આવતાં, એ ઉપર ભાગ્યો! એણે જોયું તો વલ્લરી ટેરેસના એક ખૂણામાં પોતાની જાતને સંકોરીને બેઠી હતી, અને ભયથી સતત ધ્રુજતી હતી. વિભોર એની પાસે ગયો, અને એ નાના બાળક જેમ એને વળગીને રડવા લાગી. વિભોરે એનાં વાંસામાં હાથ ફેરવતાં પુછ્યુ શુ થયુ! એટલે એણે પેલો વિડિયો બતાવ્યો! વિભોર જાણે પહેલીવાર જોયો હોય એમ કહ્યું શું છે આ? વલ્લરીએ ટૂંકમાં કીટી પાર્ટીનાં ટાસ્ક વિશે વાત કરી, અને નતાશાનો ફ્રન્ટ અને બેક બંને ફોટા બતાવ્યા! અને કહ્યું કે તમે ઈચ્છો તો નતાશા પોતે કહેશે કે, આ ફોટો અને વીડિયોમાં એ પોતે છે! વિભોર એ કહ્યું મને એની જરૂર નથી, પણ તું શું કામ આટલી ડરી ગઈ! એણે કહ્યું કે સોશ્યલ મીડિયા પર કીટી પાર્ટીને નામે કરતૂત! એવાં ટેગ સાથે આ ફોટો વિડિયો બધે વાયરલ થઈ ગયો છે, તો તમને કંઈ રીતે સાબિતી આપવી એ સમજાતું નહોતું, એટલે ટેરેસ પર સ્યુસાઈડ કરવા આવી હતી, પણ તમને આમ એકલા મુકીને મરવા માટે મન તૈયાર નહોતું! એણે કહ્યું એકવાર સચ્ચાઈ રાખી તો જો ! શક્ય છે, એને આ ફોટા કરતાં તારામાં વધુ ભરોસો હોય! બસ એટલે તમારી રાહ જોતી હતી. વિભોર એ કહ્યું ઓફ કોર્સ મને મારી ભોળી પત્નીમાં જ વધુ ભરોસો છે, અને આમ કહી એને પોતાની બાહોમાં સમાવી લીધી, અને એક ઘર તૂટતાં તૂટતાં બચી ગયું!

**એક મૂરખને એવી ટેવ, પથ્થર એટલા પૂજે દેવ, પાણી દેખી કરે સ્નાન, તુલસી દેખી તોડે પાન, એ અખા વડું ઉત્પાત, ઘણા પરમેશ્વર એ ક્યાંની વાત?**

# જીવનના મહત્તમ આનંદ માટે અફસોસ વિના તારા ભૂતકાળ નો સામનો કર, આત્મવિશ્વાસ પૂર્વક તારા વર્તમાનની સંભાળ રાખ અને સાથે ભય વિના તારા ભવિષ્ય પર નજર રાખ



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**જપ કેવી રીતે કરવો ?એ પણ એક પ્રશ્ન ઊઠે છે, જપ મનમાં પણ થઈ શકે, મોટેથી પણ થઈ શકે, જપ માળાથી પણ થઈ શકે, જપમાળા વગર પણ થઈ શકે, શરૂઆતમાં માનસિક સંતોષ ખાતર જપમાળા દ્વારા ગણત્રી પૂર્વકના જપ કરવામાં આવે તો માનસિક સંતોષ રહે છે, અને ઉત્સાહ વધે છે, પછી તો એવી સ્થિતિ આવી જાય છે કે બાહ્ય કાર્યો કરતાં કરતાં પણ અંતરમાં એ જપ સતત ચાલુ રહે છે, પ્રભુના નામસ્મરણની ધારા અવિરત ચાલતી રહે છે.**

ઘણા સમય પછી સમાચાર મળી રહ્યા છે કે રશિયા યુક્રેન વચ્ચે લગભગ યુદ્ધનો અંત આવશે ને સાથે જ શાંતિના દૂત ખ્રિસ્તી ધર્મ ગુરૂ પોપ ફ્રાન્સિસનું નિધન.. આજે ચોતરફ નજર કરો માણસનું મન ખૂબ અશાંત બની ગયું હોય તેવું લાગે છે, જીવનમાં ચારે બાજુ નિરાશા વ્યાપી ગઈ હોય છે. જીવવાનો રસ ઊડી ગયો હોય છે. ચારે બાજુથી ઘેરાઈ ગયા હોય તેવું લાગે ત્યારે બીજું કંઈ ન કરતાં, બસ ભગવાનના નામનો મોટે મોટેથી જપ કરવો જોઈએ. જેમ વ્યક્તિ પોતાના માતાપિતા કે મિત્રને બોલાવે તેમ મોટે મોટેથી ભગવાનને બોલાવવા વારંવાર એમના નામનું રટણ કરવાથી વ્યક્તિની આંતરિક સ્થિતિ આશ્ચર્ય કારક રીતે બદલાઈ જાય છે. તેના મનમાં શાંતિ ઊતરી આવે છે. એ શાંત મનમાં વિચાર કરતાં તેને જણાય છે કે ‘આટલી નાની અમસ્તી મુશ્કેલીમાં કંઈ મરી જવા જેવું નથી. પછી અંદરથી જ તેને હિંમત મળે છે. અને તેની નિરાશા કયાંય ચાલી જાય છે. મનુષ્યની આંતરિક સ્થિતિને ઊંચે ઊઠાવ વાની અદ્ભુત શક્તિ ભગવાનના નામમાં રહેલી છે. ઘણી વખત એવું પણ બને છે કે નિરાશ અને હતાશ બની ગયેલો મનુષ્ય નામ સ્મરણ કરે તો પછી તેના બાહ્ય સંજોગો પણ આશ્ચર્ય કારક રીતે બદલાઈ જાય છે. તે એવી વ્યક્તિઓના સંપર્કમાં આવે છે કે જેના દ્વારા તેને ભરપૂર સહાય મળે છે. તે પોતાના જીવન ની કટોકટીમાંથી ઊગરી જાય છે. પ્રભુના નામનું સતત રટણ એટલે જપ. સૂક્ષ્મ જગતનો નિયમ છે કે મનમાં પણ જો કોઈને સતત બોલાવવામાં આવે તો તે વસ્તુ કે વ્યક્તિ પાસે આવે જ. પણ એ કયારે આવે તેનો સમય નિશ્ચિત હોતો નથી. એવી જ રીતે ભગવાનના નામનું સતત રટણ કરનાર ભક્તની સમીપ ભગવાનને આવવું જ પડે છે ભગવાનને પામવાનો સહુથી સહેલામાં સહેલો રસ્તો જપનો છે. જપ કરવામાં નથી કોઈ વિધિ કરવી પડતી કે નથી કોઈ આકરું તપ કરવું પડતું કે નથી લાંબા લાંબા ધ્યાન કરવા પડતાં. ફક્ત પ્રભુના નામનું સતત રટણ કરવાનું હોય છે. ભગવાનના નામનું સતત રટણ કરવાથી સ્થૂલ ભૌતિક મન પર પણ તેના વિદ્યુત તરંગો સતત પડતા રહે છે અને તેથી સ્થૂલ મન વધારે સૂક્ષ્મ બનતાં સૂક્ષ્મ જગત ની અનેક વસ્તુઓ દેખાવા લાગે છે. પહેલાં જે નહોતું સમજાતું તે સમજાવા લાગે છે. એ અવિરત ચાલતી જપધારામાં જો મન ઓગળી જાય તો પરમાત્માનો સાક્ષાત્કાર થાય છે. તો અખો માનવ જીવને શબ્દોના ચાબખા મારીને કંઈક આવું કહે છે. તિલક કરતાં ત્રેપન થયાં,ને જપ માળાનાં નાકાં ગયાં, તીરથ ફરી ફરી થાકયા ચરણ,તોય નપહોંચ્યો હરિને શરણ. કથા સુણી સુણી ફૂટ્યા કાન, તોય અખા ન આવ્યું બ્રહ્મજ્ઞાન. એક મૂરખને એવી ટેવ, પથ્થર એટલા પૂજે દેવ, પાણી દેખી કરે સ્નાન, તુલસી દેખી તોડે પાન. એ અખા વડું ઉત્પાત,ઘણા પરમેશ્વર એ ક્યાંની વાત? દેહાભિમાન હૂતો પાશેર, વિદ્યા ભણતાં વાધ્યો શેર; ચર્ચાવાદમાં તોલે થયો, ગુરુ થયો ત્યાં મણમાં ગયો; અખા એમ હલકાથી ભારે હોય,આત્મજ્ઞાન મૂળગું ખોય. એક એવો સાથી છે, જે કદી દગો દેતો નથી, એવો મિત્ર છે, જેનો પ્રેમ આશ્વાસન આપે છેને બલ પ્રેરે છે. જ્યારે જ્યારે તમને એવું લાગે કે તમે એકલા છો, ત્યારે ત્યારે તમે તેની પ્રકાશમાન હાજરી ની અનુભૂતિ કરવા વધારે તૈયાર બનો છો. શ્રદ્ધા રાખો અને તે તમારા માટે બધું જ કરી આપશે’’ ભગવાન સદાય સાથે છે ને તેમની સહાય અચૂક મળી રહી છે. એમાં શ્રદ્ધા રાખવી જોઈએ.આ સંદર્ભ માં એક અજ્ઞાત અંગ્રેજી કવિનું સુંદર કાવ્ય છે,ફુટ પ્રીન્ટ્સ‘ રેતી માંના પગલાં- એમાં એક માણસ સ્વપ્નમાં જુએ છે કે તે પોતે પ્રભુની સાથે રેતી પર ચાલી રહ્યો છે. ત્યાં અચાનક આકાશપટ પર એના જીવનની ઘટનાઓનાં દશ્યો દેખાવા લાગ્યાં. તેની સાથે સાથે એ રેતીમાં ચાર ચાર પગલાંની નિશાનીઓ તે જોવા લાગ્યો. તેણે જોયું કે બે પગલાં તેનાં હતાં, અને બે પગલાં પ્રભુના પણ સાથે સાથે જ હતાં. અચાનક એનું ધ્યાન ગયું તો વચ્ચેવચ્ચે એક જ મનુષ્યનાં પગલાં દેખાતાં હતાં તેણે આકાશપટ પર જોયું તો એ સમયગાળો તેના જીવનની ભારે મુશ્કેલીનો ને કટોકટીનો એ સમય હતો.ત્યારે રેતીમાં એક જ પગલાં ની જોડ દેખાતી હતી.તેણે ભગ વાનને પૂછ્યું, ‘‘જ્યારે મને તમારી સહુથી વધારે જરૂર હતી, ત્યારે તમે મને છોડીને ચાલ્યા ગયા ? એ મુશ્કેલીની વચ્ચે એકલો મૂકી દીધો? ત્યારે ભગવાને કહ્યું; વત્સ, એ પગલાં તારાં નથી પણ મારાં છે. તારી એ કટોકટીના સમયે મેં તને ખભા પર ઊંચકી લીધોહતો એટલે તારા પગલાં કયાંથી હોય ? ભગવાન એમના બાળકોને દુઃખમાં ઊંચકી લેતા હોય છે, પણ આપણને એમની કૃપા - કરુણામાં વિશ્વાસ હોતો નથી. જપ કયા નામનો કરવો ?પ્રભુના જે સ્વરૂપમાં શ્રદ્ધા હોય એના નામનો જપ કરવાથી મન જલ્દી એકાગ્ર થાય છે. એ સ્વરૂપ પ્રત્યે પ્રેમ હોવાથી તેમાં હૃદયના ભાવ ભળે છે. ઉત્કટતા વધે છે. તેથી પરિણામ ઝડપી આવે છે. જો ગુરુએ ઈષ્ટમંત્ર આપ્યો હોય તો તેના જપ કરવાથી સિદ્ધિ જલ્દી મળે છે. કેમકે ગુરુએ એ મંત્રને પોતાની ચેતનામાં સિદ્ધ કર્યો હોય છે.શિષ્યની ચેતનાને અનુરૂપ એ મંત્ર હોવાથી એ મંત્ર ખૂબ જલ્દીથી ફળે છે. પણ જો ગુરુ ન હોય તો પ્રભુના કોઈ પણ નામનો જપ કરી શકાય છે. પણ જપમાં પૂરી શ્રદ્ધા હોવી જોઈએ અને એકાગ્રતાપૂર્વક કરવો જરૂરી છે. ઘણીવાર એવું બનતું હોય છે કે માણસના હાથમાં જપમાળા ફરતી હોય, તેના હોઠ ફફડતા હોય, પણ મન ક્યાંય ભટકતું હોય તો પછી આવો જપ ટેપ રેકોર્ડરની કેસેટ વાગ્યા કરતી હોય એવો બની જાય છે. એકની એક કેસેટ ટેપરેકોરિમાં વારંવાર વાગે છે, તો પણ ટેપરેકોર્ડરમાં કંઈ ફેરફાર થતો નથી. એવી જ રીતે જો યંત્રવત જપ કરવામાં આવે તો મનમાં કંઈ પરિવર્તન આવતું તથી.એમાં કોઈ ભાવ જાગતો નથી ઈષ્ટમંત્રનો જપ કરતી વખતે ભગવાન સાથેનું અદશ્ય અનુસંધાન થવું જોઈએ.મન તેમાં ડૂબવું જોઈએ તો જ મંત્ર સિદ્ધ બને છે. જપ કેવી રીતે કરવો ?એ પણ એક પ્રશ્ન ઊઠે છે. જપ મનમાં પણ થઈ શકે. મોટેથી પણ થઈ શકે. જપમાળાથી પણ થઈ શકે. જપમાળા વગર પણ થઈ શકે. શરૂઆતમાં માનસિક સંતોષ ખાતર જપમાળા દ્વારા ગણત્રી પૂર્વકના જપ કરવામાં આવે તો માનસિક સંતોષ રહે છે,અને ઉત્સાહ વધે છે. પછી તો એવી સ્થિતિ આવી જાય છે કે બાહ્ય કાર્યો કરતાં કરતાં પણ અંતરમાં એ જપ સતત ચાલુ રહે છે. પ્રભુના નામસ્મરણની ધારા અવિરત ચાલતી રહે છે. પછી નામને નામી એકરૂપ બની જાય છે. ભેદ ભુંસાઈ જાય છે.હરિના નામ જપ દ્વારા સચ્ચિદાનંદ સ્વરૂપ ની પ્રાપ્તિ કરી હતી. તેઓ તો કંઈ ભણેલાં નહોતાં. સાસરે હતાં ત્યાં આખો દિવસ સખ્ખત કામ રહેતું. પણ રાત્રે ‘હરિબોલ’ ‘હરિબોલ’ આ મંત્રનું અવિરત રટણ કરતાં. આખીરાત જય ચાલતો રહેતો પછી તો દિવસના ભાગમાં પણ અંદર એ જપ સતત થવા લાગ્યો.એમાં એમનું બાહ્ય ભાન લુપ્ત થવા લાગ્યું. સહજ સમાધિ થવા લાગી, નામ-નામી એક બની ગયા. સમગ્ર વિશ્વ શ્રી હરિરૂપ બની ગયું.તેમના મુખમાં થી વેદની ઋચાઓ જેવા સુકતો પ્રગટવા લાગ્યા.એમના હૃદયમાંથી સ્વયંભૂપણે મંત્ર પ્રગટયો અને અંતર્માથી ભગવાન ગુરુ બન્યા ને પોતાની દીક્ષા પોતે જાતે જ લીધી.પછી પોતાના પતિને દીક્ષામંત્ર આપી પ્રથમ શિષ્ય બનાવ્યા. આ યુગમાં પણ પ્રભુના નામના જપ દ્વારા માત્ર પ્રભુનો સાક્ષાત્કાર જ નહીં, પણ સચ્ચિદાનંદ સ્વરૂપ બની શકાય છે તેનું આ ઉત્કૃષ્ટ ઉદાહરણ આપણી સમક્ષ છે. શરૂઆતમાં મનને જપમાં કંટાળો આવે, થાક લાગે,તે છટપટવા લાગે છે કેમ કે એનો સ્વભાવ જ ચંચળ છે. એને કોઈ એક વસ્તુમાં એકાગ્ર થવું ગમતું નથી તલપૂર્વક જો જપ ચાલુ રાખવામાં આવે તો મંત્રના પ્રભાવથી મણણ કામ થવા લાગે છે.જપ દ્વારા થતા ભગવાન ના મંક્રમના એકધારા રટણથી મન માં, શરીરમાં એનાં આંદોલનો પ્રસરવા લાગે છે.આ આંદોલનોને પરિણામે ભૌતિક શરીરમાં પણ એવી રાસા યણિક બ્રામણ થવા લાગે છે કે તેનાથી શરીર હળવું ને સ્ફૂર્તિદાયક બને છે. આ અંગેના ઘણા પ્રયોગો પણ વૈજ્ઞાનિકોએ કરેલા છે.મંત્રજપથી શરીરની રોગપ્રતિકારક શક્તિ પણ વધે છે ને શરીર તેજસ્વી બને છે. હરિ ૐ આશ્રમના પૂજ્ય શ્રીમોટાએ નામ જપ દ્વારા પોતાનો અસાધ્ય રોગ દૂર કર્યો હતો. માત્ર શરીરની જ નહીં પણ સમગ્ર ચિત્તની અને અંતઃકરણની શુદ્ધિ પ્રભુના નામ જપથી થાય છે. હવે બીજો એક પ્રશ્ન એ પણ થાય છે કે જપ કયારે કરવો ? આમ તો ભગવાનનું નામ ગમે ત્યારે લઈ શકાય છે.પણ એક ધારો જપ કરવો હોય તો જે સમયે બિલકુલ વિક્ષેપ ન પડે તે સમય પસંદ કરવો જોઈએ. આ માટે સામાન્ય રીતે બ્રહ્મમુહૂર્તને એટલે પ્રભાતના સમયને વિશેષ સાનુકૂળ ગણવામાં આવે છે.એ સમયે સમગ્ર વાતા વરણ ચૈતન્ય સભર હોય છે. સંતો,સિદ્ધો,યોગીઓ પ્રભુની આરાધના કરતા હોવાથીએ સમયનાં આંદોલનો પવિત્ર હોય છે.વળી દુન્યવી માણસોનિદ્રાધીન હોવાથી વિક્ષેપ પાડનારા એમનાં સૂક્ષ્મ આંદોલનો હોતાં નથી. એટલે જપમાં એકાગ્રતા જલ્દી આવે છે. વળી પ્રાતઃકાળે કરેલા જપનો પ્રભાવ સમગ્ર દિવસ દરમિયાન રહે છે તેથી આંતરિક રીતે ભગવાનનું સ્મરણ સતત ચાલુ રહે છે. જપ માં એક ભય સ્થાન રહેલું છે. નિયમિત જપ દ્વારા જ્યારે વ્યક્તિની આંતર ચેતના જાગૃત થાય ત્યારે તેની આંતરિક શક્તિ ઓ પણ પ્રગટ થાય છે.ઘણી સિદ્ધિઓ પણ મળે છે.તે સમયે જો મનુષ્યની ચિત્ત શુદ્ધિ પૂરેપૂરી થઈ ન હોય,માણસ ની અંદર ઈચ્છાઓ, મહત્ત્વકાંક્ષા ઓ કે સૂક્ષ્મ વાસનાઓનાં બીજ ઊંડે ઊંડે રહેલાં હોય તો મનુષ્ય આવી શક્તિઓ અને સિદ્ધિઓનું પ્રદર્શન કરવા લાગે છે અને નિમ્ન બળોનાં હાથમાં સપડાઈ જતાં પ્રભુના માર્ગેથી ફંટાઈ જાય છે. આથી જપ વખતે મનુષ્ય આંતરિક સમતુલન અને સતત જાગૃત દૃષ્ટિ રાખવી જરૂરી છે. માર્ગમાં આવતાં પ્રલોભનો સામે નજર કર્યા વગર જ્યાં સુધી પરમાત્માનું દિવ્ય દર્શન ન થાય, પરમાત્મા સાથે તે એકરૂપ ન બને ત્યાં સુધી જપમાં પણ સાવધાની જરૂરી છે. પછી તો એ પોતે પણ એ નામમાં ઓગળી જાય છે. ત્યારે જપ આપોઆપ સમાપ્ત થઈ જાય છે. કોણ કોનો જપ કરે ? જ્યાં બધું ય એકરૂપ જ બની ગયું હોય ત્યાં જપયજ્ઞની સમાપ્તિ. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે ખ્રિસ્તી ધર્મ ગુરૂ પોપ ફ્રાન્સિસને શ્રદ્ધા સુમન અર્પણ કરીએ.ધર્મ એ વાદવિવાદનું નહી જીવન જીવવા માટેની ઉમદા કળા છે,બૌદ્ધિક વર્ગનો સૂર સમજાય તેને ધન્યવાદ બાકી ભક્તોને તો જય શ્રી... અસ્તુ..

### આ અકસ્માતમાં કોઈ જાનહાનિના અહેવાલ નથી

# ‘ઈડલી કઢાઈ’ના સેટ પર આગ લગતા દોડાદોડી

## ધનુષ ફિલ્મ ‘ઈડલી કડાઈ’માં ડબલ રોલમાં, તેમણે દિગ્દર્શનની જવાબદારી પણ સંભાળી છે

દિગ્દર્શક-અભિનેતા ધનુષની આગામી એક્શન ફિલ્મ ‘ઈડલી કઢાઈ’ના સેટ પર કોઈ કારણોસર આગ લાગી ગઈ હતી. મળતી માહિતી મુજબ, ભારે પવનને કારણે લાગેલી આગ એક કલાકથી વધુ સમય સુધી સળગતી રહી. સદનસીબે, આ અકસ્માતમાં કોઈ જાનહાનિના અહેવાલ નથી.ધનુષ ફિલ્મ ‘ઈડલી કડાઈ’માં ડબલ રોલમાં જોવા મળશે. અભિનયની સાથે તેમણે દિગ્દર્શનની જવાબદારી પણ સંભાળી છે. આ ફિલ્મનું શૂટિંગ તમિલનાડુના થેની જિલ્લાના અંદિપટ્ટીમાં થયું હતું. આ માટે, ફિલ્મ ક્રૂએ એક નવો સેટ બનાવ્યો હતો. આ સેટ પર ૨૦ દિવસથી વધુ સમય સુધી શૂટિંગ ચાલ્યું.મળતી માહિતી મુજબ, સેટ પર અચાનક આગ લાગી ગઈ. એવું કહેવામાં આવી રહ્યું છે કે ભારે પવનને કારણે આગ એક કલાક સુધી ધૂંધવાઈ રહી. ઘણી મહેનત બાદ, ફાયર ફાઈટરોને આગ પર કાબુ મેળવવામાં સફળતા મળી. સારી વાત એ છે કે કોઈના દાઝી જવાના કે ઘાયલ થવાના સમાચાર નથી.સૂત્રોના જણાવ્યા અનુસાર, આગ લાગી ત્યારે શૂટિંગ સેટ પર કોઈ નહોતું. કોલીવુડ સ્ટાર હીરો ધનુષ દ્વારા દિગ્દર્શિત આ ચોથી ફિલ્મ છે. ડોન પિક્ચર્સના બેનર હેઠળ ધનુષ અને આકાશ ભાસ્કરન આ ફિલ્મનું નિર્માણ કરી રહ્યા છે. તેમની સામે નિત્યા મેનન કામ કરી રહી છે.આ મુખ્ય પાત્રો ઉપરાંત, અરુણ વિજય, સત્યરાજ, પાર્થિબન, શાલિની પાંડે, પ્રકાશ રાજ, સમુતિરકાની અને રાજકિરણ પણ ફિલ્મમાં છે. જીવી પ્રકાશ કુમાર દ્વારા રચિત આ ફિલ્મનું શૂટિંગ ઘણા સમયથી ચાલી રહ્યું હતું.‘ઈડલી કઢાઈ’માં અરુણ વિજય ખલનાયકની ભૂમિકા ભજવી રહ્યા છે અને ધનુષ અને અરુણ વિજય વચ્ચેનો મુકાબલો રોમાંચક રહેશે. નિર્માતાઓએ પણ પુષ્ટિ આપી છે કે શાલિની પાંડે આ ફિલ્મમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.આ ફિલ્મ ૧ ઓક્ટોબરે રિલીઝ થશે‘ઈડલી કઢાઈ’ના નિર્માતાઓએ ૪ એપ્રિલે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરીને ફિલ્મની રિલીઝ તારીખની જાહેરાત કરી હતી. આ ફિલ્મ આ વર્ષે ૧ ઓક્ટોબરે સિનેમાઘરોમાં રિલીઝ થશે. પ્રોડક્શન હાઉસ વંડરબાર ફિલ્મ્સે લખ્યું, ‘પ્રતીક્ષા પૂરી થઈ!’




### ભારતની ૧૦ સૌથી લોકપ્રિય મહિલા સ્ટાર્સની યાદી બહાર પડી

# સામંથાએ દીપિકા-આલિયાને મ્હાત આપી

## કાજલ અગ્રવાલ આ યાદીમાં ચોથા નંબરે છે જ્યારે રશ્મિકા મંદાના પાંચમા નંબરે

ભારતની ૧૦ સૌથી લોકપ્રિય મહિલા સ્ટાર્સની યાદી બહાર પડી ગઈ છે. આ યાદીમાં, દક્ષિણ સુંદરીઓએ બોલિવૂડ અભિનેત્રીઓને પાછળ છોડી દીધી છે.જ્યારે લોકપ્રિય અભિનેત્રીઓની વાત આવે છે, ત્યારે સૌથી પહેલું નામ આલિયા ભટ્ટ, દીપિકા પાદુકોણ અથવા કેટરિના કૈફનું આવે છે. પરંતુ તાજેતરનો અહેવાલ કંઈક બીજું જ કહે છે. ઓરમેક્સ મીડિયાએ માર્ચ મહિના માટે ભારતની ૧૦ સૌથી લોકપ્રિય મહિલા સ્ટાર્સની યાદી બહાર પાડી છે. આ યાદીમાં, દક્ષિણ સુંદરીઓએ બોલિવૂડ અભિનેત્રીઓને પાછળ છોડી દીધી છે.ભારતની ૧૦ સૌથી લોકપ્રિય મહિલા સ્ટાર્સની નવીનતમ યાદીમાં સામંથા રૂથ પ્રભુ ટોચ પર છે. આલિયા ભટ્ટ બીજા સ્થાને અને દીપિકા પાદુકોણે ત્રીજા સ્થાને રહી છે. આ યાદીમાં ૧૦ નામોમાંથી ફક્ત ત્રણ બોલિવૂડ અભિનેત્રીઓ છે. આલિયા અને દીપિકા ઉપરાંત, આ યાદીમાં ત્રીજું નામ કેટરિના કૈફનું છે જે ૧૦મા નંબરે છે.કાજલ અગ્રવાલ આ યાદીમાં ચોથા નંબરે છે જ્યારે રશ્મિકા મંદાના પાંચમા નંબરે છે. સાઈ પલ્લવીએ છઠ્ઠું સ્થાન મેળવ્યું છે અને ત્રિશા કૃષ્ણને સાતમું સ્થાન મેળવ્યું છે. આ ઉપરાંત, નયનતારા આઠમા સ્થાને છે અને અનુષ્કા શેટ્ટી નવમા સ્થાને છે.સામંથા પ્રભુનું નામ નંબર વન પર જોઈને ચાહકો ખૂબ જ ખુશ છે. એક ચાહકે લખ્યું છે - ‘સમન્થા કોઈપણ ફિલ્મ વિના પણ હંમેશા ટોચ પર રહે છે.




### ઇરફાને ૨૯ એપ્રિલ ૨૦૨૦ ના રોજ ૫૩ વર્ષની વયે અંતિમ શ્વાસ લીધા

# પિતા ઇરફાન ખાનના પગલે ચાલવા બાબિલ ખાનની તૈયારી



### બાબિલ ખાન ઘણીવાર સોશિયલ મીડિયા પર તેના સ્વર્ગસ્થ પિતા ઇરફાન સાથેની હૃદયસ્પર્શી યાદો શેર કરે છે

સ્વર્ગસ્થ અભિનેતા ઈરફાનનો પુત્ર બાબિલ પણ તેના પિતાના પગલે ચાલી રહ્યો છે. તે એક અભિનેતા પણ છે. તાજેતરમાં રિલીઝ થયેલી સાયબર થ્રિલર ફિલ્મ ‘લોગઆઉટ’માં તેમના જોરદાર અભિનય માટે તેમને પ્રશંસા મળી રહી છે. તેમણે તાજેતરમાં ખુલાસો કર્યો છે કે તેઓ તેમના સ્વર્ગસ્થ પિતાની જેમ પોતાની અટક છોડવાની યોજના બનાવી રહ્યા છે. તેઓ ઈચ્છે છે કે તેમનું વ્યક્તિત્વ ચમકે. તાજેતરના ઈન્ટરવ્યુમાં, બાબિલ ખાનને તેમના પિતા ઈરફાનના શાહી વારસા વિશે પૂછવામાં આવ્યું હતું. જવાબમાં તેણે મજાકમાં કહ્યું કે તે એક રાજકુમાર છે. જ્યારે બાબિલને પૂછવામાં આવ્યું કે શું તેને તેના વતન સાથે જોડાયેલી કોઈ યાદો છે, ત્યારે તેણે ખુલાસો કર્યો કે તેના દાદા બધું છોડીને ‘અલગ’ થઈ ગયા હતા.‘લોગઆઉટ’ અભિનેતાએ કહ્યું કે તેના પિતાએ ખાન અટક છોડી દીધી છે અને તે પણ ભવિષ્યમાં આવું જ કરવાની યોજના ધરાવે છે. આ પાછળનું કારણ જણાવતા બાબિલે કહ્યું, “વંશ તમને આ અનુરૂપતાનો એક ભાગ બનાવે છે. તે તમને તમારી વ્યક્તિગત ઓળખ સુધી પહોંચવા દેતું નથી.બાબિલે કહ્યું કે આ નિર્ણય પાછળ કોઈ નૈતિક એજન્ડા નથી. “તમારી ઓળખ ચમકાવવા માટે તમારે તમારા વંશને છોડવો પડશે,” તેમણે કહ્યું.ઈરફાને એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે તે ઈરફાન છે. ફક્ત ઈરફાન. તેમણે કહ્યું હતું કે, ‘મેં થોડા સમય પહેલા મારા નામમાંથી ખાન શબ્દ કાઢી નાખ્યો હતો કારણ કે હું મારા ધર્મ, મારી અટક અથવા તેના જેવી કોઈપણ વસ્તુથી ઓળખાવા માંગતો નથી.’ હું મારા પૂર્વજોના કાર્યને કારણે ઓળખાવા માંગતો નથી.બાબિલ ખાન ઘણીવાર સોશિયલ મીડિયા પર તેના સ્વર્ગસ્થ પિતા ઈરફાન ખાન સાથેની હૃદયસ્પર્શી યાદો શેર કરે છે. ઈરફાને ૨૯ એપ્રિલ ૨૦૨૦ ના રોજ ૫૩ વર્ષની વયે અંતિમ શ્વાસ લીધા. તેઓ ન્યુરોએન્ડોક્રાઈન ટ્યુમર (કેન્સર) થી પીડાતા હતા.

# રામાયણના શૂટિંગ પહેલા યશ મહાકાલેશ્વરના દરબારમાં પહોચ્યો

## મંદિરમાં ગ્રે શાલ પહેરેલા યશે હાથ જોડીને પ્રાર્થના કરી, મંદિરેના પૂજારીઓની સૂચના મુજબ તેણે ધાર્મિક વિધિઓ કરી

અભિનેતા યશ સોમવારે મધ્યપ્રદેશના ઉજ્જૈનમાં મહાકાલેશ્વર મંદિરમાં ભગવાન શિવના આશીર્વાદ લેવા માટે પહોચ્યો હતો.જો કે યશે હજુ રણબીર કપૂર સાથે રામાયણનું શૂટિંગ શરૂ કર્યું નથી, ‘તેનું હાલનું ધ્યાન ફક્ત ટોક્સિક પૂર્ણ કરવા પર છેમંદિરમાં ગ્રે શાલ પહેરેલા યશે હાથ જોડીને પ્રાર્થના કરી. મંદિરેના પૂજારીઓની સૂચના મુજબ તેણે ધાર્મિક વિધિઓ કરી. આ અભિનેતાએ વહેલી સવારે ભસ્મ આરતીમાં ભાગ લીધો હતો, જે મંદિરના સૌથી આદરણીય સમારોહમાંનો એક છે, મંદિરમાં ગ્રે શાલ પહેરેલા યશે હાથ જોડીને પ્રાર્થના કરી, મંદિરેના પૂજારીઓની સૂચના મુજબ તેણે ધાર્મિક વિધિઓ કરી જે તેના આધ્યાત્મિક મહત્વ માટે જાણીતો છે. તેમની સાથે ઘણા પૂજારીઓ પણ હતા જેઓ આ પવિત્ર વિધિમાં તેમની સાથે જોડાયા હતા.યશે મંદિરમાં દર્શન કરીને પોતાની ખુશી વ્યક્ત કરી. “હું ખૂબ જ ખુશ છું. હું ભગવાન શિવના આશીર્વાદ ઈચ્છતો હતો, કારણ કે હું શિવનો મોટો ભક્ત છું. મેં દરેકની ખુશી અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી,અભિનેતાની મંદિરની મુલાકાત નિતેશ તિવારીની રામાયણના શૂટિંગ શેડ્યૂલ પહેલાં આવી હોવાનું કહેવાય છે, જે ટૂંક સમયમાં શરૂ થવાની ધારણા છે. રવિવારે, ગાયક અરિજિત સિંહે પણ મંદિરની મુલાકાત લીધી હતી, જ્યાં તેમણે તેમની પત્ની સાથે પવિત્ર વિધિમાં ભાગ લીધો હતો. આ દંપતીએ વહેલી સવારે ભસ્મ આરતીમાં ભાગ લીધો હતો.ટોક્સિકનું મુખ્ય શેડ્યૂલ પૂર્ણ કર્યા પછી, યશ મુંબઈમાં નિતેશ તિવારીના દિગ્દર્શન હેઠળની ફિલ્મના સેટ પર જવા માટે તૈયાર છે. તે રામાયણ પરની પોતાની સફર ઉજ્જૈનમાં મહાકાલેશ્વર મંદિરની મુલાકાત લઈને શરૂ કરે છે. આ મુલાકાત રોકિંગ સ્ટાર માટે એક પ્રિય પ્રથાને પ્રકાશિત કરે છે, જે દરેક નવા પ્રોજેક્ટની શરૂઆત મંદિરની મુલાકાતથી કરે છે.અહેવાલમાં ઉમેર્યું હતું કે, “રામાયણ એક ટેકનોલોજીકલ અજાયબી છે, અને નિર્માતાઓ પ્રથમ શેડ્યૂલમાં યશ સાથે કેટલાક સૌથી અદભુત દ્રશ્યો માટે શૂટિંગ કરવાનું વિચારી રહ્યા છે. તે એપ્રિલના અંતથી લગભગ એક મહિના સુધી તેના ભાગનું શૂટિંગ કરશે, અને પછી ફરીથી ટોક્સિક પર જશે.નિતેશ તિવારી દ્વારા દિગ્દર્શિત રામાયણમાં રણબીર કપૂર ભગવાન રામ, સાઈ પલ્લવી સીતા તરીકે અને યશ રાવણ તરીકે છે. અન્ય કલાકારોમાં રવિ દુબે, લારા દત્તા, શીબા ચઢ્ઢા અને અરુણ ગોવિલનો સમાવેશ થાય છે. આ ફિલ્મ ૨૦૨૬ અને ૨૦૨૭ માં બે ભાગમાં રિલીઝ થશે



### યશ આ અઠવાડિયે રાવણના રોલ માટે શૂટ ચાલુ કરશે


# રણબીર કપૂરની રામાયણમાં યશ અને કુણાલ કૂપર વચ્ચે ભીષણ યુદ્ધ જોવા મળશે

રણબીર કપૂરની રામાયણમાં યશ રાવણના રોલમાં તેમજ સાઈ પલ્લવી સીતાના રોલમાં અને કુણાલ કપૂર પણ મહત્વના રોલમાં છે. આ ફિલ્મ એવી ફિલ્મોમાંની છે, જેની સૌથી વધુ રાહ જોવાઈ રહી છે. હવે એવા અહેવાલો છે કે યશ રાવણના રોલ માટે આ અઠવાડિયાથી મુંબઈમાં શૂટીંગ શરૂ કરશે. નિતેશ તિવારીની આ ફિલ્મમાં હવે કુણાલ કપૂર અને યશ વચ્ચે એક ભીષણ યુદ્ધનો સીન પણ હોવાની ચર્ચા છે. આ ફિલ્મમાં કુણાલ કપૂર ભગવાન ઈન્દ્રનો રોલ કરવાનો હોવાની ચર્ચા છે. જેને યશ એટલે કે રાવણ સાથે એક સુપર એક્શન સિક્વન્સમાં બતાવાશે. રાવણને શિવજી તરફથી વરદાનમાં અમાપ શક્તિઓ મળે છે, પછી પોતાના તીવ્ર તપથી રાવણ સ્વર્ગ, ધરતી અને પાતાળલોકને પોતાના કાબૂમાં લેવા એક ઝુંબેશ શરૂ કરે છે. જેમાં તેનો ઉદય થતો જાય છે અને તે ત્રણે લોકમાં પોતાનું આધિપત્ય સ્થાપવા માટે દેવોને બહાર ફેંકતો જાય છે. આ પ્રસંગમાં રાવણ અને ઈન્દ્ર વચ્ચે એક ભીષણ યુદ્ધ દર્શાવાશે.એ એક વૈભવી એક્શન સિક્વન્સ હશે, જેના માટે એક ખાસ વિશાળ સેટ ઉભો કરવામાં આવ્યો છે. તેના માટે હાઈ ટેક્નોલોજી વિઝ્યુઅલ ઈફેક્ટ્સની પણ મદદ લેવાશે. તેના માટે બંને કલાકારો દિલધડક સ્ટંટ કરતા પણ દેખાશે. બંને વચ્ચે એક એવું યુદ્ધ દેખાશે કે જેમાં બંને પાત્રો પુરતા જુસ્સા અને જોમમાં જોવા મળશે, જેમાં બંનેના અભિનયની પણ પરિક્ષા થશે.આ અગાઉ એક સૂત્રએ જણાવ્યું હતું, “ટોક્સિકનું મોટા ભાગનું શૂટ પૂરું કર્યા પછી યશ નિતેશ તિવારીની રામાયણ માટે મુંબઈ પહોંચી જશે. ઉજ્જૈનના મહાકાલેશ્વર મંદીરની મુલાકાત પછી તેણે રામાયણ માટે પોતાનું કામ શરૂ કર્યું છે. યશની આ હંમેશાની આદત છે, તે પોતાની કોઈ પણ નવી ફિલ્મ શરૂ કરતા પહેલાં મહાકાલેશ્વરના દર્શન કરીને પછી જ કામ આગળ વધારે છે.” યશે પોતાના એકલાના સીનનું કામ પહેલાંથી જ શરૂ કરી દીધું છે અને તેને સેટ પર ખુબ હુંફ સાથે આવકારવામાં આવ્યો હતો. રામાયણમાં ટેક્નોલોજીના ઉપયોગ અંગે સૂત્રએ જણાવ્યું હતું, “રામાયણ એક ટેક્નોલોજીની દૃષ્ટિએ ક્યારેય જોવા ન મળી હોય એવી ફિલ્મ હશે. તેથી મેકર્સ પણ યશના પહેલા શીડ્યુલમાં કેટલાક જોરદાર દૃશ્યો શૂટ કરવાના છે. તે એપ્રિલથી પછી એક મહિના સુધી પોતાના સીનનું શૂટ કરશે અને પછી ફરી ટોક્સિકનું કામ શરૂ કરશે.”હવે એ વાત પણ જાણીતી છે કે આ ફિલ્મ બે ભાગમાં બની રહી છે, જેનો પહેલો ભાગ ૨૦૨૬ની દિવાળી પર અને બીજો ભાગ ૨૦૨૭ની દિવાળી પર રિલીઝ થશે.




### વર્ષ ૨૦૧૫માં, રોહિત શેટ્ટીએ ફિલ્મ દિલવાલેનું નિર્દેશન કર્યું હતું

# ફિલ્મ દિલવાલે પછી શાહરૂખ ખાન - રોહિત શેટ્ટીના માર્ગ બદલાયા



### પોડકાસ્ટ પર વાતચીત દરમિયાન, રોહિત શેટ્ટીએ સ્પષ્ટતા કરી કે તેમની અને શાહરૂખ ખાન વચ્ચે કોઈ અણબનાવ નથી

૨૦૧૫ માં, ફિલ્મ દિલવાલે રિલીઝ થઈ હતી જે બોક્સ ઓફિસ પર ફ્લોપ સાબિત થઈ હતી. આ ફિલ્મનું દિગ્દર્શન રોહિત શેટ્ટીએ કર્યું હતું. ફિલ્મ ફ્લોપ થયા પછી, એવી અફવાઓ ફેલાઈ હતી કે રોહિત શેટ્ટી અને શાહરૂખ ખાન વચ્ચેના સંબંધોમાં ખટાશ આવી ગઈ છે. હવે રોહિત શેટ્ટીએ આ વિશે વાત કરી છે.વર્ષ ૨૦૧૫માં, રોહિત શેટ્ટીએ ફિલ્મ દિલવાલેનું નિર્દેશન કર્યું હતું. આ ફિલ્મમાં ઘણા વર્ષો પછી કાજોલ અને શાહરૂખ ખાનનું પુનરાગમન થયું. જોકે, બંને સાથે આવ્યા પછી પણ, ફિલ્મ ખરાબ રીતે ફ્લોપ ગઈ. જ્યારે ફિલ્મ ફ્લોપ ગઈ, ત્યારે એવી અફવાઓ ફેલાઈ હતી કે રોહિત શેટ્ટી અને શાહરૂખ ખાન વચ્ચે અણબનાવ છે. હવે વર્ષો પછી, રોહિત શેટ્ટીએ આ અફવા વિશે વાત કરી છે. તેમણે કહ્યું કે એવું કંઈ નથી. અમારા બંને વચ્ચે એકબીજા માટે આદર છે. પોડકાસ્ટ પર વાતચીત દરમિયાન, રોહિત શેટ્ટીએ સ્પષ્ટતા કરી કે તેમની અને શાહરૂખ વચ્ચે કોઈ અણબનાવ નથી. તેમણે કહ્યું, “ના, એવું કંઈ નથી. અમારી વચ્ચે એક આદર છે અને દિલવાલે પછી, અમે બંનેએ અમારા પોતાના પ્રોડક્શન હાઉસ ખોલ્યા. અમે નક્કી કર્યું કે અમે અમારી પોતાની ફિલ્મો બનાવીશું. જો કોઈ નુકસાન થશે, તો તે આપણું જ થશે. પરંતુ કોઈ નુકસાન થયું નહીં.આ પોડકાસ્ટમાં, સિંઘમ અગેન ડિરેક્ટર રોહિત શેટ્ટીએ ઉદ્યોગમાં તેમના મિત્રો વિશે પણ વાત કરી. તેમણે કહ્યું, “બે-ત્રણ લોકો એવા છે જેમને હું રાત્રે ૨ વાગ્યે પણ ફોન કરી શકું છું. અજય સર , રણવીર સિંહ, દીપિકા પાદુકોણ, હું ત્રણેયની ખૂબ નજીક છું. દીપિકા વિશે વાત કરતાં, રોહિત શેટ્ટીએ તેની પ્રશંસા કરી. તેમણે સિંઘમ અગેન માટે દીપિકાની પ્રતિબદ્ધતાની પ્રશંસા કરી. તેણીએ કહ્યું કે તે ગર્ભાવસ્થા દરમિયાન પણ શૂટિંગ માટે આવતી હતી. તેમણે કહ્યું, “જ્યારે અમારી ફિલ્મનું છેલ્લું શેડ્યૂલ બાકી હતું, ત્યારે દીપિકા ચાર મહિનાની ગર્ભવતી હતી. પરંતુ તે શૂટિંગ માટે આવતી હતી. આવા સંબંધો ખૂબ જ ઓછા બને છે.

# સોનાક્ષી સિંહા અને શ્રદ્ધા કપૂર જેટલી તકો મને નથી મળતી

## ઘણા મહત્વના રોલ સાથેની ફિલ્મ કરી ચૂકી છે, નુશરત ભરુચાને સમજાતું નથી કે તેને મળવી જોઈએ એટલી ફિલ્મની તકો મળતી નથી



નુશરત ભરુચા ઘણા મહત્વના રોલ સાથેની ફિલ્મ કરી ચૂકી છે અને તેણે હંમેશા સબળ પાત્રો ભજવવાનો આગ્રહ રાખ્યો છે. ‘પ્યાર કા પંચનામા’, ‘ડ્રીમ ગર્લ’, ‘છોરી’ જેવી ફિલ્મમાં તેના રોલ યાદગાર રહ્યાં છે. તેણે હંમેશા અલગ પ્રકારના રોલ કરાવાના પ્રયત્નો કર્યા છે. છતાં તેના ફેન્સનો એક પ્રશ્ન હંમેશા રહ્યો છે કે તેને મળવી જોઈએ એટલી ફિલ્મ કેમ નથી મળતી. તાજેતરના એક ઈન્ટરવ્યુમાં નુશરતે ખુલાસો કર્યો હતો કે અન્ય સ્ટારથી અલગ તેને પુરતી તકો મળતી નથી.હાલ તો નુશરત પોતાની ફિલ્મ ‘છોરી ૨’ના પ્રમોશનમાં વ્યસ્ત છે. ત્યારે એક ઈટરવ્યુમાં તેણે એક સરપ્રાઈઝિંગ વાત શેર કરી હતી. તેણે કહ્યું કે તેનો એક નજીકનો મિત્ર, જે એક પ્રોડ્યુસર અને લેખક પણ છે, તેણે નુશરતને એક વખત પૂછ્યું હતું કે તેને વધારે ફિલ્મ કેમ નથી મળતી. આ પ્રશ્નથી નુશરત અચંભામાં પડી ગઈ હતી. તેણે કબૂલ્યું હતું, કે તેને પોતાને આ પ્રશ્નનો જવાબ ખબર નથી.નુશરતની ફિલ્મી સફર ૨૦૧૦માં શરૂ કરી હતી, જે વર્ષે સોનાક્ષી સિંહા અને શ્રદ્ધા કપૂરે પણ ઈન્ડસ્ટ્રીમાં ડેબ્યુ કર્યું હતું. નુશરતે કહ્યું હતું કે તેમની ત્રણની કેરીઅરમાં સ્પષ્ટ ફરક જોઈ શકાય છે. તેણે કહ્યું હતું કે સ્ટાર કિડ્ઝને ફાયદો થાય છે, તે સ્પષ્ટ દેખાય છે. કારણ કે તેમનાં પરિવારો ઈન્ડસ્ટ્રીના લોકોને પહેલાંથી ઓળખે છે. તેણે કહ્યું,“એ લોકો જે જગ્યાએ પહોંચી શકે છે, ત્યાં હું પહોંચી શકતી નથી. એ લોકો એવાં બારણે ટકોરા મારી શકે છે, જે બારણાં અસ્તિત્વમાં છે એ પણ મને ખ્યાલ હોતો નથી. ” આ જ ઈન્ટરવ્યુમાં નુશરતે આગળ જણાવ્યું કે, પ્યાર કા પંચનામા પછી તે એક ફિલ્મ મેકરનો સંપર્ક કરવા માગતી હતી પણ તેની પાસે એનો નંબર જ નહોતો. તેણે અંતે કબીર ખાનનો સંપર્ક કર્યો, જેમણે જવાબ પણ આપ્યો અને મળવા માટે પણ સહમત થયા. નુશરતે એ પણ કહ્યું કે તે બીજા લોકોને “નેપો કિડ્ઝ” કહેવાનું ટાળે છે. પરંતુ ઈન્ડસ્ટ્રીના અંદરના લોકો માટે કોઈના સંપર્કમાં આવવું સરળ હોય છે. છતાં તેણે લવ રંજન, હંસલ મહેતા અને વિશાલ ફુરિયા જેવા ફિલ્મ મેકર્સનો આભાર માન્યો હતો.



# ઝાલોદ નગરના કલજીની સરસવાણી મુકામે ફાયર ફાઈટરને અકસ્માત નડ્યો

## ફાયર બ્રિગેડ પલટી મારતા અલ્ટોકાર અડફેટે આવતા ૧,૦૦,૦૦૦નું નુકસાન





તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૨ ।

દાહોદ જિલ્લાના ભાથીવાડા ખાતે નિર્માણાધીન NPTCના પ્રોજેક્ટમા મોટી આગ લાગી હતી. આ આગે વિક-રાળ સ્વરૂપ ધારણ કરતા દાહોદ, ઝાલોદ, સંતરામપુર,દેવગઢ બારિયા સહિત ફાયર ફાઈટરો આગ ઓલવવા બોલાવવામાં આવેલ હતા. જાણવા મળેલ મૂજબ રાત્રીના અંદાજીત બે વાગે સંતરામપુરના ફાયર બ્રિગેડના ચાલકે પોતાના સ્ટેરીંગ પર કાબુ ગુમાવતા કલજીની સરસવાણી ગામે આ ફાયર ફાઈટર પલ્ટી મારી ગયું હતું. આ ફાયર ફાઈટર પલટી મારતા ધડાકા ભેર અવાજ આવ્યો હતો. આ ધડાકાભેર અવાજ સાંભળતા આસપાસના રહીશો ઘટના સ્થળે પહોંચી ગયેલ હતા. ઘટના સ્થળે પહોંચતા આજુબા-જુના લોકોએ જોયું કે ફાયર બ્રિગેડ પલટી મારેલ અવસ્થામાં પડેલ છે. ત્યારે કલજીની સરસવાણી આગળ રોડ પર ફાયર ફાઈટરે ત્યાં એક વ્યક્તિના ઘર આગળ પાર્ક કરેલ મારુતિ અલ્ટો કારને અડફેટે લીધી હતી. આ અલ્ટો કારને ફાયર બ્રિગેડના ચાલાકે અડફેટે લેતા અંદાજીત અલ્ટો કારને ૧,૦૦,૦૦૦નુ નુકશાન થયેલ છે. આ અકસ્માતમાં અંદાજીત ત્રણ ફાયરબ્રિગેડમા સવાર વ્યકિતઓને ઈજા થતાં તેઓને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયા હોવાનું માલુમ પડેલ છે. તેમજ પોતાના ઘર આગળ પાર્ક કરેલી અલ્ટો કારને ૧,૦૦,૦૦૦ નું નુકશાન થતાં આ અંગે ઝાલોદ પોલીસ સ્ટેશને કાર માલિક દ્વારા અરજી આપી જાણકારી આપવામાં આવેલ છે...

# ઝાલોદ નગરમાં નવા બનેલ રોડના છેડા જોઈન્ટ ન કરાતા વાહનચાલકોને પડતી હાલાકી





। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૨ ।

ઝાલોદ નગરમાં સ્વર્ણિમ સર્કલ થી વણકતલાઈ મંદિર રોડ પર આસરે છ મહિના પહેલા નવીન રોડ બનાવવામાં આવેલ હતો. આ વિસ્તારના તૂટેલા અને ખખડધજ હાલતનો નવીન રોડ બનતા આ રોડ પર થી પસાર થતા વાહનચાલકોને ખુશી થયેલ હતી. આ રોડ પર થી પસાર થતા અંદાજીત ત્રણ જેટલી મોટી સ્કૂલો આવેલ છે તેમજ વણકતલાઈ હનુમાનજી મંદિર અને બરોડા ગ્રામીણ બેંક તેમજ સોસાયટીઓ આવેલ છે. આ રોડનુ નવીનીકરણ કર્યા બાદ રોડ જોઈન્ટ માટે નગરપાલિકાને રજૂઆત કર્યા બાદ જે તે સમયે કપચી નાંખી દીધી હતી પરંતુ કોઇ ઠોસ કામગીરી કરવામાં આવી ન હતી. હાલ આ રોડ ને બન્યા છ મહિના ઉપરાંત વિતી ગયેલ હોવા છતાંય પાલિકા તંત્ર દ્વારા રોડ જોઈન્ટ કરવામાં આવી રહેલ નથી. આ રોડ જોઈન્ટ ન હોવાથી આવતા જતા વાહનચાલકોના વાહનો અહીંયા પટકાતા હોય છે અને અમુક વાર તો આ રોડને જોઈન્ટ ન હોવાથી કેટલાક વાહન ચાલકો પડી ગયેલ હોવાનુ પણ જાણવા મળેલ છે. પાલિકા તંત્ર ને હાલ નગરમાં નવીન કાર્યમા રસ છે પરંતુ આ રોડને જોઈન્ટ કરવામાં રસ નથી આ રોડ પર થી પાલિકાના સત્તાધીશો પણ નીકળતા હોય છે છતાંય આ રોડ પર ધ્યાન આપવામાં આવતું નથી. હાલ જોવાનું રહ્યું આ રોડ જોઈન્ટ માટે પાલિકા તંત્ર સત્વરે કામગીરી કરશે કે હોતા હૈ...ચલતા હૈ....જેમ આંખ આડા કાન કરશે...

# રાજકોટના બે સોશિયલ મીડિયા ઈન્ફલુએન્સરની ધરપકડ કરાઇ



। (પ્રતિનિધી) રાજકોટ,તા.૨૨ ।

રાજકોટમાં ઓનલાઈન જુગારને લગતી ગેમને પ્રોત્સાહન આપનાર બે ઈન્ફલુએન્સરની સાયબર ક્રાઈમે ગુનો નોંધી ધરપકડ કરી છે. સોશ્યલ મીડિયા એપ્લિકેશન પર ઓનલાઈન જુગાર ગેમની જાહેરાત કરતા અને તેમાં લિંક આપી તેના પર જુગાર રમવા પ્રોત્સાહિત કરતા હતા. પોલીસે બન્ને ઈન્ફલૂએન્સરની ધરપકડ કરી વધુ પૂછપરછ શરૂ કરી છેસોશ્યલ મીડિયા ઈન્ફલુએન્સર સામે નોંધાયો ગુનો..

ઓનલાઈન જુગારને લગતી ગેમને સોશિયલ મીડીયા ઉપર પ્રોત્સાહન આપવા અંગે સાયબર ક્રાઈમ પોલીસે સોશિયલ મીડીયા ઈન્ફલુએન્સર ધાર્મિક જગશીભાઈ વાઘાણી અને દીપ ગોસ્વામી વિરૂધ્ધ જુગાર ધારા હેઠળ ગુનો દાખલ કરી ધરપકડ કરી હતી. ઢઝૅ ક્રાઈમ પાર્થરાજસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, સોશિયલ મીડીયા ઉપર ઓનલાઈન ગેમીંગનું પ્રમોશન કરતાં સોશિયલ મીડીયા ઈન્ફલુ-એન્સરને શોધી કાઢવાનું કામ સાયબર ક્રાઈમ પોલીસનું સોશિયલ મીડીયા મોનિટરિંગ સેલ કરે છે. જે દરમિયાન આ સેલે એક ઈન્સ્ટાગ્રામ આઈડી ઉપર એક ઓનલાઈન ગેમીંગને પ્રોત્સાહન અપાતું હોવાનું શોધી કાઢયું હતું. તે જ ઈન્સ્ટાગ્રામ આઈડી ઉપર આ ગેમની લિક્ર પણ હતી. જેથી તે લિક્ર ઓપન કરતાં લોટરી સ્પોર્ટસ કેસીનો સ્લોટસ વગેરે ગેમ્બલીંગ માટેનું પેઈજ ઓપન થયું હતું. પરિણામે તે ઈન્સ્ટાગ્રામ આઈડી ધારક ધાર્મિક વાઘાણી અને દીપ ગોસ્વામીને બોલાવી પુછપરછ કરતાં તેણે તે ગેમીંગના પ્રમોશન માટે રૂપિયા ચાર્જ કરાતા હોવાનું જણાવ્યું હતું. જેના આધારે તેના વિરૂધ્ધ જુગાર ધારાની કલમ ૧૨-એ મુજબ ગુનો નોંધી ધરપકડ કરી હતી.

પોલીસના કહેવા મુજબ, બન્ને ઈન્ફલૂએન્સર ધાર્મિક અને દીપની પોલીસ પૂછપરછમાં સામે આવ્યું હતું કે, ઓનલાઈન જુગારને લગતી ગેમને સોશિયલ મીડીયા ઉપર પ્રોત્સાહન આપવું ગુનો છે. છતાં બન્ને ઈન્ફલૂએન્સર દ્વારા ઓનલાઈન જુગારને લગતી ગેમનું ઈન્સ્ટાગ્રામ જેવી સોશિયલ મીડીયા એપ્લિકેશનમાં પોતાની આઈડીમાં લિંક પોસ્ટ કરતા હતા. લિંક પોસ્ટ કરવાના ઈન્ફલૂએન્સરને ૭૦૦૦ રૂપિયા મળતા હતા. જ્યારે આ લિંક પર કોઈ ઓનલાઈન ગેમ રમે તો તેનું પણ કમિશન મળતું હતું. આવી ગેમનું ઈન્ફલુએન્સર પ્રમોશન કરી તગડી કમાણી કરે છે. જોકે આજ સુધી પોલીસ આ બાબતે કોઈ કાર્યવાહી કરતી ન હતી. હવે પોલીસે આવા ઈન્ફલૂએન્સર સામે પોલીસે કાર્યવાહી શરૂ કરી છે

હાલ પોલીસે આરોપીઓની ધરપકડ કરી પૂછપરછ શરૂ કરી છે. જોકે સોશ્યલ મીડિયા પર અનેક ઈન્ફલૂએન્સર ઓનલાઈન ગેમની જાહેરાતો કરતા હોવાનું સામે આવ્યું છે. જોકે આ ઈન્ફલૂએન્સરો સામે પોલીસે તપાસ શરૂ કરી છે. ઓનલાઈન ગેમોના રવાડે યુવા ધનને ચઢાવી પોતાનો સસ્તો નફો કમાવવા ઈન્ફલૂએન્સરો જ ઓનલાઈન ગેઈમ્સને પ્રોત્સાહન આપો જુગાર રમતા કરી રહ્યા છે.

# દાગીનાઓની ચોરીની એક ઘટના સામે આવી, દાગીનાઓની ચોરી કરતી એક આંતર જિલ્લા ગેંગ પકડાઇ

## ફરિયાદી મહિલાને વાતોમાં વ્યસ્ત કરી અને ચાલાકીપૂર્વક તેમના ગળામાં રહેલી સોનાની ચેનની ચોરી કરી



। (માહિતી) વલસાડ,તા.૨૨ ।

વલસાડઃ શહેર પોલીસે સિનિયર સિટીઝનોને ટાર્ગેટ કરી અને તેમની નજર ચૂકવી દાગીનાઓની ચોરી કરતી એક આંતર જિલ્લા ગેંગને દબોચી છે. પોલીસે ૨ મહિલા અને ૩ પુરુષ સહિત કુલ ૫ આરોપીઓની ધરપકડ કરી છે. જોકે જે આર-ોપીઓ પોલીસના હાથે લાગ્યા છે તેમના સંબંધ જાણીને ખુદ પોલીસ પણ ચોંકી ગઈ હતી. કોણ છે આ શાતિર ચોર ગેંગ શું છે તેમની મોડસ ઓપરેન્ડી? જોઈએ આ અહેવાલ..વલસાડ શહેરમાં ભીડભાડવાળી જગ્યાએ સિનિયર સિટીઝનોના પાસેથી સોનાના કિંમતી દાગીનાઓની ચોરીની એક ઘટના સામે આવી હતી. ૧૯મી તારીખે વલસાડના શાકભાજી માર્કેટની સામે એક લારી પર વસ્તુ લેવા ઉભેલા એક સિનિયર સિટીઝન બિંદુબેન છોટાલાલ પંચાલના ગળામાંથી દોઢ તોલાના સોનાની ચેન ચોરાઈ હોવાની પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ થઈ હતી. સિનિયર સિટીઝન સાથે થયેલી આ ઘટના ને ગંભીરતાથી લઈ વલસાડ શહેર પોલીસે આરોપીઓ સુધી પહોંચવા તપાસ તેજ કરી હતી. બનાવની જગ્યા અને આસપાસના વિસ્તારના સીસીટીવી ફૂટેજ તપાસ્યા હતા. આખરે ૧૦૦થી વધુ સીસીટીવી કેમેરાના ફૂટેજ ચકાસતા પોલીસને એક સીસીટીવી ફૂટેજ મળ્યા હતા. જેમાં ભોગ બનેલ મહિલા લારી પર વસ્તુ લઈ રહ્યા હતા. એ વખતે જ અન્ય બે મહિલાઓ પણ તેમની સાથે દેખાઈ હતી અને ફરિયાદી મહિલાને વાતોમાં વ્યસ્ત કરી અને ચાલાકીપૂર્વક તેમના ગળામાં રહેલી સોનાની ચેનની ચોરી કરી અને ચાલાકીપૂર્વક ચોરી કરી ફરાર થઈ ગઈ હતી.વલસાડ શહેરના આસપાસના વિસ્તારના પણ ફૂટેજ તપાસતા આખરે પોલીસે વલસાડના લીલાપોર તરફથી વલસાડ શહેર તરફ આવી રહેલી એક કારમાં સવાર પાંચ સકમંદોની અટકાયત કરી તેમની પૂછપરછ કરતા તેમની પાસેથી મહિલાના ગળામાંથી ચોરી થયેલા સોનાની ચેન સહિતનાનો મળી આવ્યો હતો. આથી પોલીસે આ મામલામાં ડેનિસ સાવલિયા, દેવેન કાચા, અજય રૈયાણી,નિકિતા સાવલિયા અને વૈશાલી સાવલિયાની ધરપકડ કરી તેમની પાસેથી દોઢ તોલાની સોનાની ચેન મોબાઈલ અને કાર સહિત લાખો રૂપિયાનો મુદ્દામાલ કબજે કરી આગવી ઢબે પૂછપરછ શરૂ કરી હતી. પોલીસની તપાસમાં બહાર આવ્યું કે આ ગેંગમાં એક જ પરિવારના ત્રણ સભ્યો સામેલ હતા. જેમાં ભાઈ બહેન અને તેમની માતા પણ ચોરી કરવામાં સામેલ હતી. આથી પોલીસે ભાઈ ડેનિસ અલ્પેશ સાવલિયા, તેની બહેન વૈશાલી અલ્પેશ સાવલિયા અને માતા નિકિતા અલ્પેશ સાવલિયાની ધરપકડ કરી તેમના વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ તમામ આરોપીઓ રાજકોટના રહેવાસી છે. જેઓ વલસાડમાં ચોરીના ગુનામાં ઝડપાઈ ગયા હતા. પોલીસ સમક્ષ આરોપીઓએ કબૂલ કર્યું કે તેઓ મુંબઈ ફરવા ગયા હતા. ત્યાં પૈસા ખૂટી પડતા વળતા આવતા વલસાડમાંથી તેઓએ આ મહિલાને ટાર્ગેટ બનાવી આ દાગીનાની ચોરી કરી હતી. મોટેભાગે આ ગેંગ સિનિયર સિટીઝનોને ટાર્ગેટ કરતી હતી. જેઓએ સોનાના દાગીના પહેર્યા હોય. તેમને વાતોમાં ભોળવી અને કટર વડે દાગીનાને કાપી અને ત્યાંથી નજર ચૂકવી અને ફરાર થઈ જતા હતા. ઝડપાયેલા આરોપીઓમાં માતા વૈશાલી અલ્પેશ સાવલિયા અગાઉ પણ ચોરીના ગુનાઓમાં ઝડપાઈ હોવાનું બહાર આવ્યું છે.

# ક્વાંટના કોચાવડ અને કેલાધરા ગામને જોડતા કોઝવેનું ધોવાણ

। (પ્રતિનિધી) છોટા ઉદેપુર,તા.૨૨ ।

છોટા ઉદેપુરના ક્વાંટ તાલુકાના કોચાવડ અને કેલાધરા ગામોને જોડતો કોઝવે ત્રણ વર્ષ પહેલાં ધોવાઈ ગયો છે. આનાથી ગામના લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. છોટા ઉદેપુરના કવાંટમાં છેવાડાના ગામ સુધી હજુ સુધી વિકાસ ન પહોંચ્યો હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. મધ્યપ્રદેશ અને ગુજરાતની બોર્ડર આવેલા કોચાવડ અને કેલાધરા ગામને જોડતા કોઝવેનું ધોવાણ થઈ જતા ગ્રામજનો ૩ વર્ષથી હાલાકી ભોગવી રહ્યા છે. આ બંને ગામ વચ્ચેથી દૂધવાલ કોતર પસાર થાય છે. તેથી બંને ગામો વચ્ચે કોઝવે તો બનાવવામાં આવ્યો. પરંતુ ૩ વર્ષ પહેલા ચોમાસા દરમિયાન પાણીના પ્રવાહમાં આ કોઝવે ધોવાઈ ગયો. ત્યારે આ કોઝવે પરથી ચાલીને જઈ શકાય તેવી સ્થિતિ નથી તો વાહનોની તો વાત જ ક્યાંથી થાય? ચોમાસામાં આ માર્ગ અવર જવર માટે બંધ જ થઈ જતા. બંને ગામ સંપર્ક વિહોણા બની જાય છે. બંને ગામોની સીમમાં એકબીજા ગામના ખેડૂતોની જમીન હોવાથી ચોમાસામાં ખેડૂતોને સૌથી વધુ હાલાકી ભોગવવી પડે છે. કોતરમાં પાણી આછું થાય તો ગ્રામજનો જોખમી રીતે તૂટેલા કોઝવેની પાળ પરથી ચાલીને જતા હોય છે. જેથી બંને ગામના લોકો કોતર પર નાનો પૂલ બનાવવા માગ કરી રહ્યા છે.

# ધોળકામાં પોલીસ કર્મીની દાદાગીરી, સિવિલ ડ્રેસમાં સગીરને માર માર્યો

। (માહિતી) અમદાવાદ, તા.૨૨ ।

અમદાવાદના ધોળકા શહેરમાં પોલીસ કર્મીએ એક સગીરને લાકડીથી ફટકારવાની ઘટના સામે આવી છે. શહેરના પ્રહલાદ ગેટ ચોકીના પોલીસ કર્મીએ વર્દી વિના ફરજ પર રહીને દાદાગીરી કરી હોવાનું પ્રકાશમાં આવ્યું છે. આ પોલીસ કર્મીએ ગુંદરા વિસ્તારમાં જાહેરમાં સગીરને માર માર્યો હતો. પોલીસ કર્મીને રોકતા એક યુવકને પણ તેણે લાકડીથી ફટકાર્યો હતો. આ પોલીસ કર્મી નશાની હાલતમાં હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. ધોળકા પોલીસ સ્ટેશનમાં પોલીસ કર્મી વિરૂદ્ધ અરજી કરવામાં આવી હતી. પ્રાપ્ત વિગતો પ્રમાણે પોલીસ કર્મીઓની દાદાગીરીના અનેક વીડિયો વાયરલ થતાં હોય છે. અમદાવાદ જિલ્લાના ધોળકામાં સિવિલ ડ્રેસમાં રહેલો એક પોલીસ કર્મી સગીરને માર મારતો હોવાનો વીડિયો વાયરલ થયો છે.

# અમદાવાદના ચાંગોદરમાં બે વૃદ્ધાની હત્યાનો ભેદ ઉકેલાયો

। (પ્રતિનિધી) અમદાવાદ,તા.૨૨ ।

અમદાવાદના ચાંગોદર વિસ્તારમાં ગત ૧૪ એપ્રિલ, ૨૦૨૫ના રોજ પથ્થરોના ઘા મારીને દેરાણી-જેઠાણીની હત્યા નીપજાવી હોવાની ઘટના સામે આવી હતી. સમગ્ર મામલે પોલીસે હત્યાનો ગુનો નોંધીને તપાસ આદરી હતી. પોલીસે ૪ ટીમો અને ૧૫૦થી વધુ સીસીટીવી કેમેરા ચકાસીને ડબલ મર્ડર કેસનો ભેદ ઉકેલ્યો છે. જેમાં ૧૫ મિનિટના ગાળામાં બે વૃદ્ધાને મોતને ઘાટ ઉતારનારા આરોપીને મધ્યપ્રદેશથી ઝડપી પાડવામાં આવ્યો છે. આર-ોપીએ વૃદ્ધા પાસે શરીરસુખની માંગણી કરી હોવાનું સામે આવ્યું છે. પોલીસે સમગ્ર મામલે આગળની કાર્યવાહી હાથ ધરી છે. અમદાવાદના સાણંદ તાલુ-કાના ચાંચરાવાડી વાસણા ગામના પાટિયા વિસ્તાર નજીક એક ગોચરમાં ગત ૧૪ એપ્રિલ, ૨૦૨૫ના રોજ જતનબહેન સોલંકી અને સોનબહેન સોલં-કીનો મૃતદેહ મળી આવ્યો હતો. બંને વૃદ્ધ મહિલાઓ નજીકના માટોડા ગામની રહેવાસી હોવાનું સામે આવ્યું હતું. સમગ્ર મામલે ચાંગોદર પોલીસે ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં જાણવા મળ્યું હતું કે, આરોપીએ ૧૫ મિનિટના ગાળામાં દેરાણી-જેઠાણી એમ બે વૃદ્ધાની હત્યા કરી દેવામાં આવી હતી.ડબલ મર્ડર કેસ મામલે ન્ઝ્રમ્, સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ , ચાંગોદર પોલીસ સ્ટેશનના અધિકારીઓ અને ફોરેન્સિકની ટીમ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી હતી. જેમાં ન્ઝ્રમ્ ટીમે મધ્યપ્રદેશના સતના જિલ્લાના પ્રતાપપુર ગામના વતની ભોલે કોલ (ઉં.વ.૪૭) ને શં-કાસ્પદ તરીકે ઓળખી કાઢ્યો હતો. ભોલે પરણિત છે અને ચાંચરાવાડી વાસણામાં ભાડે રહેતો હતો અને આરોપી ચાંદોગરની એક કંપનીમાં છેલ્લા ત્રણ મહિનાથી કામ કરતો હતો. જ્યારે ઘટના પછી આરોપી તરત પોતાના વતન ભાગી ગયો હતો. જેને લઈને ન્ઝ્રમ્ની ટીમ મધ્યપ્રદેશ રવાના કરવામાં આવી હતી, જ્યાં ભોલેની પૂછપરછ કરતાં તેણે બંને મહિલાઓને પથ્થરથી મારીને હત્યા કરી હોવાની કબૂલાત કરી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, આરોપી પીડિતાઓ સાથે વ્યક્તિગત રીતે પરિચિત હતો. ઘટનાના દિવસે તેણે કથિત રીતે મહિલા પાસે જાતીય સંબંધની માગ કરતાં વૃદ્ધાએ ઠપકો આપતા આરોપીએ ગુસ્સામાં પથ્થર મારી હત્યા નીપજાવી હતી. આ દરમિયાન અન્ય મહિલાએ મદદ મેળવવા ગામ તરફ ભાગવાનો પ્રયાસ કરતા આર-ોપીએ તેનો પીછો કરીને મોતને ઘાટ ઉતારી દીધી હતી. સમગ્ર ઘટના મામલે પોલીસે આરોપીને ઝડપી પાડીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ફ્લેટમાં ગુંડાઓ સાથે ઘુસીને વ્યાજખોરે જીવલેણ હુમલો કરતા ભયનો માહોલ

। અમદાવાદ, તા.૨૨ ।

શહેરના આબંલી વિસ્તારમાં રહેતા જમીન દલાલે ધંધા-કીય કામ માટે સેટેલાઈટ વિસ્તારમાં રહેતા એક વ્યાજખોર પાસેથી ૬૦ લાખ રૂપિયા ૩૦ ટકા વ્યાજે લીધા હતા. જેમાં મુડી અને વ્યાજ સહિત તમામ નાણાં ચુકવી દીધા હતા. તેમ છતાંય, વ્યાજખોર ભાર્ગવ દેસાઇ અને તેના ભાઇએ નાણાંની માંગણી ચાલુ રાખીને ધમકી આપી હતી. જેથી જમીન દલાલને ડરીને ઘર છોડવાનો વારો આવ્યો હતો. રવિવારે જમીન દલાલ મકરબામાં આવેલા એક એપાર્ટમેન્ટ-માં તેના મિત્રના ઘરે પરિવારને મળવા આવ્યા ત્યારે ભાર્ગવ દેસાઇ અને તેના ભાઇએ ગુંડાઓ સાથે આવીને જીવલેણ હુમલો કરીને જમીન દલાલ અને તેના મિત્રો તેમજ પરિવારને મારી નાખવાની ધમકી આપી હતી. આંબલીમાં આવેલા પુષ્પક પ્લેટીનિયમમાં રહેતા મનીષભાઇ રાઠોડ જમીન દલાલ તરીકે કામ કરે છે. ગત મે ૨૦૨૩માં તેમણે ભાર્ગવ બળદેવ દેસાઇ (સંગીની બંગ્લોઝ, સેટેલાઇટ) પાસેથી અલગ અલગ સમયે કુલ ૬૦ લાખ રૂપિયા ૩૦ ટકા વ્યાજે લીધા હતા. આ ઉપરાંત, તેમના મિત્રોની કાર ગીરવે મુકીને પણ નાણાં લીધા હતા.

# આજનું રાશિ ભવિષ્ય.....



**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે સવારથી તમારી ઊર્જાનું સ્તર ઊંચું રહેશે તથા તમારે તેનો ઉપયોગ બાકી રહી ગયેલા કાર્યો પૂર્ણ કરવા માટે કરવો જોઈએ. જો તમે લોન લેવા માટે ઘણા દિવસો થી પ્રયાસ કરી રહ્યા છો તો આજ ના દિવસે તમને લોન મળી શકે છે. બાળકો તમારી માટે દિવસ મુશ્કેલ બનાવી શકે છે. તેમનો રસ જળવાઈ રહે તે માટે પ્રેમનો ઉપયોગ શસ્ત્ર તરીકે કરો અને બિનજરૂરી તાણ ટાળો.



**વૃષભ (બ,વ,ઉ) :**

આજે તમારી આર્થિક સ્થિતિ સુધરશે આમ છતાં નાણાખર્ચમાં વધારો તમારી યોજનાઓને પાર પાડવામાં અંતરાયો ઊભા કરશે. પારિવારિક જવાબદારીઓ વધશે, તમારા મગજ પર તાણ વધશે. એકતરફી આકર્ષણ આજે તમારી માટે માથાનો દુખાવો જ લાવશે. સાવચેતી રાખો-કામના સ્થળે લોકો સાથે કામ લેતી વખતે હોંશિયારી અને ધીરજ રાખજો.



**મિથુન (ક,છ,ઘ) :**

આજે તમારા પરિવારના કલ્યાણ માટે સખત મહેનત કરો. તમારૂં કાર્ય પ્રેમ અને હકારાત્મક દ્રષ્ટિકોણથી સંચાલિત હોવું જોઈએ લાલચથી નહીં. તમારી વાત સાચી સાબિત કરવા માટે તમે આજ ના દિવસે તમારા જીવનસાથી સાથે ઝઘડો કરી શકો છો. જો કે તમારો સાથી સમજણ બતાવી ને તમને શાંત કરશે. તમે જો એક દિવસની રજા પર જતા હો તો તમારે ચિંતા કરવાની જરૂર નથી.



**કર્ક (ડ,હ) :**

આજના દિવસે બૅન્કને લગતા કાર્યો ખૂબ જ તકેદારીપૂર્વક પાર પાડવાની જરૂર પડશે. તમે જો ઑફિસમાં વધારાનો સમય વિતાવશો તો તેની અસર તમારા ગૃહજીવન પર પડશે. દિવસને ખાસ બનાવવા માટે ઉદારતા તથા પ્રેમ આપો. કામના સ્થળે આજે તમે એક અદભુત વ્યક્તિને મળો એવી શક્યતા છે. દરેક કાર્ય ને સમય પર પૂર્ણ કરવું ઠીક હોય છે.



**સિંહ (મ,ટ) :**

આજે તમારુ સ્વાસ્થ્ય સારૂં રહેશે. કાર્યક્ષેત્ર અથવા વેપારમાં તમારી કોઈ બેદરકારી તમને આજે નુકસાન કરાવી શકે છે. તમે ભાગ્યે જ મળતા હો એવા લોકો સાથે સંપર્ક સાધવા માટે સારો દિવસ. એકાએક થયેલો રૉમેન્ટિક મેળાપ તમારા મિજાજને ખીલવશે. વ્યવસાયમાં ગણતરીપૂર્વકનાં પગલાં વળતર અપાવશે.પ્રૉજેક્ટ સમયસર પૂરા કરવામાં તે તમને મદદ કરશે.



**કન્યા (પ,ઠ,ણ) :**

આજે તમે નવરાશની લહેજત માણવાના છો. જો તમે પરિણીત છો તો આજે પોતાના બાળકો નું વિશેષ ખ્યાલ રાખો કેમકે જો તમે આવું નહિ કરો તો તેમની તબિયત બગડી શકે છે અને તમને તેમના સ્વાથ્ય પર તમારે ઘણા પૈસા ખર્ચ કરવા પડી શકે છે. પારિવારિક મેળાવડામાં તમે કેન્દ્રસ્થાને રહેશો. રૉમાન્સ માટે બહુ સારો દિવસ નથી કેમ કે તમને સાચો પ્રેમ નહીં મળે.



**તુલા (ર,ત) :**

આજના દિવસે ઉચ્ચ કૅલેરીયુક્ત આહાર ટાળો અને તમારા વ્યાયામને વળગી રહો. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે. આજે તમે સારી બચત કરવા માટે સમર્થ હશો. સંબંધીઓને મળવા જવા નાનકડી મુસાફરી તમારા રોજિંદા ભાગદોડભર્યા સમયપત્રકમાંથી તમને રાહત તથા હળવાશ આપશે.



**વૃશ્ચિક (ન,ય) :**

આજે કશુંક રસપ્રદ વાચી માનસિક વ્યાયામ કરો. તમારા વધારાનાં નાણાં એવા સુરક્ષિત સ્થળે મૂકો જે તમને આવનારા સમયમાં વળતરનું વચન આપે. યુવાનોને સાંકળતી પ્રવૃત્તિઓમાં સહભાગી થવા માટે સારો સમય. તમારા દિલ અને મગજ પર રૉમાન્સનું રાજ હશે. લાયક કર્મચારીઓ માટે નાણાકીય લાભો તથા બઢતી. તમારું કુટુંબ આજે તમારી સાથે ઘણી સમસ્યાઓ શેર કરશે.



**ધન (ભ,ધ,ફ) :**

આજે વાહન ચલાવતી વખતે તકેદારી રાખો. વિવિધ સ્થળેથી આર્થિક લાભ મળી રહેશે. યુવાનોને સાંકળતી પ્રવૃત્તિઓમાં સહભાગી થવા માટે સારો સમય. તમારૂં પ્રેમ જીવન વસંતના વૃક્ષનાં પાંદડાં સમાન રહેશે. વધારે પડતા કામ છતાંય કાર્યક્ષેત્ર માં તમારી અંદર ઉર્જા જોઈ શકાય છે. તમે આપેલા કામ ને સમય સીમા પહેલાજ પૂર્ણ કરી લેશો.



**મકર (ખ,જ) :**

આજના દિવસે પત્નીના કામકાજમાં ચંચૂપાત કરશો નહીં, કેમ કે તેનાથી તમે તેનો ગુસ્સો નોતરશો.તમારા કામથી કામ રાખો એ જ સારૂં છે. હસ્તક્ષેપ જેટલો ઓછો એટલું સારૂં અન્યથા તેનાથી પરાધીનતા આવી શકે છે. આજે તમારી સામે રજૂ કરવામાં આવતી રોકાણ યોજનાઓ તરફ તમારે બેવાર જોઈ લેવું. પરિવારના સભ્યો સાથેના મતભેદો દૂર કરીને-તમે તમારા ધ્યેયોને આસાનીથી પ્રાપ્ત કરી શકશો.



**કુંભ (ગ,શ,સ) :**

આજે તમે જેમ છો તેમ જ રહેજો કેમ કે તમારે કેટલીક મુશ્કેલીઓનો સામનો કરવાનો આવશે-એ તમને ગંભીર મુશ્કેલીમાં મૂકી શકે છે. ખાસ કરીને તમારો ગુસ્સો, કેમ કે તે ક્ષણિક પાગલપનથી વિશેષ કંઈ નથી. વેપારમાં ફાયદો આજે ઘણા વેપારીઓ ના ચહેરા પાર સ્મિત લાવી શકે છે. બિઝનેસમેન્સ માટે સારો દિવસ કેમ કે તેમને અચાનક કેટલોક અણધાર્યો લાભ થશે.



**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે તમારો વિપુલ આત્મવિશ્વાસ તથા કામનું સરળ સમયપત્રક તમને આજે હળવા થવાનો પૂરતો સમય આપશે. આજે તમને સમજ પડી શકે છે કે સમજ્યા વિચાર્યા વગર ધન ખર્ચવું તમને કેટલું નુકસાન કરી શકે છે. પત્ની સાથે ઝઘડો માનસિત તાણ ભણી દોરી જઈ શકે છે. બિનજરૂરી તાણ લેવાની જરૂર નથી. આપણે જે બાબતને બદલી નથી શકવાના તેને તે જેમ છે તેમ જ સ્વીકારવી એ જ જીવનની મહાન બાબત છે.

## ન્યૂઝ બ્રિફ

### સુપ્રીમ કોર્ટે પણ સંસદનું સન્માન કરવું જોઈએ, કેન્દ્રીય મંત્રી આઠવલેનું મોટું નિવેદન

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

સુપ્રીમ કોર્ટ દ્વારા રાષ્ટ્રપતિને સલાહ અને ફરમાનનો મુદ્દો ચર્ચાસ્પદ બન્યો છે. ઉપરાષ્ટ્રપતિ ધનખડ દ્વારા સુપ્રીમ કોર્ટની ટીકા બાદ વિવિધ મંત્રીઓ અને નેતાઓ આ વિવાદમાં ઉતાર્યા છે. કેન્દ્રીય મંત્રી રામદાસ અઠાવલે જણાવ્યું હતું કે, સુપ્રીમ કોર્ટનો તમામ લોકોએ આદર કરવો જોઈએ. કોર્ટ જે પણ આદેશ આપે છે, તેનો સ્વીકાર કરવો જોઈએ. પરંતુ કોર્ટે પણ એક બાબતનું ધ્યાન રાખવું જોઈએ કે, સંસદ 'સુપ્રીમ' (સર્વોચ્ચ) છે. કાયદો ઘડવાનું કામ સંસદ કરે છે. કાયદા અનુસાર, ચુકાદો આપવાનું કામ કોર્ટનું છે. અઠાવલેએ આગળ કહ્યું કે, દરેક વાત પર સંસદ દ્વારા બનાવવામાં આવેલા કાયદા પર સુપ્રીમ કોર્ટની ટિપ્પણી યોગ્ય નથી. અમે સુપ્રીમ કોર્ટનું સન્માન કરીએ છીએ અને સુપ્રીમ કોર્ટે પણ સંસદનું સન્માન જાળવવું જોઈએ. ભાજપ સાંસદ નિશિકાંત દુબેના નિવેદનથી આ વિવાદમાં રાજકારણ ગરમાયું છે. નિશિકાંત દુબેએ કહ્યું હતું કે, આ દેશમાં જેટલા પણ ગૃહ યુદ્ધ થઈ રહ્યા છે, તેના માટે જવાબદાર ચીફ જસ્ટિસ ઑફ ઈન્ડિયાના સંજીવ ખન્ના છે. સાથે તેમણે સોશિયલ મીડિયા પર લખ્યું કે, જો કાયદો સુપ્રીમ કોર્ટ જ બનાવશે તો સંસદ ભવન બંધ કરી દેવું જોઈએ. ભાજપ સાંસદના આ નિવેદનથી વિવાદ વકર્યો હતો. જેના પર ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાએ નિશિકાંત દુબેના નિવેદન માટે પક્ષ જવાબદાર ન હોવાની સ્પષ્ટતા આપી હતી. તેમજ ભાજપ સુપ્રીમ કોર્ટનું સન્માન કરતું હોવાનું નિવેદન આપ્યું હતું. નિશિકાંત દુબેના નિવેદન પર વિપક્ષ ભડકી ઉઠ્યું છે. ઝારખંડના મંત્રી ઈરફાન અન્સારીએ નિશિકાંત દુબે વિરુદ્ધ કાર્યવાહી કરવાની માગ કરી છે.

### ઉદ્ધવ ઠાકરે-રાજ ઠાકરે એક થવાની વાત સાંભળતાં જ શિવસેનાને પડ્યો વાંધો

। (એજન્સી) મુંબઈ, તા.૨૨ ।

મહારાષ્ટ્રના રાજકારણમાં શિવસેના યુબીટીના પ્રમુખ ઉદ્ધવ ઠાકરે અને તેમના પિતરાઈ ભાઈ MNS (મહારાષ્ટ્ર નવનિર્માણ સેના) પ્રમુખ રાજ ઠાકરે ગઠબંધન કરવાની તૈયારીમાં હોવાની ચર્ચાઓ થતાં શિવસેનાને વાંધો પડ્યો હોય તેવું લાગી રહ્યું છે. આ મામલે શિવસેનાએ ઉદ્ધવ ઠાકરે પર પ્રહાર કર્યા છે. શિવસેનાના પ્રવક્તા અને પાર્ટીના સાંસદ નરેશ મહસ્કેએ કહ્યું કે, 'ઉદ્ધવ ઠાકરે આધુનિક દુર્યોધન છે. ઉદ્ધવએ અવિભાજિત શિવસેનામાં રાજ ઠાકરેને ક્યારે આગળ આવવા દીધા નથી. નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેના સાંસદે એક પ્રેસ કોન્ફરન્સમાં દાવો કર્યો છે કે, 'ઉદ્ધવ ઠાકરે પાર્ટીના ઘટતાં જનાધારથી પરેશાન છે, તેથી જ તેઓ રાજ ઠાકરેને પોતાની સાથે લાવવા માંગે છે. શિવસેના યુબીટીમાં ભીડને આકર્ષીત કરી શકે તેવો કોઈપણ નેતા બચ્યો નથી. આવી અનુભૂતી થયા બાદ ઉદ્ધવ રાજને સાથે લાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. લોકસભા અને રાજ્યસભા બંનેમાં શિવસેના યુબીટીનું અસ્તિત્વ જોખમમાં મૂકાયેલું છે.' ઉદ્ધવ ઠાકરેને આધુનિક દુર્યોધન ગણાવી મહસ્કેએ કહ્યું કે, 'તેમણે (ઉદ્ધવ ઠાકરે) પોતાના ભાઈ રાજ ઠાકરેને પાર્ટીમાં ક્યારે આગળ આવવા દીધા નથી. બાલા સાહેબ ઠાકરે રાજ ઠાકરેને પાર્ટીમાં મુખ્ય જવાબદારી આપવા ઈચ્છતા હતા. જોકે તેનો ઉદ્ધવએ જોરશોરથી વિરોધ કર્યો હતો.

બરેલી જંક્શન પર વ્યસનીને બાળકી સોંપીને દૂધ લેવા ગયેલી માતા જ્યારે જલ્દી પરત ન ફરી તો વ્યસની બાળકીને ઉઠાવી ગયો

# વ્યસનીએ ખંડેરમાં ફેંકી બાળકી, દિશા પટણીની બહેને બચાવ્યો જીવ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

બોલિવુડ એક્ટ્રેસ દિશા પટણીની બહેન ખુશ્બુએ માનવતા મહેંકાવી છે. ઘટના એમ છે કે બરેલી જંકશન પર વ્યસનીને બાળકી સોંપીને દૂધ લેવા ગયેલી માતા જ્યારે જલ્દી પરત ન ફરી તો વ્યસની બાળકીને ઉઠાવી ગયો અને પછી તેણે બાળકીને પોલીસ લાઈનના ખંડેરમાં ફેંકી દીધી. ત્યારબાદ બાળકીનો રડવાનો અવાજ સાંભળીને અભિનેત્રી દિશા પટણીની મેજર બહેન ખુશ્બુ પટણીએ આ બાળકીનો જીવ બચાવ્યો. ખુશ્બુ અને તેની માતાએ બાળકીની સંભાળ રાખી. પોલીસે સાંજ સુધીમાં બાળકીની માતાને શોધી કાઢી. આ દરમિયાન GRPની ભૂમિકા નિરાશાજનક રહી. બીજી તરફ માનવતા મહેંકાવવા બદલ હવે સોશિયલ મીડિયા પર ખુશ્બુ પટણીના ખૂબ વખાણ થઈ રહ્યા છે. બિહારના મધુબની જિલ્લાની રહેવાસી ગુફરાન નામની મહિલાના લગ્ન બદાયૂં જિલ્લાના બિનાવરમાં અહિરવાડામાં થયા હતા. ગુફરાન રવિવારે



સવારે તેની આઠ મહિનાની પુત્રી ઈનાયત સાથે ટ્રેન દ્વારા બરેલી આવી હતી. સવારે લગભગ ૭:૦૦ વાગ્યે ગુફરાન જંક્શન પર ઉતરી. અહીંથી તેને બિહારમાં તેની માતાના ઘરે જવા માટે બીજી ટ્રેન પકડવાની હતી. આ દરમિયાન છોકરીને ભૂખ લાગી તેથી ગુફરાને તેને જંકશન પર બેઠેલા એક નશામાં ધૂત યુવાનને સોંપી દીધી અને થોડી વાર પછી પાછી આવીશ એમ કહીને જતી રહી. પ્રાપ્ત માહિતી પ્રમાણે આ વ્યસની લગભગ અડધો કલાક બાળકીને લઈને બેસી રહ્યો. ત્યારબાદ જ્યારે બાળકીની માતા વહેલી ન આવી તો તે બાળકીને લઈને રેલવે લાઈન કિનારે જતો રહ્યો અને પછી તેણે ચૌપુલા નજીક જૂની પોલીસ લાઈનના ખંડેર ક્વાર્ટરમાં બાળકીને ફેંકી દીધી. બરેલી પોલીસના નિવૃત્ત CO જગદીશ પટણી (અભિનેત્રી દિશા પટણીના પિતા)નું નિવાસસ્થાન જૂની પોલીસ લાઈનની દિવાલને અડીને આવેલું છે. રવિવારે સવારે તેમની પત્ની પદ્મા પટણી ઘરની સફાઈ કરી રહી હતી. જ્યારે તેણે બાળકીનો રડવાનો અવાજ સાંભળ્યો ત્યારે તેણે તેની પુત્રી ખુશ્બુ પટણીને તેની જાણ કરી. ખુશ્બુ જે આર્મીમાં મેજરના પદ પરથી ફઈજી લઈને લગભગ એક વર્ષથી પોતાના માતા-પિતા સાથે રહેતી હતી, તે તરત જ દિવાલ કૂદી ગઈ અને બીજી બાજુ ગઈ અને ખંડેરમાં બાળકીને રડતી જોઈ. પછી તેણે ફોન કરીને પોતાની માતાને બોલાવી. બાળકી ઈનાયત જ્યારે ક્વાર્ટરમાં મળી આવી ત્યારે તે કાદવથી લથપથ હતી. ખુશ્બુ તેને ઉપાડીને ઘરે લઈ આવી.

## આગામી સિઝનમાં મજબૂતીથી કમબેક કરીશું : મહેન્દ્રસિંહ ધોની



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૫ની ૩૮મી મેચમાં ચેન્નાઈ સુપર કિંગ્સને હરાવીને મુંબઈ ઈન્ડિયન્સે જીતની હેટ્રિક લગાવી છે. આ જીત સાથે મુંબઈ ઈન્ડિયન્સ ૮ મેચમાં ૪ જીત અને ૪ હાર સાથે પોઈન્ટ ટેબલમાં છઠ્ઠા સ્થાન પર છે. જ્યારે ચેન્નાઈ સુપર કિંગ્સ એટલી જ મેચોમાં માત્ર ૨ જીત સાથે પોઈન્ટ ટેબલમાં સૌથી નીચે છે. ચેન્નાઈ સામેની જીતનો હીરો મુંબઈ ઈન્ડિયન્સનો ઓપનર બેટ્સમેન રોહિત શર્મા હતો, જેણે શાનદાર અડધી સદી ફટકારી હતી. તેને સૂર્યકુમાર યાદવેનો સાથ મળ્યો. હવે મુંબઈ સામે પરાજય બાદ ચેન્નાઈના કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોનીએ કેટલીક ચોંકાવનારી વાતો કહી, જે સાંભળીને બધા ચોંકી ગયા છે. મેચ બાદ CSKના કેપ્ટને કહ્યું કે, અમારી ટીમનું પ્રદર્શન એકદમ એવરેજ હતું. મને ખબર હતી કે મેચના હાફમાં થોડો ડ્યૂ પડશે. જસપ્રીત બુમરાહ વિશ્વનો શ્રેષ્ઠ ડેથ બોલરોમાંથી એક છે અને મુંબઈ ઈન્ડિયન્સે પોતાની ડેથ બોલિંગ વહેલી શરૂ કરી હતી, જેના કારણે અમે વધુ રન ન બનાવી. આયુષ મ્હાત્રેએ સારી બેટિંગ કરી અને પોતાના શોટ્સ સારી રીતે પસંદ કર્યા. અમને ખબર હતી કે આ પીચ પર રન બનાવવા સરળ નહીં હોય. જો તમે શરૂઆતની ઓવરોમાં વધુ રન આપી દો છો તો તે મુશ્કેલ બની જાય છે. CSKના કેપ્ટને કહ્યું કે, અમારે એ સમજવાની જરૂર છે કે આપણે સારું ક્રિકેટ રમવાના કારણે જ સફળ થઈએ છીએ. આપણે વધારે ઈમોશનલ ન થવું જોઈએ. અમારે એક સમયે એક મેચ પર ધ્યાન આપવું પડશે અને જો અમને પ્લેઓફમાં સ્થાન મળે તો અમારે આગામી સિઝન માટે અમારી રણનીતિ વિશે વિચારવું પડશે અને આગામી સિઝનમાં મજબૂતીથી કમબેક કરીશું. આગામી સીઝન વિશે વાત કરીને ધોનીએ સંકેત આપ્યો છે કે તે IPL 2026માં રમી શકે છે. મેચ પછી ધોનીએ કહ્યું કે, અમે એવરેજ સ્કોર કરતા થોડા ઓછા રન બનાવ્યા. મુંબઈએ પોતાની ડેથ બોલિંગ વહેલી શરૂ કરી દીધી હતી. અમારે પણ સ્લોગ શોટ વહેલા રમવા જોઈતા હતા. તેઓ સ્પિન બોલિંગ સારી રીતે રમ્યા અને અમે ક્યારેય લડવા લાયક સ્કોર બનાવ્યો જ નહીં.

અધિકારીઓનો દાવો

## જજ વર્માના ઘરમાંથી સળગેલી હાલતમાં રોકડ મળી આવી હતી

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૨ ।

દિલ્હી હાઈકોર્ટના પૂર્વ ન્યાયાધીશ યશવંત વર્માના ઘરે સળગેલી હાલતમાં કરોડો રૂપિયાની રોકડના બંડલો મળ્યા હતા તેમ પોલીસ અને ફાયર વિભાગના અધિકારીઓએ સુપ્રીમ કોર્ટ દ્વારા રચાયેલી તપાસ સમિતિને કહ્યું હતું. જજ જસ્ટિસ યશવંત વર્માના નિવાસેથી ૧૪ માર્ચે લાગેલી આગમાં કરોડો રૂપિયાની રોકડ મળી આવવાની ઘટનાની તપાસ માટે સુપ્રીમ કોર્ટે હાઈસોર્ટના ન્યાયાધીશોની ત્રણ સભ્યોની સમિતિની રચના કરી છે. આ સમિતિએ આગની ઘટના સમયે હાજર અધિકારીઓની પૂછપરછ કરી હતી. સુપ્રીમ કોર્ટ દ્વારા રચાયેલી ત્રણ સભ્યોની તપાસ સમિતિએ પોલીસ કમિશનર સંજય અરોરા, ડીપીસી (નવી દિલ્હી જિલ્લા) દેવેશ મહલા અને આ ઘટના સાથે સંકળાયેલા અન્ય કર્મચારીઓની ગહન



પૂછપરછ કરી હતી. આ પૂછપરછમાં મુખ્ય બે સવાલ પર ભાર મુકાયો હતો. એક આગ સમયે સ્થળ પર મળી આવેલી રોકડ જપ્ત શા માટે કરાઈ નહોતી? બીજો આગ લાગવાના દૃશ્યવાળા વીડિયો કર્મચારીઓએ તેમના ફોનમાંથી ડીલીટ શા માટે કરી નાંખ્યા? એક મીડિયા રિપોર્ટ મુજબ પોલીસ અને અગ્નિશમન દળના અધિકારીઓએ સમિતિને જણાવ્યું કે, આ કેસમાં એફઆઈઆર નોંધાઈ નહીં હોવાથી રોકડ જપ્ત કરવામાં આવી નહોતી.

ગ્રામજનોએ પથ્થરમારો કરતા પોલીસનો લાઠીચાર્જ

## આંબેડકરની મૂર્તિ હટાવવા મુદ્દે સિદ્ધાર્થનગરમાં બબાલ

। (એજન્સી) લખનૌ, તા.૨૨ ।

ઉત્તર પ્રદેશના સિદ્ધાર્થનગર જિલ્લાના એક ગામમાં ડૉ.બાબાસાહેબ આંબેડકરની મૂર્તિ હટાવવા મુદ્દે ગ્રામજનો અને પોલીસ વચ્ચે ભારે બબાલ થઈ છે. ગામમાં આંબેડકરની મૂર્તિ સ્થાપી હોવાની માહિતી મળતા જીદ્ધસ્પોલીસની ટીમ સાથે પહોંચી મૂર્તિ હટાવવા પહોંચ્યા હતા, જેનો ગ્રામજનોએ ઉગ્ર વિરોધ કર્યો હતો. આ દરમિયાન ગ્રામજનો અને પોલીસ વચ્ચે ઘર્ષણ થયું હતું. મહિલાઓએ પોલીસ પર પથ્થરમારો કર્યો હતો, જેના જવાબમાં પોલીસે પણ લાઠીચાર્જ કરવો પડ્યો હતો.

મળતા અહેવાલો મુજબ સિદ્ધાનગર જિલ્લાના સમોગરા ગામમાં થોડા દિવસ પહેલા ડૉ.બાબાસાહેબ આંબેડકરની મૂર્તિ સ્થાપવામાં આવી હતી. જેની જાણ સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ થઈ હતી અને તેઓ પોલીસની ટીમ સાથે ઘટનાસ્થળે પહોંચી મૂર્તિ હટાવવાનો પ્રયાસ કર્યો



હતો. આ દરમિયાન કેટલાક ગ્રામજનો ત્યાં આવ્યા હતા અને મૂર્તિ હટાવવાનો વિરોધ કર્યો હતો. જોત જોતમાં વિરોધ પથ્થરમારા અને લાઠીચાર્જમાં પરિવર્તીત થઈ ગયો હતો. ઉગ્ર વિરોધ બાદ પોલીસ તંત્ર અને ગ્રામજનો વચ્ચે ઘર્ષણ શરૂ થઈ ગયું હતું. ગ્રામજનોએ પોલીસ અને મહેસૂલ કર્મચારીઓ પર પથ્થરમારો શરૂ કરી દીધો હતો, તો ટીમે પણ લાઠીચાર્જ કરવો પડ્યો હતો. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે.



જમ્મુ અને કાશ્મીરના રામબન જિલ્લામાં વાદળ ફાટવાથી થયેલા ભૂસ્ખલન અને અચાનક આવેલા પૂરને કારણે કાદવમાં ફસાયેલા વાહનો.

સોનામાં આગઝરતી તેજી

## અમદાવાદમાં સોનાનો ભાવ રેકોર્ડ રૂ. ૧,૦૦,૦૦૦ નજીક, ચાંદીમાં પણ ચમક

। નવી દિલ્હી, તા.૨૨ ।

વૈશ્વિક સ્તરે આર્થિક મંદીના સંકટ વચ્ચે સોના-ચાંદીમાં તેજીનો જુવાળ ફાટી નીકળ્યો છે. વૈશ્વિક સ્તરેથી માંડી સ્થાનિક બજારોમાં સોનું રોજ નવી સર્વોચ્ચ ટોચ નોંધાવી રહ્યું છે. અમદાવાદમાં સોનાનો ભાવ રૂ. ૧૦૦૦૦૦થી માત્ર રૂ. ૫૦૦ છેટો છે. અર્થાત્ અમદાવાદમાં આજે સોનું વધુ રૂ. ૧૦૦૦ ઉછળી રૂ. ૯૯૫૦૦ પ્રતિ ૧૦ ગ્રામની ઐતિહાસિક ટોચે પહોંચ્યું છે. જો કે, ચાંદી રૂ. ૯૭૦૦૦ પ્રતિ કિગ્રાના લેવલે સ્થિર રહી હતી. અમેરિકા અને ચીન વચ્ચે ટ્રેડવૉરની વણસી રહેલી સ્થિતિના કારણે વૈશ્વિક સ્તરે આર્થિક ગ્રોથ મુદ્દે



ચિંતા અને ડૉલર નબળો પડતાં સેફહેવન ધાતુમાં ખરીદી વધી છે. ચાલુ કેલેન્ડર વર્ષમાં અમદાવાદમાં સોનાનો ભાવ આજના રૅકોર્ડ લેવલ સામે ૨૬.૪૩ ટકા વધ્યો છે. જે ૩૧ ડિસેમ્બરે રૂ. ૭૮૭૦૦ પ્રતિ ૧૦ ગ્રામ બોલાઈ રહ્યો હતો. જે આજે રૂ. ૯૯૫૦૦ થયો છે. ચાંદીમાં પણ ૧૨.૧૪ ટકા રિટર્ન છૂટી રહ્યું છે.

# એક નવવધૂની કરતૂતે લોકોને આશ્ચર્યમાં મૂકી દીધા

### નવવધૂએ તેના લગ્નના ત્રણ દિવસ બાદ જ પોતાના પ્રેમીને સાસરે બોલાવી લીધો તેને પોતાના મામાનો દીકરો અર્થાત ભાઈ ગણાવ્યો

। બેગુસરાય, તા. ૨૨ ।

બિહારના બેગુસરાયમાં એક અત્યંત વિચિત્ર કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. અહીં એક નવવધૂની કરતૂતે લોકોને આશ્ચર્યમાં મૂકી દીધા છે. લોકો હવે એ વિચારમાં પડી ગયા કે આવું હતો તો એ છોકરીએ લગ્ન જ શા માટે કર્યા? અહેવાલો અનુસાર એક નવવધૂએ તેના લગ્નના ત્રણ દિવસ બાદ જ પોતાના પ્રેમીને સાસરે બોલાવી લીધો અને સાસરિયાઓ સામે તેને પોતાના મામાનો દીકરો અર્થાત ભાઈ ગણાવ્યો. પરંતુ જ્યારે બંધ રૂમમાં બંનેને આપત્તિજનક સ્થિતિમાં નવવધૂના પતિએ ઝડપી લીધા ત્યારે તેમનું રહસ્ય ખૂલી ગયું. આ પછી મહિલાએ સ્વીકાર્યું કે રૂમમાં હાજર વ્યક્તિ તેનો મામાનો દીકરો નથી પરંતુ તેનો પ્રેમી છે. હકીકત જાહેરા થઈ ગયા પછી મહિલાએ પોતાના પ્રેમી સાથે જ રહેવાની જીદ કરી હતી. ઘણું સમજાવવા છતાં તે ન માની અને આખરે પોતાના પતિને છોડીને પ્રેમી સાથે ચાલી ગઈ હતી.

મળતી માહિતી મુજબ આ ઘટના બેગુસરાયના તેયાય વિસ્તારના દાદપુર ગામની છે. જ્યાં દાદપુરના રહેવાસી વિશ્વજીત પાસવાનના લગ્ન ૧૬ એપ્રિલે બડી બલિયાના પ્રકાશ પાસવાનની દીકરી કલ્પના કુમારી સાથે થયા હતા. લગ્ન હિન્દુ રીત-રિવાજો સાથે ખૂબ ધામધૂમથી થયા હતા. પરંતુ નવવધૂ કલ્પના કુમારી આ લગ્ન અને પોતાના પતિથી ખુશ નહોતી. તેનું દિલ તેના પ્રેમી નીતિશ માટે ધડકતું હતું. તે પોતાના પ્રેમી સાથે જ રહેવા ઈચ્છતી હતી. ૧૬ એપ્રિલે કલ્પનાના લગ્ન થયા અને લગ્ન બાદ ૧૭ એપ્રિલે તેની વિદાય થઈ. વિદાયમાં કલ્પના સાથે તેનો ભાઈ પણ આવ્યો હતો, પરંતુ તે ૧૮ એપ્રિલની સવારે ચાલ્યો ગયો.

આ તરફ, કલ્પના લગ્ન બાદ સાસરે આવી ત્યારબાદ તેનો પ્રેમી નીતિશ ખૂબ પરેશાન હતો. લગ્નના બીજા દિવસે જ નીતિશ અને કલ્પના વચ્ચે ચોરી-છૂપીથી વાતચીત થઈ હતી. આ દરમિયાન કલ્પનાએ પોતાના પ્રેમી નીતિશને સાસરે આવવા કહ્યું. કલ્પનાએ તેને પોતાનો પ્લાન જણાવ્યો અને કહ્યું કે જ્યારે તું મારા સાસરે આવે ત્યારે કહેજે કે તું મારા મામાનો દીકરો ભાઈ છું. કલ્પનાનો પ્લાન નીતિશને પણ પસંદ આવ્યો. શુક્રવારે એટલે કે ૧૮ એપ્રિલની સાંજે નીતિશ પોતાની પ્રેમિકાના સાસરે દાદપુર પહોંચી ગયો. સાસરે પહોંચીને તેણે એક સ્કૂલ પાસે ઊભા રહીને કલ્પનાને ફોન કર્યો. ત્યારબાદ કલ્પનાએ તેને લેવા માટે તેના સાસરિયામાંથી જ કોઈને મોકલ્યા.

આ સમગ્ર કાવતરાથી અજાણ એવા સાસરિયા પૂરા સન્માન સાથે કલ્પનાના કથિત ભાઈ નીતિશને ઘરે લઈ આવ્યા. ઘરના દરવાજે નીતિશે પોતાને કલ્પનાનો મામેરો ભાઈ ગણાવ્યો. ઘરના લોકોએ દુલ્હન કલ્પનાને જાણ કરી કે તારો મામેરો ભાઈ આવ્યો છે, તો તે પણ ખુશ થઈ ગઈ કારણ કે તેનો પ્રેમી આખરે ભાઈ બનીને સાસરે આવી પહોંચ્યો હતો. દુલ્હનના મનમાં ખુશીના લાડુ ફૂટી રહ્યા હતા. બીજી તરફ, સાસરિયાઓએ નીતિશને ભાઈ માનીને તેનો ખૂબ આદર-સત્કાર કર્યો. જ્યારે ભાઈનું સ્વાગત થઈ ગયું, ત્યારે થોડી વાર બાદ તેને દુલ્હન સાથે મળવા માટે તેના રૂમમાં મોકલી દેવાયો. સાસરિયાઓને લાગ્યું કે નવી દુલ્હન જ્યારે સાસરે આવે છે, ત્યારે તે પોતાના પિયરના લોકો સાથે વાત કરવા ઈચ્છે છે, સુખ-દુઃખ વહેંચવા ઈચ્છે છે, નવી જગ્યાએ રહેતી હોવાથી ઘણું બધું કહેવું હોય છે. આ જ વિચારીને લોકોએ કથિત ભાઈ અને દુલ્હનને તેના રૂમમાં વાત કરવા માટે એકલા છોડી દીધા. આ દરમિયાન દુલ્હા વિશ્વજીતને ખબર પડી કે તેમનો કોઈ સાળો આવ્યો છે, તો તે ખુશી-ખુશી પોતાના સાળાથી મળવા પોતાની પત્નીના રૂમમાં ગયો. પરંતુ રૂમમાં પહોંચતા જ તેની સામે જે દૃશ્ય હતું તે જોઈને તેના પગ નીચેથી જમીન ખસી ગઈ. વિશ્વજીતે જોયું કે તેની પત્ની પોતાના રૂમમાં કથિત મામેરા ભાઈ સાથે આપત્તિજનક સ્થિતિમાં છે. બંને એકબીજા સાથે અશ્લીલ હરકતો કરવામાં વ્યસ્ત હતાં. પોતાની પત્નીને પોતાના મામેરા ભાઈ સાથે આવી હરકતો કરતી જોઈ વિશ્વજીતના હોંશ ઊડી ગયા. તેણે તરત જ પોતાના સસરાને ફોન કરીને નીતિશ વિશે પૂછ્યું. ત્યારે વિશ્વજીતના સસરાએ કહ્યું કે નીતિશ નામનો મારો કોઈ સગો નથી, તેને પકડી રાખો, અમે કલ્પનાના ભાઈને હમણાં મોકલીએ છીએ. આ પછી ૧૯ એપ્રિલે નવવધૂનો ભાઈ અને અન્ય સગા દાદપુર પહોંચ્યા. લગ્નના ઘરમાં હવે હાઈ વોલ્ટેજ ડ્રામા શરૂ થઈ ગયો. જ્યારે નવવધૂના સગાઓએ તેના પ્રેમી નીતિશ સાથે પૂછપરછ કરી તો તે આડીઅવળી વાતો કરવા લાગ્યો. તેને પૂછવામાં આવ્યું કે તું કઈ રીતે ભાઈ લાગે છે જે પોતાની બહેન સાથે આવું કરી રહ્યો હતો? તો નીતિશે ગોળ ગોળ જવાબો આપવા શરૂ કર્યા. પછી કલ્પનાને બેસાડીને પૂછપરછ કરવામાં આવી, તો તેણે જણાવ્યું કે તે નીતિશને પહેલેથી ઓળખે છે અને તેની સાથે ઘણા સમયથી પ્રેમમાં હતી. તે હવે નીતિશ સાથે જ રહેવા ઈચ્છે છે. દુલ્હને કહ્યું કે મેં જ તેને અહીં બોલાવ્યો હતો. આ લગ્ન મારી મરજીથી નથી થયા, મારે આ ઘરમાં નથી રહેવું, મારે મારા પ્રેમી સાથે જ રહેવું છે.

આટલું સાંભળીને લોકોને હવે સમગ્ર મામલો સમજાઈ ગયો. આ અંગે કલ્પનાને ઘણું સમજાવવામાં આવી, પરંતુ તે પ્રેમીને છોડવા તૈયાર ન થઈ. છેવટે ગામના સમાજને પણ બોલાવવામાં આવ્યો જેથી તેઓ નવવધૂને સમજાવી શકે. તેમણે પણ કલ્પનાને ખૂબ સમજાવી, પરંતુ તેના મન પર નીતિશના પ્રેમનો એવો પ્રભાવ હતો કે તે કોઈનું સાંભળવા તૈયાર ન હતી. આખરે સાસરિયાઓએ આ વાતની જાણ પોલીસને કરી. જાણ થતાં પોલીસ પહોંચી અને બંનેને પોલીસ મથકે લઈ ગઈ. પોલીસ સ્ટેશનમાં પણ કલ્પનાએ પોતાના પ્રેમી નીતિશ સાથે રહેવાની વાત કરી અને પોતાની જીદ પર અડી રહી. પ્રેમી-પ્રેમિકાના પિતાને પોલીસ મથકે બોલાવવામાં આવ્યા. દાદપુર ગામના લોકો અને સગાઓ પણ પહોંચ્યા. ઘણું સમજાવવા છતાં જ્યારે મામલો શાંત ન થયો તો લેખિત લઈને ત્રણેયને તેમના પોતપોતાના સગાઓને સોંપી દેવાયા.

### ઇસરો અને PRL જેવી અગ્રણી સ્પેસ રિસર્ચ ઓર્ગેનિઝાશન્સનું ઘર

# ગુજરાતે સેટેલાઇટ લોન્ચપેડ માટે કચ્છ અને ધોલેરાની પસંદગી કરી

## ભવિષ્યમાં કોમ્યુનિકેશન અને પૃથ્વી નિરીક્ષણ ઉપગ્રહો, અવકાશ પ્રવાસન વગેરે સહિતની અવકાશ સંશોધન પ્રવૃત્તિઓ શરૂ કરી શકાય

। (એજન્સી) અમદાવાદ,તા.૨૨ ।

રાજ્ય સરકારના મુખ્ય સૂત્રોએ જણાવ્યું હતું કે, ‘‘સરકારનો ઉદ્દેશ્ય રાજ્યમાં યોગ્ય સ્થાન પર એક લોન્ચપેડ સ્થાપિત કરવાની સુવિધા આપવાનો છે જેથી ભવિષ્યમાં કોમ્યુનિકેશન અને પૃથ્વી નિરીક્ષણ ઉપગ્રહો, અવકાશ પ્રવાસન વગેરે સહિતની અવકાશ સંશોધન પ્રવૃત્તિઓ શરૂ કરી શકાય.

ગુજરાત, જે ઈસરો અને PRL જેવી અગ્રણી સ્પેસ રિસર્ચ ઓર્ગેનિઝાશન્સનું ઘર છે, તે ગયા અઠવાડિયે જાહેર કરાયેલ સ્પેસટેક નીતિમાં જણાવ્યા મુજબ, ભવિષ્યના અવકાશ પ્રક્ષેપણ પ્રવૃત્તિઓ માટે સ્પ્રિંગબોર્ડ તરીકે કાર્ય કરવા માટે એક લોન્ચપેડ સ્થાપિત કરવા માંગે છે. રાજ્ય સરકારના ટોચના અધિકારીઓએ જણાવ્યું હતું કે કચ્છ અને ધોલેરાને લોન્ચપેડ માટે યોગ્ય સ્થળો તરીકે ઓળખવામાં આવ્યા છે.

રાજ્ય સરકારના મુખ્ય સૂત્રોએ જણાવ્યું હતું કે, ‘‘સરકારનો ઉદ્દેશ્ય રાજ્યમાં યોગ્ય સ્થાન પર એક લોન્ચપેડ સ્થાપિત કરવાની સુવિધા આપવાનો છે જેથી ભવિષ્યમાં કોમ્યુનિકેશન અને પૃથ્વી નિરીક્ષણ ઉપગ્રહો,સ્પેસ ટુરિઝમ વગેરે સહિતની અવકાશ સંશોધન પ્રવૃત્તિઓ શરૂ કરી શકાય.

વિવિધ સ્થળોના પ્રારંભિક મૂલ્યાંકન મુજબ, કચ્છ અને ધોલેરા લોન્ચપેડ સુવિધા માટે યોગ્ય સ્થાનો છે.’’સૂત્રોએ અનુસાર સેટેલાઈટ લોન્ચપેડ એક અત્યંત વિશિષ્ટ ક્ષેત્ર છે અને તેમની કામગીરી કડક નિયમો દ્વારા સંચાલિત હોવાથી, રાજ્ય સરકાર કેન્દ્ર સરકાર, ઈસરો અને અન્ય સંબંધિત રાષ્ટ્રીય સ્તરની એજન્સીઓના સીધા માર્ગદર્શન હેઠળ તમામ કામગીરી હાથ ધરશે.

ગુજરાતમાં સેટેલાઈટ લોન્ચપેડ રાખવાની સુવિધા મહત્વ મેળવે છે કારણ કે ઈન-સ્પેસી પણ અમદાવાદમાં સ્થિત છે. ઈન-સ્પેસી એ ભારત સરકારના અવકાશ વિભાગ હેઠળની એક સિંગલ-વિન્ડો સ્વાયત્ત એજન્સી છે.તે ખાનગી સંસ્થાઓને અવકાશ માળખા, લોન્ચ વાહનો અને અન્ય સંસાધનોને ઍક્સેસ કરવા માટે તેમજ તેમની પ્રવૃત્તિઓને પ્રોત્સાહન અને અધિકૃત કરીને એક માળખું પૂરું પાડીને ભારતીય અવકાશ ક્ષેત્રમાં ખાનગી ખેલાડીઓની ભાગીદારીને સરળ બનાવે છે.

‘‘ઈન-સ્પેસીએ લોન્ચપેડ પ્રોજેક્ટમાં રસ દર્શાવ્યો છે. અમે ક્ષેત્રમાં ઝડપી ગતિએ થઈ રહેલા વિકાસને ધ્યાનમાં રાખીને લોન્ચપેડ માટે અમારી નવી નીતિમાં જોગવાઈ કરી છે.

રાજ્ય સરકાર લોન્ચ પેડ વિકસાવવા માટે તમામ પ્રકારની સહાય પૂરી પાડવા આતુર છે કારણ કે તે ગુજરાતમાં અવકાશ-સંબંધિત ઉદ્યોગોને વધુ વેગ આપશે,’’ સૂત્રોએ જણાવ્યું હતું.’’નીતિમાં સેટેલાઈટ પેલોડ્સ અને ભાગોના ઉત્પાદનથી લઈને સંદેશાવ્યવહાર અને પ્રોપલ્શન સિસ્ટમ્સ, ગ્રાઉન્ડ સ્ટેશન્સ, સેટેલાઈટ કંટ્રોલ સેન્ટર્સ અને સ્પેસ-આધારિત એપ્લિકેશન ડિઝાઈન સહિત અવકાશ ક્ષેત્રની પ્રવૃત્તિઓના સમગ્ર શ્રેણી માટે નાણાકીય અને બિન-નાણાકીય સહાયની કલ્પના કરવામાં આવી છે,’’ એક અધિકારીએ જણાવ્યું હતું.

## ન્યુઝ બોક્ષ

### સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની બી.કોમની પરીક્ષામાં ચોરીનો આક્ષેપ

। (એજન્સી) રાજકોટ,તા.૨૨ ।

ગુજરાતની સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની બી.કોમની પરીક્ષામાં ચોરી થઈ હોવાની ઘટના સામે આવી છે. જેમાં અમરેલીની એક કોલેજના વિદ્યાર્થીઓના વોટ્સએપ ગ્રુપમાં પરીક્ષાના જવાબના સ્કીન શોટ વાઈરલ થયા હોવાનું સામે આવ્યું છે, ત્યારે આમ આદમી પાર્ટીની વિદ્યાર્થી પાંખ છાત્ર યુવા સંઘર્ષ સમિતિના કાર્યકર્તાઓએ અનેક સવાલો કરીને વિરોધ નોંધાવ્યો હતો. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની બી.કોમ સેમેસ્ટર ૪ની પરીક્ષાનું પેપર લીક થવાની ઘટના સામે આવી છે. આ મામલે યુનિવર્સિટીના એક વિદ્યાર્થીએ આમ આદમી પાર્ટીની વિદ્યાર્થી પાંખ છાત્ર યુવા સંઘર્ષ સમિતિના કાર્યકર્તાઓને વોટ્સએપ મેસેજના સ્કીન શોટ મોકલ્યા છે. બી.કોમની પરીક્ષાના પેપરના જવાબો, ઉત્તરવહી, સ્ક્વોડ આવે છે કે નહી તેવી વાતચીતની ચેટના સ્કીન શોટ વાઈરલ થયા હોવાનું સામે આવ્યું છે.

### ટ્રેલર ચાલકે ટોઈંગ કરીને લઈ જવાતી બોલેરોને ટક્કર મારી, એકનું મોત

। (એજન્સી) સુરત,તા.૨૨ ।

સુરતના કામરેજમાં ટ્રેલર ચાલકે ગંભીર અકસ્માત સર્જ્યો હતો. ગઈકાલે મોડી રાત્રે સુરતના કામરેજ ચાર રસ્તા નજીક ઉદ્યોગ નગર બ્રિજ પર અકસ્માત સર્જાયો હતો.ટ્રેલર ચાલકે એક બોલેરો પીક અપ,એક ક્રેન,એક પોલીસ PCR વેન અને એક ટ્રકને અડફેટે લીધા હતાં. જેમાં બોલેરો ચાલકનું મોત નીપજ્યું હતું. જ્યારે ટ્રાફિક પોલીસના બે જવાનો ઈજાગ્રસ્ત થયા હતાં. પોલીસે ટ્રેલર ચાલક સામે સાપરાધ મનુષ્યવધનો ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે. પ્રાપ્ત વિગતો પ્રમાણે ગઈકાલે મોડી રાત્રે સુરતના કામરેજ ચાર રસ્તા નજીક ઉદ્યોગ નગર બ્રિજ પર એક બોલેરો પીકઅપ બ્રેક ડાઉન થઈ હતી. જેથી તેને ખસેડવા માટે ટ્રાફિક પોલીસ અને નેશનલ હાઈવે ઓથોરિટીની ટીમ પહોંચી હતી. આ દરમિયાન પુરપાટ ઝડપે આવી રહેલા એક ટ્રેલરે એક બોલેરો પીક અપ, એક ક્રેન, એક પોલીસ પી સી આર વેન અને એક ટ્રકને અડફેટે લીધા હતાં અને સામેના ટ્રેક પર પહોંચી ગયું હતું.

### યુપીએસસી માટે અમદાવાદની સ્પીપામાં તૈયારી કરી હતી

# વડોદરાની હર્ષિતાએ UPSC માં દેશમાં બીજો ક્રમ મેળવી ઇતિહાસ રચ્યો


### યુપીએસસીની પરીક્ષામાં પણ તેણે ઝળહળથી સફળતા મેળવી પોતાનું સ્વપ્ન સાકાર કર્યું છે




। (એજન્સી) અમદાવાદ,તા.૨૨ ।

યુપીએસસીના આજે જાહેર થયેલા પરિણામમાં સમગ્ર ભારતમાં બીજો ક્રમ મેળવનાર હર્ષિતા ગોહેલ વડોદરાની રહેવાસી છે. તેણે એમ.એસ યુનિવર્સિટીની કોમર્સ ફેકલ્ટીમાંથી ૨૦૨૦ માં ડિગ્રી મેળવી હતી. સાથે સાથે વડોદરામાંથી સીએની પરીક્ષા પણ પાસ કરી હતી. યુપીએસસીની પરીક્ષામાં પણ તેણે ઝળહળથી સફળતા મેળવી પોતાનું સ્વપ્ન સાકાર કર્યું છે. વડોદરાના ગોત્રી વિસ્તારમાં રહેતી હર્ષિતા ગોહિલે યુપીએસસી માટે અમદાવાદની સ્પીપામાં તૈયારી કરી હતી. એક ઈન્ટરવ્યૂમા તેણે કહ્યું હતું કે રિઝલ્ટ જાહેર થયા પછી મને વિશ્વાસ નહોતો થતો કે મને આખા ભારતમાં બીજો ક્રમ મળ્યો છે. મારા પરિવારનું નામ રોશન કરવાનો મને ગર્વ છે. તેણે કહ્યું હતું કે મેં જ્યારે સીએની ડીગ્રી લીધી ત્યાં સુધી યુપીએસસી પરીક્ષા અંગે વિચાર્યું ન હતું. એ પછી મારા પિતાની પ્રેરણાથી મેં સિવિલ સર્વિસનો અભ્યાસ કરવાનો નક્કી કર્યું હતું. પરીક્ષામાં સફળતા માટે સાતત્ય પૂર્ણ તૈયારી જરૂરી છે. ક્યારેક એવો સમય પણ આવતો હોય છે કે જ્યારે વાંચવાનું મન ના થાય. તે વખતે આત્મવિશ્વાસ અને મનોબળ જરૂરી હોય છે. બીજાનું અનુકરણ કરવાનો કે તેની પાછળ ભાગવાનો કોઈ અર્થ નથી તમારે તમારા મનની વાત સાંભળવી જોઈએ.હર્ષિતાએ કહ્યું હતું કે મેં સોશિયલ મીડિયા બંધ નહોતું કર્યું. એવું નથી કે સોશિયલ મીડિયા મૂકતાં જ કરે છે તેના પર ઉપયોગી માહિતી પણ ઉપલબ્ધ હોય છે.

### વટવા સ્ટેશન પર રેલ્વે ટિકિટ રિઝર્વેશન સુવિધા શરૂ



। (એજન્સી) અમદાવાદ, તા.૨૨ ।

પશ્ચિમ રેલ્વે, અમદાવાદ ડિવિઝનના વટવા સ્ટેશન પર મુસાફરોની સુવિધા માટે આરક્ષિત રેલ્વે ટિકિટ મેળવવા હેતુ પેસેન્જર રિઝર્વેશન સિસ્ટમ (PRS) ની સુવિધા શરૂ કરવામાં આવી છે. વટવા સ્ટેશન પર રિઝર્વેશન સુવિધા સોમવારથી શનિવાર સવારે ૦૮:૦૦ થી ૧૨:૦૦ અને ૧૬:૦૦ થી ૨૦:૦૦ વાગ્યા સુધી ઉપલબ્ધ રહેશે અને રવિવારે આ સેવા સવારે ૦૮:૦૦ થી બપોરે ૧૪:૦૦ વાગ્યા સુધી ઉપલબ્ધ રહેશે. વટવા સ્ટેશન પર રિઝર્વેશન ટિકિટિંગ સિસ્ટમ (PRS) શરૂ થવાથી, વટવા અને તેની આસપાસના વિસ્તારોના રહેવાસીઓને ટિકિટ રિઝર્વેશન માટે મણિનગર, કાલુપુર કે અન્ય સ્ટેશનો પર જવાની જરૂર રહેશે નહીં. પશ્ચિમ રેલ્વે મુસાફરોને આ સુવિધાનો મહત્તમ લાભ લેવા અને તેમની મુસાફરીને વધુ સરળ અને અનુકૂળ બનાવવા વિનંતી કરે છે...

### દર્દીઓની હાલત અધમુઆ જેવી થઈ ગઈ હતી

# રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ૪૮ કૂલર મૂકાયા, દર્દીઓને મળી ગરમીથી રાહત

### બળબળતા તાપ વચ્ચે સિવિલના એ.સી. કે પંખા કામ નથી કરી રહ્યા જેના કારણે દર્દીઓની હાલત કફોડી થઈ ગઈ હતી

। (એજન્સી) રાજકોટ,તા.૨૨ ।

રાજકોટઃ સમગ્ર ગુજરાતમાં હિટવેવનો દૌર ચાલી રહ્યો છે. છેલ્લા ત્રણ દિવસથી રાજકોટમાં ૪૦ ડિગ્રી ઉપર તાપમાનનો પારો ધખધખી રહ્યો છે. બપોરે ૧ થી સાંજે પાંચ વાગ્યા સુધી બજારોમાં પણ કુદરતી કર્ફ્યુ લાગી જાય છે તેવા સમયે જ સૌરાષ્ટ્રની સૌથી મોટી અને આધુનિક એવી પીડીયુ સિવિલ હોસ્પિટલમાં અનેક વિભાગોમાં એ.સી. પણ કામ નથી કરી રહ્યા ત્યારે દર્દીઓની હાલત અધમુઆ જેવી થઈ ગઈ હતી.

સિવિલ હોસ્પિટલનું આખું બિલ્ડિંગ તડકાથી તપી રહ્યું છે,પરંતુ હોલમાં આકરા તાપના કારણે સિવિલમાં વીજળીનો ઉપાડ કેપેસિટી કરતા વધી જતા એ.સી.ના કેટલાક યુનિટ બંધ થઈ ગયા છે અને અમુક તો કામ પણ ઓછું કરી રહ્યા છે. તેવું જાણવા મળે છે. ત્યારે બળબળતા તાપ વચ્ચે સિવિલના એ.સી. કે પંખા કામ નથી કરી રહ્યા. જેના કારણે દર્દીઓની હાલત કફોડી થઈ ગઈ હતી.

જો કે, સિવિલ હોસ્પિટલના વહીવટી તંત્ર દ્વારા આ માટે તાબડતોબ વ્યવસ્થા કરી અલગ અલગ વોર્ડમાં કુલર મુકાવી અને ૪૭ જેટલા કુલર મૂકી દેતા સિનિયર.સિટિઝન અને બાળ દર્દીઓએ ગરમીથી છુટકારો મેળવ્યો છે.

આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખી સિવિલ હોસ્પિટલના વહીવટી તંત્રએ તાબડતોબ કાર્યવાહી કરી હતી. તંત્ર દ્વારા અલગ અલગ વોર્ડમાં ૪૭ જેટલા મોટાભાગના જેટ કુલર તાત્કાલિક મૂકી દેવામાં આવ્યા હતા. ખાસ કરીને જૂના નાગરિકો અને નાની ઉંમરના દર્દીઓ માટે આ એક રાહતરૂપ પગલું સાબિત થયું છે. રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં હિટવેવના કારણે આવનારા દિવસોમાં પણ આવું જ તાપમાન રહેવાની આગાહી છે. તંત્ર દ્વારા તાવ, ડિહાઈડ્રેશન અને હીટસ્ટ્રોકના કેસ સામે ખાસ ચેતતા રહેવા સૂચનાઓ આપવામાં આવી રહી છે.

### ખેડૂતોના હિતમાં વધુ એક મહત્વપૂર્ણ નિર્ણય

# ગુજરાત સરકારે ખેડૂતોને ખેતી વિષયક વીજ જોડાણના નિયમોમાં ફેરફાર કર્યા

। (એજન્સી) અમદાવાદ,તા.૨૨ ।

ગુજરાતના ખેડૂતોને પડતી મુશ્કેલીઓ અને તેમની માંગણીઓને રાજ્ય સરકાર દ્વારા સંતોષવામાં આવી છે. રાજ્ય સરકારે ખેડૂતોને ખેતી વિષયક વીજ જોડાણ વધુ સરળતાથી પૂરા પાડવા ઊર્જા મંત્રી કનુભાઈ દેસાઈએ ખેડૂતોના હિતમાં વધુ એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે.

હાલની જોગવાઈ મુજબ ખેતી વિષયક નવું વીજ જોડાણ મેળવવા માટે ૭-૧૨ના ઉતારામાં એક કરતા વધારે સહ માલિકના નામ હોય તો નોટરાઈઝ્ડ સ્ટેમ્પ પેપર પર સહ માલિકનું સંમતિ પત્રક મેળવવાની રહે છે. જેના કારણે ખાસ કરીને આદિજાતિ વિસ્તારોમાં વધુ વારસદારો હોવાથી આંતરિક વહેચણી કરેલી હોય પરંતુ મહેસૂલી નોંધ ન હોવાને કારણે ખેતી વિષયક નવું વીજ જોડાણ મેળવવા માટે મુશ્કેલીઓ પડતી હતી.

ખેડૂતો તેમજ આદિવાસી વિસ્તારના ધારાસભ્યઓની રજૂઆતોને ધ્યાને લઈ રાજ્ય સરકાર દ્વારા આ જોગવાઈમાં સુધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તે મુજબ હવેથી સહ માલિકના સંમતિ પત્રકને બદલે હવેથી અરજદાર દ્વારા નોટરાઈઝ્ડ સ્ટેમ્પ પેપર પર અપાયેલ સેલ્ફ ડિક્લેરેશન ગ્રાહ્ય રહેશે.

આ ઉપરાંત નિયમોમાં એક નવો સુધારો કરવામાં આવ્યો છે. જે મુજબ ૭-૧૨ના ઉતારામાં એક કરતા વધારે સહ માલિકના નામ હોય તો દરેક સહ માલિકને તે સર્વે નંબર/જમીનના ક્ષેત્રફળને ધ્યાને લીધા વગર વીજ જોડાણ આપવામાં આવશે. વીજ જોડાણ મેળવવા માટે અરજદારનું નામ ૭-૧૨ ઉતારામાં નોંધાયેલું હોવું જોઈએ, પાણીનો સ્ત્રોત/ કુવો/ બોર અલગ હોવો જોઈએ. અરજી સાથે અરજદાર દ્વારા સંપૂર્ણ જમીનનો સહભાગીદારોની અલગ સીમાઓ તથા હદબંધી દર્શાવતો સ્પષ્ટ નકશો રજૂ કરવાનો રહેશે. સહ માલિકો પોતાના નામે એક સર્વે નંબરમાં માત્ર એક જ વીજ જોડાણ મેળવવા પાત્ર રહેશે.

# વડાપ્રધાન ૨૪મી એપ્રિલે સહરસા-લોકમાન્ય તિલક ટર્મિનસ વર્ઝન ૨.૦ અમૃત ભારતનું ઉદ્ઘાટન કરશે

। અમદાવાદ, તા.૨૨ ।

હવે બિહારના લોકો કહેશે - આ અમૃત ભારત છે! ભારતીય રેલ્વે સામાન્ય માણસની ટ્રેન છે - અને આ જ તેની સૌથી મોટી તાકાત પણ છે. તમામ વર્ગોના મુસાફરોને વધુ સારો, સુરક્ષિત અને અનુકૂળ મુસાફરી અનુભવ પ્રદાન કરવાની પોતાની પ્રતિબદ્ધતાને આગળ ધપાવતા, ભારતીય રેલ્વે હવે અત્યાધુનિક છતાં આર્થિક રીતે વ્યાજબી ટ્રેનોની નવી શ્રેણી શરૂ કરી રહી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વિઝનને અનુરૂપ, ‘અમૃત ભારત ટ્રેન’ યોજના આ વિચારનું વિસ્તરણ છે - એક એવી ટ્રેન સેવા જે નોન-એસી હોઈ શકે છે, પરંતુ સુવિધાઓની દ્રષ્ટિએ એસી કે સુપરફાસ્ટ ટ્રેનથી ઓછી નથી. ભારતીય રેલ્વે આગામી ત્રણ વર્ષમાં ૧૦૦ ‘અમૃત ભારત ટ્રેનો’ ચલાવવાની યોજના બનાવી રહી છે. જે આ દિશામાં એક ઐતિહાસિક પગલું છે. માત્ર ૪૫ પૈસા પ્રતિ કિલોમીટરના ઓછામાં ઓછા ભાડામાં સુપરક્લાસ અનુભવ - આ ‘અમૃત ભારત’નું વિઝન છે. ૨૪ એપ્રિલ, ૨૦૨૫ ના રોજ, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી સહરસાથી લોકમાન્ય તિલક ટર્મિનસ, મુંબઈ સુધીની દેશની ત્રીજી અમૃત ભારત ટ્રેનને લીલી ઝંડી આપશે. આ સાથે, બિહારને બે અમૃત ભારત ટ્રેનની ભેટ મળશે. હાલમાં અમૃત ભારત ટ્રેનો દરભંગા-આનંદ વિહાર અને માલદા ટાઉન-એસએમવીટી બેંગલુરુ વચ્ચે સફળતાપૂર્વક દોડી રહી છે. હવે સહરસાને મુંબઈ સાથે જોડતી આ નવી ટ્રેનને વર્ઝન ૨.૦ માં અપગ્રેડ કરવામાં આવી છે, અને તે બિહાર, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ અને મહારાષ્ટ્રના મુસાફરોને એકસાથે જોડશે.

સંસ્કરણ ૨.૦ ખાસ છે

તે અગાઉ બનેલા બે અમૃત ભારત ટ્રેન સેટ કરતાં વધુ અદ્યતન છે. મુસાફરોની સુરક્ષા અને સુવિધા માટે તેમાં ઘણી નવી સુવિધાઓ ઉમેરવામાં આવી છે. સલામતીના હેતુથી પહેલી વાર ફાયર ડિટેક્શન સિસ્ટમ સ્થાપિત કરવામાં આવી છે. યોગ્ય સમયે ગિયર્સ અને વ્હીલ્સનું નિરીક્ષણ કરવા માટે ઓનબોર્ડ કન્ડીશનીંગ મોનિટરિંગ સિસ્ટમ ઈન્સ્ટોલ કરવામાં આવી છે.

# પોતાની ક્ષમતા પર શંકા કરવી આસાન છે પણ હું કરતો નથી : રોહિત

। અમદાવાદ, તા.૨૨ ।

ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન રોહિત શર્મા પાસેથી આક્રમક બેટિંગની અપેક્ષા રખાતી હોય છે પરંતુ આઈપીએલની વર્તમાન સિઝનમાં તે હજી સુધી ખાસ નોંધપાત્ર પ્રદર્શન કરી શક્યો ન હતો ત્યારે તેણે રવિવારે રમાયેલી ચેન્નાઈ સુપર કિંગ્સ સામેની મેચમાં શાનદાર અણનમ ૭૬ રન ફટકારીને મુંબઈ ઈન્ડિયન્સના વિજયમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. આમ તેણે આ મેચ દ્વારા પોતાનું ફોર્મ પરત મેળવીને પોતાની ક્ષમતા પણ પુરવાર કરી દીધી હતી. પ્લેયર ઓફ ધ મેચ જાહેર થયેલા રોહિત શર્માએ તેની ૪૫ બોલની ઈનિંગ્સમાં છ સિક્સર ઉપરાંત ચાર ચોગ્ગા પણ ફટકાર્યા હતા. જેને કારણે મુંબઈ ઈન્ડિયન્સે નવ વિકેટે મેચ જીતી હતી. વર્તમાન સિઝનમાં રોહિત શર્માની આ પ્રથમ અડધી સદી હતી. અગાઉ તેનો સ્કોર ઉત્તરોત્તર વધતો હતો જેમાં ૦,૮,૧૩,૧૭,૧૮, અને ૨૬ રનના સ્કોરનો સમાવેશ થતો હતો.મેચ બાદ રોહિત શર્માએ જણાવ્યું હતું કે લાંબા સમયથી રમતા રહેવાને કારણે તમારી જાત પર કે ક્ષમતા પર શંકા કરવી આસાન છે અને તમે અખતરા કરતા થઈ જાઓ છો પરંતુ મેં તેમ કર્યું ન હતું. મારા માટે સારી રીતે પ્રેક્ટિસ કરવી મહત્વની હતી. મારા માટે સારી રીતે બોલને હિટ કરવો જરૂરી હતું. જ્યારે તમે તમારા દિમાગથી સ્પષ્ટ હશો ત્યારે આ પ્રકારની બેટિંગ કરી શકશો. તેણે ઉમેર્યું હતું કે જ્યારે ખેલાડી પોતાની ક્ષમતા પર શંકા કરવાની શરૂ કરી દે ત્યારે દબાણ તો ચોક્કસ વધવાનું જ છે. થોડા સમયથી મોટી ઈનિંગ્સ આવતી ન હતી પરંતુ તે માટે તમે તમારી જાત પર કે ક્ષમતા પર શંકા કરતા થઈ જશો તો તમારી જાત પર દબાણ આવી જશે. તમારી રમતને બેલેન્સ કરવી તે જ મહત્વની બાબત છે. આજે મેં મારી રમતની સ્ટાઈલને બેલેન્સ કરી હતી અને તેને પરિણામે સ્કોર થઈ શક્યો હતો.મુંબઈના વાનખેડે સ્ટેડિયમ ખાતે રોહિત શર્મા ઘણી મેચો રમ્યો છે અને તેની કારકિર્દીનું મોટા ભાગનું ક્રિકેટ અહીં રમાયું છે ત્યારે આ ઐતિહાસિક સ્ટેડિયમના એક સ્ટેન્ડને રોહિત શર્માનું નામ આપવામાં આવ્યું છે. આ અંગે રોહિતે જણાવ્યું હતું કે મારા માટે આ સૌથી મોટો સત્કાર છે. આ ઘણી મોટી બાબત છે. હું અહીં બાળક તરીકે મેચ નિહાળવા આવતો હતો. એક તબક્કે તો અમને અહીં રમવાની પણ મંજૂરી ન હતી.

# એટીએસનો ધડાકો, ૨૦૦ બોગસ લાઇસન્સને આધારે હથિયારો, કારતૂસની ખરીદી થઇ

। અમદાવાદ, તા.૨૨ ।




બોગસ લાઈસન્સના આધારે હથિયારો-કારતૂસ ખરીદીનો આંક પ્રતિદિન વધી રહ્યો છે ત્યારે ગ્રામ્ય કોર્ટમાં એટીએસએ કરેલી એફિડેવિટમાં એવો ઘટસ્ફોટ કર્યો છે કે, મુખ્ય આરોપીઓએ ગુજરાતમાં ૧૫૦થી ૨૦૦ બોગસ લાઈસન્સ અપાવ્યા હતા. જેના આધારે મોટા પાયે હથિયારો-કારતૂસની ખરીદી થઇ છે. હાલ પોલીસે જપ્ત કરેલા હથિયાર એફએસએલમાં મોકલી આપ્યા છે, પરંતુ તેનો અભિપ્રાય આવવાનો બાકી છે. બીજી તરફ મંગળવારે બોગસ હથિયાર લાઈસન્સ કૌભાંડમાં સાત આરોપીની જામીન અરજી પર સુનાવણી યોજવામાં આવશે. બોગસ લાઈસન્સના આધારે હથિયાર-કારતૂસ ખરીદી કરવાના કેસમાં ઝડપાયેલા જયેશ ઉર્ફે નનુ દેવાભાઈ સરૈયા, કનુભાઈ વનાભાઈ ગમારા, પિયુષ ઉર્ફે બલ્લુ હિરાભાઈ દેસાઈ, સતિષ મોહનભાઈ ગમારા, રમેશભાઈ કુંવરાભાઈ વરુ, અશોક રમેશભાઈ કલોત્રા અને ઉમેશ ઉર્ફે બાબુ ડાહ્યાભાઈ આલે જામીન મેળવવા અરજી કરી છે. જેમાં તેમના એડવોકેટ જગત વી. પટેલ અને નિસાર વૈદ્યે એવી રજૂઆત કરી છે કે, અમે કોઈ જ હથિયાર લાઈસન્સ બનાવ્યા નથી, અમને ખોટી રીતે સંડોવી દેવામાં આવ્યા છે, અમે કોઈ જ સરકારી દસ્તાવેજ બોગસ રીતે બનાવ્યો નથી કે ક્યાંય રજૂ કર્યો નથી, અમને તો હથિયાર લાઈસન્સ બોગસ હોવાની પણ જાણ ન હતી, અમને જેમને લાઈસન્સ અપાવ્યા તેમણે તે ઓરિજનલ અને માન્ય હોવાનું કહી આપ્યા છે. આમ, અમે આરોપી નહીં, પરંતુ ભોગ બનનાર છીએ, અમે નિર્દોષ છીએ અને ક્યાંય નાસી કે ભાગી જઈએ તેમ નથી, કોર્ટ જામીન આપે તો તમામ શરતોનું પાલન કરવા તૈયાર છીએ. તેથી જામીન મુક્ત કરવા જોઈએ. બીજી તરફ એટીએસએ કરેલી એફિડેવિટમાં એવી રજૂઆત કરી છે કે, જયેશ સરૈયા, કનુભાઈ ગમારા, પિયુષ દેસાઈ અને સતીષ ગમારાને મુકેશ રણછોડભાઈ બામ્ભાએ ૧૦-૧૦ લાખ રૂપિયા લઈ તમેન્ગલોન્ગ મણિપુરના વર્ષ ૨૦૨૫માં હથિયાર લાઈસન્સ આપ્યા હતા, પરંતુ લાઈસન્સમાં તારીખ ૨૦૧૭ની લખવામાં આવ્યું છે અને ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટનો બોગસ સ્ટેમ્પ લગાવવામાં આવ્યો છે.